સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

વાર્ષિક લવાજમ રૂ. ૧૨૫/-
ફેબ્રુઆરી, ૨૦૨૦

## વચનામૃતમાં વિજ્ઞાન:

## ભગવાન સ્વામિનારાયણની નિરાળી વિજ્ઞાન દૃષ્ટિ









## સુરતમાં મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં ચેતનવંતા સત્સંગ કાર્યક્રમો

સૂર્યપુત્રી તાપી નદીના તટે સુરત ખાતે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના તા. ૨૪-૧૨-૨૦૧૯ થી તા. ૨૬-૧-૨૦૨૦ સુધીના નિવાસ દરમ્યાન નિત્ય સવાર-સાંજ ભક્તિ અને સત્સંગના ચેતનવંતા કાર્યક્રમોની હારમાળા રચાઈ હતી. બાળકો-યુવાનોની વિવિધ પ્રસ્તુતિઓ વચ્ચે સ્વામીશ્રીના સાંનિધ્ય અને આશીર્વચનની જ્યોતિ સૌમાં પ્રેરણાના દીપ પ્રગટાવતી હતી. તેમાંય બાળકોએ પ્રસ્તુત કરેલ અક્ષરપુરુષોત્તમ દર્શન ગાન અને મહાપૂજા તેમજ યુવાનોના જ્યોત કાર્યક્રમ વેળાએ સ્વામીશ્રીએ વરસાવેલી પ્રસન્નતા સૌ માટે જીવનનું અવિસ્મરણીય ભાથું બની રહી. સુરત ખાતેની એ સ્મરણીય પળોની કેટલીક સ્મૃતિછબિઓ...



# ભગવાન સ્વામિનારાયણનાં વચનામૃતોની અદ્વિતીયતા...



ક્રમિકા


૪. વચનામૃત નિદિધ્યાસન
– પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ

૬. વચનામૃત ચિંતન
– શ્રી હર્ષદરાય ટી. દવે

૮. વચનામૃત ગ્રંથનાં શીર્ષકો
– સાધુ શ્રુતિપ્રકાશદાસ

૧૬. ભગવાન સ્વામિનારાયણ એક મહાન વૈજ્ઞાનિક
– સાધુ આદર્શજીવનદાસ

૨૨. વચનામૃતમાં દૃષ્ટાંત-બોધ
– ડૉ. વ્રજલાલ પી. પટેલ

૨૮. સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

૩૭. નૂતન મંદિરોમાં ઊજવાયા મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો

૪૦. અખિલ ભારતીય પ્રાચ્ય વિદ્યા સંમેલનમાં અક્ષરપુરુષોત્તમ દર્શનનો ઉદ્‌ઘોષ

૪૨. મહેસાણા ખાતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો ઊજવાયો રજત જયંતી મહોત્સવ

૪૪. ભાવનગરના યુવકોની યુવાશિબિર

૪૮. અક્ષરવાસ

૫૦. વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ અંગેની જાહેરાત


‘સહજાનંદ સ્વામીના વચનામૃતનો સંગ્રહ,
એ તો ગુજરાતી ભાષાનું એક રત્ન છે.
સાધનદશામાં આધ્યાત્મિક અને વિચારમય જીવન ગાળવા ઇચ્છનારને
ગુજરાતી ભાષામાં આવું પુસ્તક વિચાર્યા વિના ભાગ્યે જ ચાલે એમ મને લાગે છે.
એ પુસ્તકનું મનન અને નિદિધ્યાસન કરી
એના સિદ્ધાંતો અને ઉપદેશોને જીવનમાં ઉતારવા પ્રયત્ન કરનાર,
ચડ્યા વિના રહે જ નહીં. આધ્યાત્મિક સિદ્ધાંતોના રહસ્યથી
અને તેનો સાક્ષાત્કાર કરવા માટે વ્યાવહારિક સૂચનોથી ભરપૂર
આટલું નાનકડું પુસ્તક ભાગ્યે જ બીજું છે.
તે વખતના ગુજરાતી ગદ્યનો એ ઉત્તમમાં ઉત્તમ નમૂનો છે.
એની ભાષા બહુ મુદ્દાસર, ટૂંકી, એક જ અર્થ દર્શાવનારી,
થોડું ભણેલાને સ્પષ્ટ કરે એવાં દૃષ્ટાંતોવાળી છે.
એમાં કોઈ ઠેકાણે ભ્રમકારક, સંશયાત્મક કે મોળી વાત જોવામાં નહીં આવે.
એમાં ઠેકાણે ઠેકાણે એ વચનોના કહેનારનો સ્વાનુભવ પ્રત્યક્ષ થાય છે.’
મેં એવો આક્ષેપ મુકાયેલો સાંભળ્યો છે કે
સ્વામિનારાયણ ધર્મમાં ઊંડું રહસ્ય નથી.
એ કેવળ જ્ઞાન વિનાના સદાચારીઓનો પંથ છે. પુષ્ટિ-માર્ગનો કે
બીજા કોઈ વૈષ્ણવ પંથનો એ એક ફાંટો જ છે,
પણ તેનો સ્વતંત્ર પક્ષ કે સિદ્ધાંત નથી. આ આક્ષેપ કેવળ સંપ્રદાય વિષેના
અજ્ઞાનથી મુકાયેલો છે,
એ હું બતાવવા ઇચ્છું છું.’



**– કિશોરલાલ મશરૂવાળા** (પ્રખર ગાંધીવાદી ચિંતક)

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



ગુણાતીતોऽक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः।
जनो जानन्निदं सत्यं, मुच्यते भवबन्धनात्॥


## સ્વામિનારાયણ પ્રકાશ

**વર્ષ : ૮૨, અંક : ૨,**
**ફેબ્રુઆરી, ૨૦૨૦**

**સંસ્થાપક:** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક ‘સ્વામિનારાયણ પ્રકાશ’ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક ‘સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા’ ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી ‘સ્વામિનારાયણ પ્રકાશ’માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**
**સંસ્થાપક :** બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી
**પ્રકાશક** : સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપક:** સાધુ નિખિલેશદાસ
**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)

**લેખો અંગે પત્રવ્યવહાર:**
**prakash@in.baps.org**
**‘પ્રકાશ-પત્રિકા’ સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહાર:**
**magazines@in.baps.org**
**‘પ્રકાશ-પત્રિકા’ લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ,**
**અમદાવાદ - ૩૮૦ ૦૦૪.**

**Website:**
**www.baps.org**
**magazines.baps.org**

વચનામૃત દ્વિશતાબ્દી પર્વે વચનામૃત નિદિધ્યાસન -

**પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની કલમે.**

# કાચા નહીં, પાકા માટલા જેવા

# પાકા ભક્ત થઈએ



કુંભાર માટલાં ઘડે છે, તેને નિભાડામાં પકાવે છે. પછી તેમાં પાણી ટકે છે. કાચાં માટલાં હજાર હોય, પરંતુ શું કામના? એક જ માટલું પાકેલું હોય તો તે પાણી ભરવાના કામમાં આવે છે. કારણ કે તે પાકું થયું છે. તેમ ભગવાનના ભક્ત તો ઘણા હોય, પરંતુ પાકા હોય તે ખરા ભક્ત.

એકવાર અમે બનારસથી ટ્રેનમાં આવતા હતા. એક હરિભક્ત પીવાના પાણી માટે બે માટલાં ભરીને ટ્રેનમાં મૂકી ગયા. થોડી જ વારમાં એક માટલું ફસક્યું અને ડબામાં પાણી-પાણી થઈ ગયું. બધા હેરાન થયા. એ સાફ કર્યું ત્યાં બીજું ફસક્યું. કારણ કે નિભાડામાં માટલાં પાકાં નહોતાં થયાં.

ભોજનમાં રોટલી કાચી હોય, ભાત કાચો હોય તે આપણને રુચતું નથી. આપણે તેને સ્વીકારતા જ નથી, ફેંકી દઈએ છીએ.

ભગવાનનો ભક્ત પણ બધી રીતે પાકો થાય તો તેમાં ભગવાન વસે છે. શ્રીજીમહારાજે આ પૃથ્વી પર પધારીને પોતાના ભક્તોને પાકા થવાની જ વાતો ઠેર-ઠેર કરી છે. આપણે સેવા-પ્રવૃત્તિ, સત્સંગ બધું કરીએ છીએ, પણ પાકા કેમ થવાય તેના પર નજર રાખવાની છે.

સત્સંગની સમજણ દૃઢ થઈ છે કે નહીં તે પ્રસંગ પડે, કસોટી થાય ત્યારે જ ખબર પડે. જેમ વિદ્યાર્થી આખું વરસ ભણે, પણ પરીક્ષા લેવાય પછી જ તેની વિદ્યાની ખબર પડે, તેમ ભક્તની સમજણ પ્રસંગ પડે અને તેમાં લેશમાત્ર વિચલિત ન થાય ત્યારે પરખાય છે. કેટલાક સત્સંગમાં આવે પણ જરા અપમાન થયું કે ઉદાસ થઈ જાય, નિરાશા વ્યાપી જાય, સત્સંગ મૂકી દે. એ પાકા ભક્ત ન કહેવાય.

એવા પાકા હરિભક્તની વ્યાખ્યા કરતા શ્રીજીમહારાજ નિયમ, નિશ્ચય અને પક્ષની વાત કરે છે. જેને ભગવાન


અને ગુરુનો દૃઢ નિશ્ચય હોય, દૃઢ નિયમ હોય, પક્ષ હોય તેનો સત્સંગમાં ચડતો ને ચડતો જ રંગ રહે છે.

શ્રીજીમહારાજ કહેતા કે અમે સત્સંગમાં આવ્યા ત્યારે મુક્તાનંદ સ્વામીને જોયેલા તે આજ દિન સુધી એમનો ચડતો ને ચડતો રંગ છે, પણ મોળો પડતો નથી. એવી જ રીતે શ્રીજીમહારાજ શુકાનંદ સ્વામી માટે પણ કહેતા.

પાકા થવા માટે અંતર્દૃષ્ટિ કરવી પડે. અંતરનો કેમેરા શોધાયો નથી નહીંતર એ તંત્ર આટલું ગાફલ ન રહે. આપણે જે કરીએ તેની પ્રામાણિકપણે તપાસ કરીએ, આપણું પ્રશ્નપત્ર જાતે જ કાઢીએ, જાતે જ તપાસીએ અને જાતે જ માર્ક્સ મૂકીએ. જાત પર પ્રામાણિક રહીએ. હું જે કરું છું તેનાથી મહારાજ-સ્વામી રાજી છે? પ્રસન્ન છે? તપાસતા રહો.

પોતાની ભૂલ નજરમાં ન આવતી હોય તો 'વચનામૃત'ને પૂછજો, 'સ્વામીની વાતો'ને પૂછજો' એ તરત જ તમને કહેશે. મોટરમાં સ્પીડોમીટર સ્પીડ બતાવે, વળી બીજા મીટર ઓઈલ/પેટ્રોલ કેટલું છે તે પણ બતાવે છે. એમ 'વચનામૃત' અને 'સ્વામીની વાતો' આપણા જીવનનાં મીટર છે. પણ આપણે જાતે તપાસ કરવી પડે છે.

સત્સંગમાં પચ્ચીસ વર્ષ જાય તો પણ ખપ ન જાગે તો વાંક કોનો? આપણો જ વાંક છે. મોટરચાલક સતત જોતો રહેશે. થોડી પણ રસ્તા બહાર ન જાય તેનું જાણપણું રાખે છે. તેમ આપણે જોતા રહેવું - શ્રીજીમહારાજ અને સ્વામીશ્રીની પ્રસન્નતા બહારનું તો કશું થતું નથી ને!



સત્સંગમાં જે કંઈ કરીએ તે ભગવાનની પ્રસન્નતા માટે કરીએ. એ આપણા ઉપર કેમ પ્રસન્ન નહીં થાય? તે તો રાજી થવા જ બેઠા છે. યોગીજી મહારાજ એક ગામમાં પધાર્યા હતા. પૂરતી સુવિધા હતી નહીં તેમ છતાં હરિભક્તોનો ખૂબ ભાવ હતો તેથી બાપાએ ખૂબ સુખ આપ્યું. વિદાય વેળાએ હરિભક્તો રડી પડ્યા. એમ કે અમે તમારી સુવિધા સાચવી ન શક્યા. યોગીજી મહારાજ કહે: 'અમે તો તમને રાજી કરવા આવ્યા છીએ. તમે રાજી થયા એમાં બધું આવી ગયું.' એમને તો રાજીપો આપવો જ છે, સામે જોઈતું કંઈ નથી. માત્ર શુદ્ધ ભાવ જોઈએ છે. આપણે ખાટી ગયા છીએ. સાક્ષાત્ ભગવાનના ધારક પ્રમુખસ્વામી મહારાજ મળ્યા છે. આવા ગુણાતીત સત્પુરુષ માટે થોડું પણ કરો તો રાજી થઈ જાય!

સોમાંથી સો ટકા આવે તો જ રાજી થાય એવું નથી. તમે પ્રામાણિકપણે પ્રયત્ન કરતા રહો તેમાં પણ એટલા જ રાજી છે. શ્રીજીમહારાજ ગઢડા પ્રથમના પાંચમા વચનામૃતમાં કહે છે : 'ધ્યાન કરતાં મૂર્તિ હૃદયને વિષે ન દેખાય તો પણ ધ્યાન કરવું, પણ કાયર થઈને તે ધ્યાનને મૂકી દેવું નહિ, એવી રીતના જે આગ્રહવાળા છે તેની ઉપર ભગવાનની મોટી કૃપા થાય છે અને એની ભક્તિએ કરીને ભગવાન એને વશ થઈ જાય છે.'

ભક્તની શ્રદ્ધા, અંતરનો પ્રેમ, ઉત્સાહ અને ખપ એ મૂળ વસ્તુ છે. તેમાં આવડત વગેરે ઉમેરાય તો સોનામાં સુગંધ ભળે. મૂળ અંતરનો શુદ્ધ ભાવ એ ભગવાનને ખપે છે. તેઓ આવડત પર ગયા જ નથી. આપણે ભગવાનને શું આપવાના? શરીર જ તેમણે આપ્યું છે તો! એ શરીર દ્વારા જે કંઈ કમાઈએ - એ પછી બુદ્ધિ, જ્ઞાન, શક્તિ, આવડત, ધન-દોલત બધું જ એમનું થયું. એમને આપણે આપીએ અને ગૌરવ લઈએ તે ઠીક છે, પણ એ થોડામાં રાજી થઈ જાય છે જો અહંભાવ રહિત થઈને કરીએ તો.

શ્રીજીમહારાજના અખંડ ધારક પ્રમુખસ્વામી મહારાજ આપણને મળ્યા, આપણે આપણું સર્વસ્વ તેમનાં ચરણોમાં અર્પણ કરવાની તત્પરતા દાખવીએ છીએ ત્યારે વચનામૃતના શબ્દો એ આપણા માટે દર્પણ બની રહે છે. તેનાથી ક્યાં ક્યાં ગાફલાઈ આપણને નડે છે, તેનું સ્પષ્ટ દર્શન આપણને થશે. આશ્રયમાં-નિષ્ઠામાં પાકા થવા, ભક્તિમાં-ઉપાસનામાં પાકા થવા, સેવામાં-શ્રદ્ધામાં પાકા થવા નિયમ-ધર્મમાં પાકા થવા વચનામૃત અને ગુણાતીત ગુરુઓ ને પ્રમુખસ્વામી મહારાજના પગલે ચાલીએ. તો સહેજે ભગવાન હૃદયમાં અખંડ નિવાસ કરે એવા પાકા ભક્ત થઈ જવાશે. ◆

# વચનામૃત

દ્વિ શ તા બ્દી મ હો ત્સ વ



# અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની

**વચનામૃત ચિંતન: વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૦**

■ શ્રી હર્ષદરાય ટી. દવે

અક્ષરનિવાસી ભક્તરાજ હર્ષદરાય ત્રિભોવનદાસ દવે એટલે સ્વામિનારાયણ સંપ્રદાયનું વિપુલ ઐતિહાસિક સાહિત્ય સર્જનાર સંપ્રદાયના અભિનવ વ્યાસ. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના અત્યંત કૃપાપાત્ર હર્ષદભાઈ સંપ્રદાયના રહસ્ય ગ્રંથોના એક નિરાળા મર્મજ્ઞ હતા. એક પ્રખર વિદ્વાન તરીકે જ નહીં, પરંતુ ભગવાન સ્વામિનારાયણનાં તત્ત્વજ્ઞાન અને આધ્યાત્મિક રહસ્યોના ઊંડા અભ્યાસી તરીકે તેઓ સૌના દિલમાં સ્થાન પામ્યા હતા. તેમની રોચક કલમે લખાયેલા અને 'સ્વામિનારાયણ પ્રકાશ'માં પૂર્વે પ્રકાશિત થયેલા વચનામૃતના ચિંતનાત્મક લેખોની શ્રેણીને વચનામૃત દ્વિશતાબ્દી પર્વે 'સ્વામિનારાયણ પ્રકાશ'ના પૃષ્ઠપટ પર પુનઃ માણીએ...

મનુષ્યના જીવનમાં સર્વાંગી વિકાસ કરવા જ્ઞાન અત્યંત આવશ્યક છે, અનિવાર્ય છે. તેથી જ કહ્યું છે કે Knowledge is power. Knowledge is bliss. જ્ઞાન વિના કોઈ પણ કાર્ય કરવા જતાં શક્તિ, સમય અને દ્રવ્યનો વ્યય થાય છે. જ્ઞાનમાં જેટલી કચાશ એટલો વિલંબ કાર્ય પૂર્ણ થવામાં થાય. અણધારી મુશ્કેલીઓ આવી પડે. ઘણીવાર તો તદ્દન ઊંધી જ દિશામાં ચડી જવાય. સુખને બદલે દુઃખ, શાંતિને બદલે અશાંતિ અને આનંદને બદલે ક્લેશ ઉત્પન્ન થાય. જેટલું જ્ઞાન વિશેષ એટલું કાર્ય સરળ બને, વિઘ્ન ઓછાં આવે, કાર્ય ઝડપથી થાય અને પૂર્ણ બને.

શરીરે હૃષ્ટપુષ્ટ હોય પણ જ્ઞાન વિના સવારથી સાંજ સુધી મજૂરી કરે ત્યારે માંડ પેટ પૂરતું કમાઈ શકે. કોઈ શરીરે દુર્બળ હોય પણ જો તેનું જ્ઞાન વિકાસ પામેલું હોય તો એક ક્ષણમાં મોટી કમાણી કરી લે. એક હજાર મણનો ગર્ડર અધ્ધર કરવો હોય તો કેટલા બધા મનુષ્ય જોઈએ ? પણ એક જ મનુષ્ય બુદ્ધિબળથી તૈયાર મશીનની સહાયથી તે જ પાટડાને અધ્ધર કરી શકે.

કાશ્મીરથી કન્યાકુમારી ચાલીને જતાં કેટલા દિવસો લાગે ? પણ ઍરોપ્લેન દ્વારા બે-ત્રણ કલાકમાં પહોંચી જાય. આવાં અનેક કાર્યો બુદ્ધિબળ, જ્ઞાનબળથી થયેલાં આપણે જોઈએ છીએ. જેને જ્ઞાન ન હોય એ તો અથડાયા જ કરે છે.

ભૌતિક દૃષ્ટિએ જગતની સર્વે પ્રવૃત્તિઓનો વિચાર કરનાર લખવા-વાંચવાનું કે આવાં આવાં કાર્યો કરવાનું જ્ઞાન એ જ જ્ઞાન માને છે. અને જેને આ જ્ઞાન ન હોય તેને અજ્ઞાની માને છે. વ્યાવહારિક કાર્યો સિદ્ધ કરવામાં બુદ્ધિ બરાબર દોડતી ન હોય, બોલવા-ચાલવાનો વિવેક ઓછો

હોય તો સહુ એને અજ્ઞાની સમજે, પણ પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણે અજ્ઞાનની વ્યાખ્યા જુદી જ કરી છે. એ વ્યાખ્યા તો મોટા મોટા વૈજ્ઞાનિકો, ડૉકટરો, વકીલો, ન્યાયાધીશો, મિલમાલિકો, રાજામહારાજાઓ, પ્રધાનો, કરોડપતિઓ, ઉદ્યોગપતિઓ, શાસ્ત્રના અભ્યાસીઓ, કહેવાતા તત્ત્વચિંતકો અને સમાજસેવકો, અરે ! મોટા મોટા ધર્મગુરુઓ ગણાતા હોય તે બધાયને આવરી લે છે. એ વ્યાખ્યાની દૃષ્ટિએ વિચારતાં મોટા મોટા જ્ઞાનીઓ પણ અજ્ઞાની-શિરોમણિની પંક્તિમાં મુકાઈ જાય છે.

શ્રીહરિએ આ વચનામૃતમાં પ્રશ્ન પૂછ્યો કે અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની તે કોણ છે ? તેનો ઉત્તર પણ પોતે આપતાં કહે છે, જીવ રૂપ-કુરૂપ, બાળ-યૌવન ને વૃદ્ધપણું એમ અનંત વસ્તુ જુએ છે, પણ પોતે પોતાને જોઈ શક્તો નથી. જીવ બાહ્ય પદાર્થમાંથી સુખ મેળવવા રાતદિવસ યત્ન કરે છે, પણ પોતાના સુખને ભોગવતો નથી, અને સર્વે જગતને જુએ છે પણ પોતાને જોતો નથી. શ્રીહરિ એને અજ્ઞાની કહી અટકી જતા નથી, પણ મૂર્ખમાં મૂર્ખ, નીચમાં નીચ અને ઘેલામાં ઘેલો કહી વર્ણન કરે છે.

પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણનું આ કથન પરાવાણી છે. સમાધિ ભાષા છે અને ખૂબ જ વિચાર માગી લે છે. ભૌતિક વિષયો સંબંધી ગમે તેટલું જ્ઞાન હોય, પણ પોતાના સ્વરૂપનું જ્ઞાન ન હોય તો મનુષ્ય જે જુએ છે અને જાણે છે તેને તેના સાચા સ્વરૂપમાં સમજી શકતો નથી. જીવનનું અંતિમ ધ્યેય શું તે પણ તેના ખ્યાલમાં આવતું નથી તો પછી તેને પામી તો શકે જ કેમ ? સ્વ-સ્વરૂપના અજ્ઞાનના કારણે ભૌતિક વિષયોના જ્ઞાનમાં મેળવેલી સિદ્ધિઓ ભૌતિક સમૃદ્ધિ વધારવામાં જ વાપરે છે અને એનાં સર્વે મૂલ્યાંકનો એ જ દૃષ્ટિએ કરેલાં હોય છે, પણ ભૌતિક સૃષ્ટિના મૂળમાં રહેલી દૈવી શક્તિ અને દૈવી સમૃદ્ધિનો ખ્યાલ આવી શકતો નથી.

માંગરોળમાં કબા ગાંડાને જોઈ શ્રીહરિ બોલ્યા હતા કે 'જે ભગવાન નથી ભજતા તે બધા જ ગાંડા છે.'

સફેદ દીવાલ ભૂરાં ચશ્માં પહેરનારને ભૂરી, લીલાં પહેરનારને લીલી અને લાલ પહેરનારને લાલ દેખાશે, એનું કારણ દૂષિત થયેલી દૃષ્ટિ છે. અંધારામાં દોરડી પડી હોય તે સર્પરૂપે ભાસે છે. પાણીના વાસણમાં સીધી લાકડી થોડો ખૂણો પડે તેમ મૂકવામાં આવે તો લાકડીનો પાણીની સપાટીથી નીચેનો ભાગ વાંકો થયેલો જણાય છે. રણમાં સૂર્યના પ્રકાશથી ચકચકતી રેતીમાં સરોવરની ભ્રાંતિ થઈ આવે છે. છીપ ઉપર સૂર્યનાં કિરણો પડતાં ચાંદી હોય તેવો ભાસ થાય છે. આંખના ડોળા ઘણીવાર અમુક રીતે દબાય ત્યારે એ વસ્તુ બે રૂપે દેખાય છે. આવાં આવાં અનેક કાર્યોમાં કોઈ ને કોઈ કારણે દૂષિત થયેલ દૃષ્ટિ જ છે. જેને જ્ઞાન થાય છે કે દૂષિત દૃષ્ટિને કારણે આવું બને છે, તે પોતાના નિર્ણયો લેવામાં ભૂલ ખાતો નથી.

આવું જ આત્માના સ્વરૂપના અજ્ઞાનને કારણે બને છે. મ્યાનમાં તલવાર પડી હોય તો બહારથી જોનારને એક દેખાય પણ બંને જુદી છે. મોટર ને મોટરનો ચલાવનાર ડ્રાઈવર જુદા છે. કપડાં અને કપડાંનો પહેરનાર જુદા છે, એમ દેહ અને આત્મા જુદા છે. દેહ છે તે દુઃખરૂપ અને નાશવંત છે. આત્મા સુખરૂપ અને અવિનાશી છે. પણ દેહ દેહનાં સગાંસબંધી અને પંચ વિષય જયાં સુધી સત્ય મનાય છે ત્યાં સુધી દૃષ્ટિ દૂષિત છે. દેહને સત્ય માની, દેહને પોતાનું રૂપ સમજી પ્રવૃત્તિ કરનાર બુદ્ધિશાળી (જગતની દૃષ્ટિએ કહેવાતો બુદ્ધિશાળી) જીવનનું રહસ્ય સમજવામાં ગોથાં ખાઈ જાય છે. એનાં નિર્ણયો અને અનુમાનો દૂષિત દૃષ્ટિથી થયેલાં છે એટલે સનાતન સત્ય એના હાથમાં આવતું જ નથી. ઊલટું અનેક ગૂંચવણો ઊભી થાય છે. માટે જ પૂર્વે પણ મોટા મોટા એ સ્વ-સ્વરૂપનું જ્ઞાન મેળવવા ઉપદેશ કરેલો છે. સોક્રેટિસ જેવા ગ્રીક વિદ્વાનોએ કહ્યું છેઃ 'Know thy self.'

નરસિંહ મહેતાએ કહ્યું છેઃ *'જ્યાં લગી આત્મતત્ત્વ ચિન્યો નહીં ત્યાં લગી સાધના સર્વે જૂઠી...'*

શ્રીહરિએ ગઢડા મધ્ય પ્રકરણ ૩૫ના વચનામૃતમાં કહ્યું: આત્મદર્શન થવું બહુ કઠણ છે. એવું આત્મદર્શન તો પૂર્વેના ઘણાક જન્મના સંસ્કારવાળો કોઈક વિરલો હોય તેને થાય છે. અને બીજો તો એ આત્માનો વિચાર સો વર્ષ પર્યંત કરે તોપણ આત્માનું દર્શન થાય નહીં. આવી કઠણ વાત શ્રીહરિએ આ પૃથ્વી ઉપર પ્રગટ થઈ સુગમ કરી છે. શ્રીહરિ કહે છે: 'જેને સત્સંગ થયો છે તેને તો પોતાના જીવાત્માનું દર્શન પોતાના હાથમાં જ છે.' એ સત્સંગ એટલે પ્રગટ ભગવાન અથવા ભગવત્સ્વરૂપ બનેલા ગુણાતીત સંતની ઓળખાણ, જેટલી એ ઓળખાણ થઈ છે એટલો એ આત્મદર્શી બન્યો છે અને એનું અજ્ઞાનનું આવરણ હટતું જાય છે.

આપણાં અહોભાગ્ય છે કે આપણને એવા સત્પુરુષ પરમ પૂજ્ય સ્વામીશ્રી યોગીજી મહારાજની ઓળખાણ થઈ છે, અલબત્ત, યથાર્થ ઓળખાણ તો બહુ જ થોડાને હશે પણ એ ઓળખાણ જેટલી વિશેષ થશે એટલું આપણું અજ્ઞાન જશે. અને અજ્ઞાનની-નીચ-મૂર્ખ અને ઘેલાની પંક્તિમાંથી આપણે જ્ઞાનીની પંક્તિ તરફ વળશું. આપણે સૌને આ પ્રગટ પુરુષનું જ્ઞાન પ્રાપ્ત થાય એ જ પ્રાર્થના. ◆

ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા ઉદ્બોધિત

# વચનામૃત

## ગ્રંથનાં શીર્ષકો



વચનામૃતોને સ્મૃતિમાં સંગ્રહવા માટે સંક્ષેપમાં કરેલી સ્વતંત્ર નોંધનું એક પૃષ્ઠ.

**ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રબોધેલા વચનામૃતોનાં શીર્ષકો એક અનોખો ઇતિહાસ ધરાવે છે. કથા-વિષયથી લઈને વ્યક્તિ અને ગામના નામ સુધી સંકળાયેલા શીર્ષકોની એક ઇતિહાસ યાત્રા પ્રસ્તુત છે...**

■ સાધુ શ્રુતિપ્રકાશદાસ

વિશ્વમાં તમામ ગ્રંથો કોઈ ને કોઈ શીર્ષક સાથે જોડાયેલા હોય છે. જે તે શીર્ષક વડે, તે તે શાસ્ત્ર સુપ્રસિદ્ધ થાય છે. જેમ કે, વેદો (વૈદિક સાહિત્ય અંતર્ગત સંહિતા, બ્રાહ્મણ, આરણ્યક, ઉપનિષદો); રામાયણ, મહાભારત વગેરે ઇતિહાસગ્રંથો; ભાગવત વગેરે પુરાણો; મનુ વગેરેની સ્મૃતિઓ અને સાંખ્ય વગેરે દર્શનો – આ તમામ શાસ્ત્રો શીર્ષકથી શોભે છે. તેમાં પણ મુખ્ય ગ્રંથ અને પેટા પ્રકરણોનાં શીર્ષકો, એમ પદ્ધતિ હોય છે. આ રીતને દર્શાવવાનો અહીં પ્રયત્ન છે.

વિશ્વની કોઈપણ સાહિત્યિક રચનાનો પરિચય શીર્ષકથી જ થાય છે. પછી તે કવિતા હોય, નવલિકા હોય, નવલકથા હોય કે સાંસ્કૃતિક ગ્રંથ. શીર્ષક તેનો મુગટ હોય છે. આજે આપણે ઇતિહાસગ્રંથોનાં અદ્‌ભુત શીર્ષકોની વાત કરવી છે.

આ જ રીતને અનુસરીને, પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણના ઉપદેશરૂપ વચનામૃત ગ્રંથમાં પણ પ્રત્યેક ઉપદેશમાં એક-એક શીર્ષક છે. ગુજરાતી ભાષામાં લખાયેલાં આ શીર્ષકો ખરેખર સંશોધન અને ચિંતનનો વિષય છે. વચનામૃતમાં કઈ રીતે શીર્ષકો મુકાયાં તેની અહીં રજૂઆત કરી છે. તેમ જ વચનામૃતનાં શીર્ષકોમાં રહેલી દાર્શનિક દૃષ્ટિ પણ વિહંગાવલોકનથી અહીં દર્શાવી છે. એમાં બે પ્રકાર છે – એક સર્વસામાન્ય ચિંતન પ્રમાણે, બીજી વચનામૃતના ઉદ્‌બોધક ભગવાન સ્વામિનારાયણના સિદ્ધાંત પ્રમાણે.

## વિષય પ્રવેશ

સંભવતઃ કોઈ ગ્રંથના શીર્ષક ઉપર લખાયો હોય તેવો આ પ્રથમ લેખ હશે. દાર્શનિક, સામાજિક, ઐતિહાસિક, કાવ્ય, નાટક, આરોગ્ય, શિલ્પ, વિજ્ઞાન, ભૂસ્તરશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, રાજકીય વિષયો વગેરેના ઘણા બધા લેખો લખી શકાય, પણ ગ્રંથનાં પ્રકરણોનાં મથાળાં ઉપર લખવું એ કંઈક અનોખી બાબત જણાય છે.

ગ્રંથ અને પ્રકરણનું સંપૂર્ણ ચિત્ર શીર્ષક દર્શાવે છે. શીર્ષક દ્વારા લેખકની વિદ્વત્તા તથા એના હૃદયમાં રહેલા ભાવો જણાય છે. શીર્ષક વાંચીને લોકો એ પુસ્તક વાંચવું કે નહીં એનો વિચાર કરે છે. કોઈ પણ ગ્રંથનું શીર્ષક શા માટે એવું જ છે એ કહેવું પણ સરળ નથી. શીર્ષક મુખના સ્થાને છે. આ રીત વૈદિક સાહિત્યથી આરંભી આધુનિક ઇલેક્ટ્રોનિક સાહિત્ય સુધી સમાન છે. અદ્‌ભુત છે શીર્ષકનો મહિમા!

## શીર્ષક શબ્દનો અર્થ

જેમ શરીરમાં શીર્ષ એટલે કે મસ્તકનું સ્થાન છે તેમ ગ્રંથ કે તેના પ્રકરણમાં શીર્ષકનું સ્થાન છે. કદાચ એટલે જ અંગ્રેજીમાં 'Head' સાથે સરખાવીને તેને 'Heading' અને ગુજરાતીમાં માથા પરથી 'મથાળા' તરીકે તેને ઓળખવામાં આવે છે.

## વેદો અને ઉપનિષદોમાં શીર્ષક

શીર્ષકનો ઇતિહાસ સનાતન ધર્મનાં શાસ્ત્રોમાં પ્રાચીન સમયથી જણાય છે. સૌ પ્રથમ 'વેદ' શીર્ષકનો વિચાર કરીએ. શા માટે 'વેદ' શીર્ષક આપવામાં આવ્યું? જેને મહાન સ્મૃતિકારોએ, પાણિનિ વગેરે વ્યાકરણના સૂત્રકારોએ, શંકરાચાર્ય વગેરે દાર્શનિકોએ તેમજ તમામ પ્રાચીન તથા અર્વાચીન સાહિત્યકારોએ કેટલાય સમયથી આદર કર્યો છે!

વેદનો અર્થ થાય છે જ્ઞાનરાશિ. વેદ શબ્દનો ઉદ્‌ભવ થયો છે – વિદ્ પરથી. વિદ્‌ના ઘણા અર્થો છે – જાણવું, હોવું, મેળવવું, વિચારવું, વગેરે[1]. ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ અને અથર્વવેદનાં શીર્ષકો પણ અર્થ પ્રમાણે જ છે એવું પૂર્વમીમાંસા વગેરેના ગ્રંથોમાં લખાયેલું છે. વેદનાં સૂક્તો પણ અર્થ પ્રમાણેનાં શીર્ષકોથી શોભે છે. જેમ કે પુરુષસૂક્ત, ભૂમિસૂક્ત, નાસદીય સૂક્ત વગેરે.

એવી જ રીતે ઉપનિષદોમાં પણ વિવિધ શીર્ષકો જોવા મળે છે. આ શીર્ષકોના બે પ્રકાર છે.

૧. પ્રત્યેક ઉપનિષદનાં વિવિધ રીતે રચાયેલાં શીર્ષકો.
૨. ઉપનિષદના વિષયોને બ્રહ્મવિદ્યા તરીકે ઓળખાય છે. તે બ્રહ્મવિદ્યાનાં શીર્ષકો.

---

૧. सत्तायां विद्यते ज्ञाने वेत्ति विन्ते विचारणे । विन्दते विन्दति प्राप्तौ श्यन् लुक्-श्नम् शेष्विदम् क्रमात् ॥ 'विद् सत्तायाम्' दिवादिगण 66, 'विद् ज्ञाने' अदादिः 69, 'विद् विचारणे' रुधादिः 17, 'विद् लृलाभे' तुदादि – 140, Mudgal S.G. Vaidikatva in indian philosophy and religion, Adharapatra by Sadhu Shrutiprakashdas, p. 1

ઉપનિષદોનાં વિવિધ રીતે રચાયેલાં મથાળાંની વિશેષતાઓ જુઓઃ

**૧.** ઉપનિષદના પ્રથમ શબ્દને આધારે બનેલું શીર્ષક.

- ઈશાવાસ્ય ઉપનિષદ. તેના પ્રથમ મંત્રમાં પ્રથમ શબ્દ ઈશ છે. જેમ કે – 'ઈશા વાસ્યમિદં સર્વં યત્કિઞ્ચ જગત્યાં જગત્...'
- કેનોપનિષદ. અહીં પણ પ્રથમ મંત્રમાં પ્રથમ શબ્દ કેન છે. જેમ કે – 'ॐ કેનેષિતં પતતિ પ્રેષિતં મનઃ'

**૨.** આરણ્યક શાખાને અનુસારે બનેલું શીર્ષક.

વેદની સંહિતાઓની અનેક શાખાઓ છે. તેમાંથી વર્તમાનકાળે અમુક શાખાઓ જ પ્રસિદ્ધ છે. તે શાખાની અંતર્ગત આવતું ઉપનિષદ તે-તે નામથી ઓળખાય. એવી જ રીતે વૈદિક સાહિત્યમાં આરણ્યકો પણ પ્રસિદ્ધ છે. તે આરણ્યકની અંતર્ગત આવતાં ઉપનિષદો તે-તે આરણ્યકના નામથી ઓળખાય છે.

- કૃષ્ણ યજુર્વેદની કઠ શાખાની અંતર્ગત આવતું ઉપનિષદ તે કઠોપનિષદ.
- કૃષ્ણ યજુર્વેદની તૈત્તિરીય શાખાના ૭-૯માં પ્રપાઠક રૂપ આવતું ઉપનિષદ તે તૈત્તિરીય ઉપનિષદ.
- ઋગ્વેદમાં આવતા ઐતરેય આરણ્યકનું ઉપનિષદ તે ઐતરેય ઉપનિષદ.

**૩.** પરિમાણ અનુસારે અપાયેલું શીર્ષક. જેમ કે, બૃહદારણ્યક ઉપનિષદ.

ઉપનિષદના સ્વામિનારાયણ ભાષ્યમાં જણાવ્યું છે કે 'શુક્લ યજુર્વેદની વાજસનેયી શાખાની અંતર્ગત આવતું ઉપનિષદ, આ ઉપનિષદનું અરણ્યમાં અધ્યયન થતું હોવાથી, સ્વરૂપથી પણ બીજાની અપેક્ષાએ મોટું હોવાથી, વળી, સ્વરૂપ સ્વભાવથી સૌથી મહાન અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મનું નિરૂપણ હોવાથી તેનું શીર્ષક છે – બૃહદારણ્યક ઉપનિષદ.'[૨]

**૪.** વ્યાખ્યાન અનુસારે ઉપનિષદનું શીર્ષક. જેમ કે –

- પ્રશ્નોપનિષદઃ પ્રશ્ન-ઉત્તર શૈલીમાં રચાયેલું ઉપનિષદ તે પ્રશ્નોપનિષદ. ઉપનિષદ સ્વામિનારાયણ ભાષ્યમાં જણાવ્યું છે કે સુકેશ વગેરે જિજ્ઞાસુએ પૂછેલા છ પ્રશ્નો અને તેના ઉત્તરરૂપ આ ઉપનિષદ હોવાથી એ પ્રશ્નોપનિષદ નામથી પ્રસિદ્ધ થયું.[૩]
- માંડૂક્ય ઉપનિષદઃ મંડૂક ઋષિના પુત્ર માંડૂક્યે અથવા તો મંડૂક ઋષિએ જ કહેલું હોવાથી તે ઉપનિષદ બન્યું માંડૂક્ય ઉપનિષદ. તે પણ માંડૂક્ય ઉપનિષદના ભાષ્યના પરિષ્કારમાં જણાવ્યું છે.[૪]

**૫.** ઉપનિષદમાં રહેલા અર્થને અનુસાર અપાયેલું શીર્ષકઃ

મુંડક ઉપનિષદઃ આ ઉપનિષદ બ્રહ્મવિદ્યા રૂપ મુખ્ય અર્થનું પ્રતિપાદન કરતું હોવાથી, મસ્તકના સ્થાને ગણાતું હોવાથી તે બન્યું મુંડક ઉપનિષદ. તે પણ વાત ચિંતકોએ કહી છે કે 'આ ઉપનિષદ શ્રેષ્ઠ હોવાથી, રાજાના મસ્તક સમાન હોવાથી, તેનું નામ મુંડક સંજ્ઞા પાડી છે.'[૫]

- હવે શીર્ષકની બીજી રીત અહીં જાણીએ. બ્રહ્મવિદ્યા શબ્દ દ્વારા અનેક અધ્યાત્મવિદ્યાઓ ઉપનિષદમાં વર્ણવી છે, જે ઉપનિષદના અવાંતર શીર્ષકરૂપ છે. ક્યારેક એક જ ઉપનિષદમાં અનેક હોય અને ક્યારેક એક ઉપનિષદમાં એક હોય. વેદો અનંત હોવાથી આ વિદ્યાની સંખ્યા પણ ગણી શકાતી નથી, પરંતુ બત્રીસ વિદ્યાઓ પ્રસિદ્ધ છે. તેમાંથી થોડીક અહીં નીરખીએ.
- એક જ ઉપનિષદમાં એક
  1. ઈશોપનિષદમાં ઈશાવાસ્યવિદ્યા
  2. કઠોપનિષદમાં પરમપુરુષવિદ્યા
  3. કૌષિતકી ઉપનિષદમાં પ્રતર્દનવિદ્યા
  4. મુણ્ડકોપનિષદમાં બ્રહ્મવિદ્યા
- એક જ ઉપનિષદમાં અનેક શીર્ષકઃ

જેમ કે છાન્દોગ્ય ઉપનિષદમાં એક અધ્યાયમાં એક શીર્ષક પણ છે અને અનેક પણ છે.

- એક જ અધ્યાયમાં એક –

| | |
|---|---|
| સદ્વિદ્યા | છઠ્ઠો અધ્યાય |
| ભૂમાવિદ્યા | સાતમો અધ્યાય |

- એક અધ્યાયમાં અનેક શીર્ષક –

પ્રથમ અધ્યાયમાં

| | |
|---|---|
| અન્તરાદિત્યવિદ્યા | છઠ્ઠો ખંડ ૬-૭ |
| આકાશવિદ્યા | નવમો ખંડ |
| પ્રાણવિદ્યા | દશમો ખંડ |

---

૨. બૃહદારણ્યકોપનિષત્સ્વામિનારાયણભાષ્યમ્ ૧/૧/૧

૩. ઈશાદ્યષ્ટોપનિત્સ્વામિનારાયણભાષ્યમ્, પ્રશ્નોપનિષદ્ ૧/૧

૪. 'વાયુઃ સંહિતેતિ માણ્ડૂકેયઃ' ઈતિ શ્રૂયતે। 'શૂરવીરો માણ્ડૂકેયઃ' ઈતિ નુ માણ્ડૂકેયાનામ્' ઈતિ ચ। મણ્ડૂકમહર્ષિપુત્રઃ ઈતિ बृहदारण्यकोपनिषत्स्वामिनारायणभाष्यम् ૧/૧/ તત્ર (સાયણાચાર્યકૃતા) વ્યાખ્યા કેનાદ્યુપનિષત્પુરુષસૂક્તશ્રીસૂક્તભાષ્યમ્ માણ્ડૂક્યોપનિષદ્ ૧/૧, મુણ્ડક-ઉપનિષદ્ તથા માણ્ડૂક્ય – ઉપનિષદ્, પૃ. ૨૭, Introductory Note, Māṇḍūkyopaniṣad.

૫. આ ઉપનિષત્ શ્રેષ્ઠ હોવાથી ઉપનિષદોરૂપ પ્રમાણોમાં રાજાનું મસ્તક છે તેથી આનું મુંડક એવું નામ છે.' શ્રીઉપનિષદો, ૫ અથર્વવેદીય મુણ્ડકોપનિષદ્ તાત્પર્યદીપિકા સહિત તથા 'मुण्डक' का अर्थ है – मस्तिष्क को अत्यधिक शक्ति प्रदान करने वाला और उसे अविद्या-रूपी अन्धकार से मुक्त करने वाला। – भारतकोश

ત્રીજા અધ્યાયમાં

| | |
|---|---|
| મધુવિદ્યા | ૧-૧૧ ખંડો |
| જ્યોતિર્વિદ્યા | તેરમો ખંડ |
| શાણ્ડિલ્યવિદ્યા | ચૌદમો ખંડ |

ચોથા અધ્યાયમાં

| | |
|---|---|
| સંવર્ગવિદ્યા | ૧-૩ ખંડો |
| સત્યકામવિદ્યા | ૪-૯ ખંડો |
| ઉપકોશલવિદ્યા | ૧૦-૧૪ ખંડો |
| અક્ષિવિદ્યા | પંદરમો ખંડ |

પાંચમા અધ્યાયમાં

| | |
|---|---|
| વૈશ્વાનરવિદ્યા | ૧૧-૨૪ ખંડો |

બૃહદારણ્યક ઉપનિષદમાં અવાંતર ભેદો બ્રાહ્મણ તરીકે ઓળખાય છે. એટલે બ્રહ્મવિદ્યા પણ બ્રાહ્મણ નામથી પણ પ્રસિદ્ધ થઈ છે. તેમાં ત્રીજા અધ્યાયમાં રહેલી ત્રણ વિદ્યાઓ વિશેષ પ્રસિદ્ધ થઈ છે.

૧. જે ઋષિઓએ કહી હોય તે ઋષિના નામથી -
- કૌશિતકિના પુત્ર કહોલ નામના ઋષિએ પ્રશ્ન પૂછ્યો એટલે એ કહોલ વિદ્યા અથવા કહોલ બ્રાહ્મણ

૨. જે વિદ્યામાં નિરૂપાયેલી હોય તેના ગુણોના નામથી -
- ઉદ્દાલક ઋષિએ પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં પરમાત્માના અંતર્યામીપણાનું નિરૂપણ હોવાથી અંતર્યામી બ્રાહ્મણ અથવા અંતર્યામી વિદ્યા.

૩. જે વિદ્યામાં નિરૂપાયેલા તત્ત્વોના નામથી –
- વાચક્નવી ગાર્ગીએ પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં અક્ષર તત્ત્વનું નિરૂપણ હોવાથી અક્ષરવિદ્યા અથવા અક્ષર બ્રાહ્મણ.

## શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં શીર્ષકો

મહાભારતમાં ગીતા શીર્ષક ધરાવતા આટલા ગ્રંથો મળે છેઃ વામદેવગીતા, સંપાકગીતા, ઉતથ્યગીતા, ઋષભગીતા, મંકિગીતા, બોધ્યગીતા, વિચક્ષ્નુગીતા, હારિતગીતા, વૃત્ર-ગીતા, પરાશરગીતા, હંસગીતા, અનુગીતા, શ્રીમદ્‌ભગવદ્‌-ગીતા.

આ ઉપરાંત, કૂર્મપુરાણ, ગણેશપુરાણ, દેવીભાગવત, વિષ્ણુપુરાણ, નરસિંહપુરાણ, અગ્નિપુરાણ, ભાગવતપુરાણ, યોગવાસિષ્ઠ રામાયણ વગેરે ગ્રંથોમાં અન્ય ૧૮ ગીતાઓ મળે છે. તે બધી ગીતાઓમાં અર્જુનશ્રીકૃષ્ણ-સંવાદાત્મક ગીતા જ શ્રીમદ્‌ભગવદ્‌ગીતા શીર્ષકથી પ્રસિદ્ધ છે.

આ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના પ્રત્યેક અધ્યાયનાં વિશિષ્ટ શીર્ષકો ઘણા વખતથી પ્રસિદ્ધ છે. તેમાં સામાન્યરૂપે દરેક અધ્યાયના મુખ્ય વિષયને શીર્ષકમાં સમાવીને 'યોગ' શબ્દ અંતે પ્રયોજાયો છે. ભાષ્યકારોએ આપેલાં નામોનો થોડો વિચાર કરીએ.

અર્જુનના શોકને કારણે **વિષાદયોગઃ** પ્રથમ અધ્યાય. **કર્મયોગઃ** ત્રીજો અધ્યાય, **વિભૂતિયોગઃ** દશમો અધ્યાય, **વિશ્વરૂપદર્શનયોગઃ** અગિયારમો અધ્યાય, **ભક્તિયોગઃ** બારમો અધ્યાય, **ક્ષેત્રક્ષેત્રજ્ઞ-યોગઃ** તેરમો અધ્યાય, **પુરુષોત્તમયોગઃ** પંદરમો અધ્યાય, **દૈવાસુર-સમ્પદ્વિભાગયોગઃ** સોળમો અધ્યાય, **શ્રદ્ધા-ત્રયવિભાગ-યોગઃ** સત્તરમો અધ્યાય. આ શીર્ષકો જે તે અધ્યાયના વિષયને અનુરૂપ છે અથવા શબ્દોને અનુરૂપ છે. અક્ષરબ્રહ્મના નિરૂપણથી પ્રસિદ્ધ અક્ષરબ્રહ્મયોગ એટલે કે આઠમા અધ્યાયનાં અન્ય શીર્ષકો પણ છે. જેમ કે – તારકયોગ, ધારણાયોગ, અક્ષરપરબ્રહ્મયોગ, મહાપુરુષયોગ, બ્રહ્માક્ષરનિર્દેશ વગેરે.[૬]

અમુક અધ્યાયમાં શીર્ષકો વિચારણીય છે, તેના પર જરા નજર કરીએ. સ્વામિનારાયણભાષ્યના રચયિતા ભદ્રેશદાસ સ્વામીએ ભગવદ્‌ગીતાના

| અધ્યાયઃ | અન્ય આચાર્યોએ આપેલાં શીર્ષકો | ભદ્રેશદાસ સ્વામીએ આપેલ શીર્ષકો | હેતુ |
|---|---|---|---|
| બીજો અધ્યાય | સાંખ્યયોગ | બ્રહ્મસ્થિતિયોગ | પરિણામ પ્રમાણે અને અર્થની દૃષ્ટિએ સાંખ્યયોગ દ્વારા બ્રહ્મસ્થિતિનું નિરૂપણ વિશેષ હોવાથી |
| ચોથો અધ્યાય | જ્ઞાનકર્મ-સંન્યાસયોગ અથવા બ્રહ્મયજ્ઞપ્રસંશાયોગ | અવતારયોગ | આ અધ્યાયમાં અવતારનિરૂપણ જ વિશેષ હોવાથી અને તે અધ્યાત્મ માર્ગમાં વધારે ઉપયોગી હોવાથી |
| પાંચમો અધ્યાય | સંન્યાસયોગઃ અથવા પ્રકૃતિગર્ભયોગઃ | બ્રહ્મનિર્વાણયોગ | લભન્તે બ્રહ્મનિર્વાણમૃષયઃ (૨૫) આ શ્લોક પ્રમાણે મોક્ષરૂપ પુરુષાર્થનું નિરૂપણ કરતો હોવાથી |
| છઠ્ઠો અધ્યાય | ધ્યાનયોગઃ | અભ્યાસયોગ | ધ્યાનથી સિદ્ધિનું અથવા મનના વિજય માટેના અભ્યાસનું વિશેષ નિરૂપણ હોવાથી |
| ચૌદમો અધ્યાય | ગુણત્રય-વિભાગયોગઃ | ગુણાતીતયોગ | ગુણાતીત સ્થિતિ અધ્યાત્મમાર્ગમાં ગુણત્રયવિભાગના ચિંતનથી વધારે યોગ્ય હોવાથી |
| અઢારમો અધ્યાય | મોક્ષસંન્યાસરોગઃ | શરણાગતિયોગઃ | શરણાગતિનો વિશેષ ઉપદેશ હોવાથી |

૬. સંપાદક ટિપ્પણી પૃ.૬૬, શ્રીમદ્ ભગવદ્‌ગીતા શાંકર-ભાષ્યાદ્યેકાદશ - ટીકોપેતા, ભાગ-૨.

અમુક અધ્યાયોમાં નવાં શીર્ષકો આપ્યાં છે જે અન્ય ભાષ્યકારોએ આપેલાં શીર્ષકોથી જુદાં પડે છે, એટલું જ નહીં પરંતુ વિશેષરૂપથી ગ્રંથમાં રહેલા સિદ્ધાંતને દર્શાવવા માટે યોગ્ય છે, તેને બાજુમાં મૂકેલા કોષ્ટક દ્વારા નીરખી શકશો.

### શીર્ષકોની એક અન્ય શૈલી

ગ્રંથનું નામ જે ઉપમાવાચક શબ્દોથી પડ્યું હોય તેનાં પ્રકરણોમાં પણ તેને મળતાં શીર્ષક જોવાં મળે છે. જેમ કે –

- શ્રીહરિચરિત્રામૃત સાગર, આ ગ્રંથના શીર્ષકમાં 'સાગર' શબ્દ આવે છે. એટલે પ્રત્યેક પ્રકરણનું નામ 'પૂર' પાડવામાં આવ્યું છે. અને અવાંતર અધ્યાયોનું નામ 'તરંગ' પાડવામાં આવ્યું. આમ સાગર, પૂર અને તરંગ આ ત્રિવેણી સુંદર રીતે જોવા મળે છે.
- શ્રીહરિલીલાકલ્પતરુ, આ ગ્રંથના અંતે 'તરુ' શબ્દ વૃક્ષ વાચક છે એટલે અવાંતર પ્રકરણનું નામ 'સ્કંધ' અર્થાત્ શાખા પાડવામાં આવ્યું.
- સ્વામિનારાયણસિદ્ધાંતસુધા, 'સુધા' શબ્દ અમૃત વાચક છે. અમૃત પ્રવાહી હોય એટલે અવાંતર પ્રકરણનું નામ 'ધારા' પાડવામાં આવ્યું.
- પ્રમાણરત્નાકર, રત્નાકર અર્થાત્ રત્નોનો ખજાનો, તેથી અવાંતર પ્રકરણનું નામ 'મંજૂષા' પાડવામાં આવ્યું.

### વચનામૃત પરિચય

ભગવાન સ્વામિનારાયણે ઉદ્‌બોધેલાં વચનામૃતો ગુજરાતીમાં સુપ્રસિદ્ધ છે. પ્રસિદ્ધ વિદ્વાનો આ અંગે કહે છે કે 'વચનામૃતનો ગ્રંથ ગુજરાતી ગદ્યસિદ્ધિનું શિખર છે.'[૭] 'વચનામૃત' ગુજરાતી સાહિત્યનું અંગ્રેજી અસરથી સર્વથા મુક્ત, મધ્યકાલીન ગુજરાતી ભાષા સાહિત્યના અંતિમ તબક્કાનું, પણ અર્વાચીન સાહિત્યનો અરુણોદય થવાની તૈયારી હતી એ સમયમાં પ્રતિષ્ઠિત થયેલું સીમાચિહ્ન છે.'[૮]

પ્રાચીન સમયમાં ગુજરાતી ભાષામાં પદ્ય સાહિત્ય અધિક હતું. નર્મદ ૧૮૨૮થી કર્નલ જેરબીસથી ગદ્યનો આરંભ સૂચવે છે.[૯] સ્વામિનારાયણ ભગવાન સને ૧૮૩૦માં સ્વધામ પધાર્યા તે પૂર્વે પરમહંસોએ વચનામૃતનું સંપાદન કર્યું હતું એટલે આ ગ્રંથ ગુજરાતી ગદ્યમાં શિખર સમાન છે તેમ સમય મુજબ તો અવશ્ય જણાય છે. ભગવાનના મુખારવિંદમાંથી નીકળેલાં વચનો મૃત્યુ ઉપરના વિજયરૂપ અમૃત તુલ્ય હોવાથી 'વચનામૃત' શીર્ષક પણ સાર્થક છે.

### ગુજરાતી સાહિત્યમાં શીર્ષકોનો ઇતિહાસ

ગુજરાતી ગદ્ય-પદ્ય સાહિત્યમાં ગ્રંથનાં મુખ્ય શીર્ષક મળે છે, જેમ કે મામેરું, ધીરજાખ્યાન, સતી ગીતા વગેરે. પરંતુ તે ગ્રંથના પ્રત્યેક પ્રકરણ કે અધ્યાયનાં શીર્ષક મળતાં નથી. ફક્ત પ્રકરણ કે અધ્યાય વગેરે શબ્દો પ્રયોજાય છે. તેથી એમ જણાય છે કે ગ્રંથનાં પેટા પ્રકરણો કે અધ્યાયનાં શીર્ષકનો આવિર્ભાવ ગુજરાતીમાં પાછળથી થયો હશે. ગુજરાતી ભાષામાં ગદ્ય સાહિત્યમાં શીર્ષકનો આરંભ લગભગ દલપતરામ કે નર્મદના યુગથી શરૂ થયો હોય તેમ જણાય છે. તે યુગ ભગવાન સ્વામિનારાયણના અક્ષરધામગમન પછીનો છે. તેથી વચનામૃતની હસ્તલિખિત પ્રતોમાં શીર્ષક મળતાં નથી. હા, વચનામૃતને સ્મૃતિમાં સંઘરવા માટે સંક્ષેપમાં કરેલી સ્વતંત્ર નોંધો મળે છે.

### વચનામૃતનાં શીર્ષકો

વચનામૃતના પેટા વિભાગો ૨૬૨ છે. પ્રત્યેક વચનામૃતનાં પેટા શીર્ષકો સૌથી પહેલાં ગોંડલ સ્વામિનારાયણ મંદિરના આશ્રય નીચે વિક્રમ સંવત ૨૦૦૭(સન ૧૯૫૧)માં મુદ્રિત થયેલાં. ત્યારબાદ સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદથી મુદ્રિત થયેલી વચનામૃતની અનેક આવૃત્તિમાં શીર્ષકો જોવા મળે છે. વચનામૃતનાં આ શીર્ષકો કે મથાળાંઓ પર વિમર્શ કરતાં દસ વિભાગ દૃષ્ટિગોચર થાય છે.

- જે તે વચનામૃતમાં પ્રબોધાયેલ વિષય પરથી શીર્ષકઃ
  જેમ કે – અખંડ વૃત્તિનું (ગ.પ્ર.૧)

અહીં ભગવાનની મૂર્તિમાં અખંડ મનની વૃત્તિ રાખવી એ કઠણમાં કઠણ સાધન જણાવ્યું છે. શ્રીહરિના શબ્દો જુઓઃ 'ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવી તેથી કોઈ સાધન કઠણ નથી.'

- વચનામૃતમાં આવતા બોધ પરથી શીર્ષકઃ
  - જેમ કે – દેશ વાસનાનું, અગિયાર પદવીનું. (ગ.પ્ર.૩૭)

આ વચનામૃતમાં શ્રીહરિ બાળપણમાં પોતાના સાથળમાં વાગેલા ઘાનું વર્ણન કરી દેશ-વાસનાનો બોધ આપે છે. અને ત્યારબાદ સર્વોત્તમ ભક્તનો મહિમા વર્ણવતાં ૧૧ પ્રકારનાં ફળ ભક્તને મળે છે તેમ જણાવે છે. તેને ગુણાતીતાનંદ સ્વામી વગેરે મહાન સંતો 'અગિયાર પદવી' તરીકે ઓળખાવતા. તે નીચે પ્રમાણે છે.

૧. એવા ભક્ત પર કાળ હુકમ કરી શકતો નથી.
૨. એવા ભક્ત પર કર્મનો હુકમ નથી.
૩. એવા ભક્ત પર માયાનો હુકમ નથી.

---

૭. ઉમાશંકર જોષી, ગુજરાતી ગદ્ય પ્રકારની લઢણો, સ્વામિનારાયણ સંતસાહિત્ય, પૃ.૧૪.
૮. ભોગીલાલ સાંડેસરા, અપૂર્વ ગદ્ય ગ્રંથ વચનામૃત, સ્વા. સં. સા. પૃ.૩૬.
૯. ઉમાશંકર જોષી, પૂર્વોક્ત પૃ. ૧૪.

૪. અને જો એને દંડ દેવો હોય તો ભગવાન પોતે દે છે, પણ બીજા કોઈનો એને માથે હુકમ નથી.
૫. એવી નિષ્ઠાવાળો જે સંત છે તેના પગની રજને તો અમે (ભગવાન) પણ માથે ચઢાવીએ છીએ
૬. અને તેને દુખવતા થકા મનમાં બીએ છીએ
૭. અને તેનાં દર્શનને પણ ઇચ્છીએ છીએ.
૮. તે તો જેમ નાવમાં બેસીને સમુદ્ર તરવાને ઇચ્છે એવા ડાહ્યા છે.
૯. અને એવા જે ભગવાનના સ્વરૂપના જ્ઞાનવાળા છે તે સર્વે દેહને મૂકીને ભગવાનના ધામમાં ચૈતન્યની જ મૂર્તિ થઈને ભગવાનના હજૂરમાં રહે છે.
૧૦. અને જે એવા યથાર્થ ભગવાનના ભક્ત છે તેનું દર્શન તો ભગવાનના દર્શનતુલ્ય છે.
૧૧. અને એનાં દર્શને કરીને અનંત પતિત જીવનો ઉદ્ધાર થાય છે એવા એ મોટા છે.

આ સમગ્ર વચનામૃત વાંચીએ ત્યારે આ અગિયાર પદવી સમજી શકાય. અત્રે ઉલ્લેખનીય છે કે ભગવાન સ્વામિનારાયણે કોઈ સ્થળે અગિયાર પદવી શબ્દ વાપર્યો નથી, છતાં આ વચનામૃતનું શીર્ષક તેના બોધ પરથી પ્રસિદ્ધ થયું છે.

■ એકાવન ભૂતનું ટોળું કાઢવાનું (ગ.મ.૪૫)

આ વચનામૃતમાં પણ ૫૧ ભૂત શબ્દનો શબ્દ-પ્રયોગ નથી. આ વચનામૃતમાં દર્શાવેલાં જુદાં જુદાં ૫૧ તત્ત્વોને આધારે શીર્ષક બન્યું છે. તે ૫૧ તત્ત્વો અથવા ભૂત આ મુજબ છેઃ ત્રણ ગુણ, દસ ઇન્દ્રિયો, દસ પ્રાણ, ચાર અંતઃકરણ, પંચભૂત, પંચવિષય અને ચૌદ ઇન્દ્રિયોના દેવતા

● વચનામૃતમાં પ્રયોજાયેલા શબ્દ સહ અર્થ પરથી શીર્ષકઃ

૧. એક એક અવસ્થામાં બે બે અવસ્થાનું (સા.૬)
અહીં જાગ્રત સ્વપ્ન અને સુષુપ્તિ આ ત્રણે અવસ્થાના નિરૂપણમાં એક એક અવસ્થામાં બે બે અવસ્થાઓ કેવી રીતે સમાયેલી છે તેનું અનુભવ મૂલક સુંદર નિરૂપણ છે.
૨. અન્વય-વ્યતિરેકનું (સા.૫, ગ.પ્ર.૭ અને વર.૭)
અહીં જીવ, ઈશ્વર, બ્રહ્મ અને પરબ્રહ્મના અન્વય -વ્યતિરેક લક્ષણો નિરૂપ્યાં છે.

● વચનામૃતમાં આવતા શબ્દ પરથી શીર્ષકઃ

૧. દેહ, કુસંગ અને પૂર્વ સંસ્કારનું (ગ.પ્ર.૫૮)
૨. ક્રોધી, ઈર્ષાવાળો કપટી અને માનીનું (ગ.પ્ર.૭૬) તે
૩. મન અને જીવની મિત્રતાનું (ગ.અં.૬)

ઉપરોક્ત વચનામૃતોમાં શીર્ષકમાં રહેલા વિષયો નિરૂપ્યા છે.

● વચનામૃતમાં આવતા દૃષ્ટાંત પરથી શીર્ષકઃ જેમ કે, પાણીનો ઘડો ઢોળ્યાનું, સ્થિતિનું (ગ.પ્ર.૨૩)
'જેમ પાણીનો ઘડો ભરીને એક ઠેકાણે ઢોળી આવીએ, પછી વળી બીજે દિવસ અથવા ત્રીજે દિવસ તે ઠેકાણે પાણીનો ઘડો ઢોળીએ તેણે કરીને ત્યાં પાણીનો ધરો ભરાય નહીં; કાં જે, આગલા દિવસનું જળ આગલે દિવસ સુકાઈ જાય ને પાછલા દિવસનું પાછલે દિવસ સુકાઈ જાય. અને જો આંગળી જેવી નાની જ પાણીની સેર્ય અખંડ વહેતી હોય તો મોટો પાણીનો ધરો ભરાઈ જાય. તેમ ખાતાં, પીતાં, હાલતાં, ચાલતાં તથા શુભ ક્રિયાને વિષે તથા અશુભ ક્રિયાને વિષે સર્વ કાળે ભગવાનમાં અખંડ વૃત્તિ રાખવી. પછી એવી રીતે ભગવાનમાં અખંડ વૃત્તિ રાખતાં રાખતાં એવી દૃઢ સ્થિતિ થાય છે.'

● વચનામૃતમાં પ્રશ્ન કરનાર વ્યક્તિના નામ પરથી શીર્ષકઃ જેમ કે –

૧. કાકાભાઈનું, ચોરને કાંટો વાગ્યાનું. (ગ.પ્ર.૭૦)
૨. કાનદાસજીના પ્રશ્નનું (વર.૨)
૩. ચિમનરાવજીના પ્રશ્નનું. (વર.૬)

● વચનામૃતમાં આવતા શાસ્ત્રના સંદર્ભ પરથી શીર્ષકઃ જેમ કે –

૧. 'અન્તે યા મતિઃ સા ગતિ'નું (ગ.પ્ર.૧૪)
૨. 'એકોહં બહુ સ્યામ્'નું (ગ.પ્ર.૪૧)
૩. 'વંદુના કીર્તન'નું, સંતનાં મધ્યમાં જન્મ ધરવાનું (ગ.મ.૪૮)

ઉપરોક્ત ત્રણ વચનામૃતોનાં શીર્ષકોમાં પ્રથમ શીર્ષકમાં ભગવાન સ્વામિનારાયણે અપ્રસિદ્ધ શ્રુતિનો ભાવાર્થ વચનામૃતમાં જણાવ્યો છે.

બીજા શીર્ષકમાં, છાન્દોગ્ય ઉપનિષદ(૬/૨/૩) તથા તૈત્તિરીય ઉપનિષદ(૨/૬)માં હાલ મળતા પાઠ 'તદૈક્ષત બહુસ્યાં પ્રજાયેય'ને બદલે તે સમયે ઉપલબ્ધ પાઠના આધારે નૃસિંહાનંદ સ્વામીએ આ શ્રુતિવાક્ય ટાંક્યું છે.

ત્રીજા શીર્ષકમાં, વચનામૃતના તે દિવસે પ્રેમાનંદ સ્વામીએ સ્વરચિત પદ 'વંદું સહજાનંદ રસરૂપ અનુપમ સારને રે લોલ...' ગાયું તેના પરથી મથાળું રચાયું છે.

● વચનામૃતમાં આવતા ગામના નામ પરથી શીર્ષકઃ જેમ કે –

૧. વૃંદાવન અને કાશીનું. (ગ.અં.૧૦)

● વચનામૃતમાં આવતી પ્રસંગકથાના પાત્રના નામ પરથી શીર્ષકઃ જેમ કે –

૧. કૃતઘ્ની સેવકરામનું. (ગ.પ્ર.૧૦)
૨. માંચા ભગતનું, પ્રવેશનું. (ગ.મ.૩૮)
૩. જનક રાજાની સમજણનું. (વર.૨૦)
૪. ભરતજીના આખ્યાનનું. (ગ.અં.૧૭)
૫. સીતાજીના જેવી સમજણનું. (ગ.અં.૧૧)

● શ્રીહરિ જે સ્થાન પર બેઠા હોય તેના પરથી શીર્ષકઃ જેમ કે –

૧. જારની ખાણનું. (ગ.મ.૩૫)
૨. ગંગાજળિયા કૂવાનું. (ગ.મ.૬૮)

## વચનામૃતના શીર્ષકને ઉપનિષદનાં નામો

વચનામૃત ગ્રંથ સ્વયં પરમાત્માના શ્રીમુખનો ગ્રંથ હોવાથી તે વેદ તુલ્ય પ્રમાણભૂત છે. તે વાત સેતુમાલા ટીકાના છેલ્લા મંગલાચરણમાં જણાવતાં રઘુવીરજી મહારાજ કહે છે, જેમ સત્શાસ્ત્રોમાં વેદ સૌથી અધિક પ્રામાણિક છે તેવી રીતે હરિવાક્યસુધાસિંધુ તમામ ગ્રંથોનો શિરોમણિ છે. કારણ કે એ ભગવાનના મુખકમળમાંથી નીસર્યો છે.[૧૦]

પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યે તેથી જ વચનામૃતના ભાવાનુવાદરૂપ હરિવાક્યસુધાસિંધુ ગ્રંથનાં પ્રકરણોનાં શીર્ષકમાં ઉપનિષદ શબ્દ પ્રયોજ્યો છે. જેમ કે –

| | |
|---|---|
| અખણ્ડવૃત્તિ-ઉપનિષદ્ | ગ.પ્ર.પ્ર.૧ |
| સવિકલ્પનિર્વિકલ્પનિશ્ચય-ઉપનિષદ્ | લો.પ્ર.૧૨ |
| શ્રીહરિજન્મધારણ-ઉપનિષદ્ | ગ.મ.પ્ર.૪૮ |
| નિર્વિકલ્પસમાધિ-ઉપનિષદ્ | વર.પ્ર.૧ |
| માનસીપૂજા-ઉપનિષદ્ | ગ.અં.પ્ર.૨૩ |

## વચનામૃતના શીર્ષકમાં દાર્શનિક દૃષ્ટિ

દાર્શનિક દૃષ્ટિ બે પ્રકારની સંભવે છે. (૧) સાધારણ ચિંતન દ્વારા અને (૨) સંપ્રદાયના સ્થાપકના અભિપ્રાય અને હેતુના નિરૂપણ દ્વારા. તેમાં પ્રથમ દૃષ્ટિ ઉપર જણાવેલા સંદર્ભોમાં દેખાય છે. બીજી દૃષ્ટિ માટે વિચારીએ તો ભગવદ્ ગીતામાં ભગવાન ઉચ્ચારે છે કે 'હજારો મનુષ્યમાંથી કોઈક જ સિદ્ધિ માટે પ્રયત્ન કરે છે અને સિદ્ધિ માટે પ્રયત્ન કરનારમાંથી કોઈ જ મને તત્ત્વતઃ ઓળખે છે.'[૧૧]

તે ગીતાવચન પ્રમાણે સાધારણ જનસમૂહમાં દાર્શનિક દૃષ્ટિ તો દુર્લભ હોય જ. કથા, સિદ્ધાંત, અભિપ્રાય, હેતુ વગેરેને મનમાં રાખીને દાર્શનિક દૃષ્ટિથી વચનામૃતનું શીર્ષક આપવું તે પડકારરૂપ કાર્ય છે. અહીં કેટલાંક શીર્ષકો ઉદાહરણરૂપે જણાવું છું, જેમાં ગુણાતીતાનંદ સ્વામીની પરંપરા દ્વારા સૈદ્ધાંતિક અને દાર્શનિક દૃષ્ટિ પ્રાપ્ત થાય છે.

### ૧. વચનામૃત ગઢડા પ્રથમ ૨૧

આ વચનામૃત સાધનાનું ધ્યેય જણાવે છે. તે છે ભગવાનનું અક્ષરધામ. તે અંગે જણાવે છે કે 'તે અક્ષરનાં બે સ્વરૂપ છે - એક તો નિરાકાર એકરસ ચૈતન્ય છે તેને ચિદાકાશ કહીએ, બ્રહ્મમહોલ કહીએ; અને એ અક્ષર બીજે રૂપે કરીને પુરુષોત્તમ નારાયણની સેવામાં રહે છે. અને એ અક્ષરધામને પામ્યો જે ભક્ત તે પણ અક્ષરના સાધર્મ્યપણાને પામે છે અને ભગવાનની અખંડ સેવામાં રહે છે.... માટે આપણા સત્સંગી સર્વેને તો એમ જ નિશ્ચય કરવો જે, 'આપણે પણ એ અક્ષરરૂપ જે મુક્ત તેમની પંક્તિમાં ભળવું છે અને અક્ષરધામમાં જઈને અખંડ ભગવાનની સેવામાં હજૂર રહેવું છે, પણ નાશવંત ને તુચ્છ એવું જે માયિક સુખ તેને ઇચ્છવું નથી ને એમાં કોઈ ઠેકાણે લોભાવું નથી;' એવો દૃઢ નિશ્ચય રાખીને નિરંતર ભગવાનની એકાંતિક ભક્તિ કરવી.'

અહીં અક્ષરબ્રહ્મનાં બે સ્વરૂપ નિરૂપ્યાં છે. (૧) ભગવાનના ધામરૂપે અક્ષરબ્રહ્મ તમામને ધારણ કરે છે અને (૨) સાધકોના આદર્શરૂપે અક્ષરબ્રહ્મ ભગવાનની સેવા કરે છે. ભગવાનનું ધામ પોતે જ સેવકરૂપે સેવા કરે એ નવીન વાત હોવાથી આ શીર્ષકમાં ગુણાતીતાનંદ સ્વામીની પરંપરામાં આ વચનામૃતનું શીર્ષક બન્યુંઃ

**'એકાંતિક ધર્મવાળાનું, અક્ષરનાં બે સ્વરૂપનું.'**

### ૨. વચનામૃત ગઢડા પ્રથમ ૭૧

પ્રથમ આ વચનામૃતના શબ્દો વાંચીએઃ 'ભગવાન જીવના કલ્યાણને અર્થે જ્યારે મૂર્તિ ધારણ કરે છે ત્યારે પોતાનું જે અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ અને પોતાનાં જે સર્વે ઐશ્વર્ય તે સહિત જ પધારે છે, ......માટે ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર વિરાજમાન છે એમ સમજવું અને બીજા આગળ પણ એવી રીતે વાર્તા કરવી.' (ગ.પ્ર.૭૧)

આવી રીતે ભગવાને ઉપસંહારમાં સૌને અક્ષરધામ સહિત ભગવાનનું સ્વરૂપ બિરાજે છે તે વાત કરવાની આજ્ઞા કરી છે. આ વચનામૃતમાં અન્ય ઘણા વિષયો છે, પરંતુ સિદ્ધાંતની દૃષ્ટિએ સ્વયં ભગવાન પોતે જ આદેશ આપે એ તાત્ત્વિક દૃષ્ટિએ ઘણું મહત્ત્વપૂર્ણ બને છે. તેથી ગુણાતીતાનંદ

---

૧૦. હરિવાક્યસુધાસિન્ધુઃ સર્વગ્રન્થશિરોમણિઃ ।
વિરાજતેડયં સકલસચ્છાસ્ત્રોપરિ સર્વથા ॥૧॥
સચ્છાસ્ત્રાણાં યથા વેદઃ પ્રમાણમધિકં તથા ।
ગ્રન્થોડયં સર્વથૈવાડસ્તિ હરેરાસ્યોદ્ભવત્વતઃ ॥૨॥

૧૧. મનુષ્યાણાં સહસ્રેષુ કશ્ચિદ્ યતતિ સિદ્ધયે ।
યતતામપિ સિદ્ધાનાં કશ્ચિન્માં વેત્તિ તત્ત્વતઃ ॥' (ગીતા ૭/૩)

સ્વામીની પરંપરામાં આ વચનામૃતનું શીર્ષક જોવા મળે છે:

**'ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત વિરાજે છે.'**

**૩. વચનામૃત ગઢડા મધ્ય નવમું**

આ વચનામૃતમાં ભગવાનના સ્વરૂપનું બળ રાખવાનો બોધ છે. અને તેના જ એક ભાગરૂપે ભગવાનના સ્વરૂપનો મહિમા કહેતાં શ્રીહરિ ઉચ્ચારે છે: 'તે માટે પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકારમૂર્તિ ને સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું. અને જો એમ ન જાણે ને નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય.' (ગ.મ.૯)



ચિત્રપટ્ટમ્-૧

અહીં જણાવેલ મહિમા પ્રત્યક્ષ પરબ્રહ્મ પરમાત્મા ભગવાન સ્વામિનારાયણનો છે. તેને બીજા અવતાર જેવા ન જાણવા - એ આ વચનામૃતનો મહત્ત્વપૂર્ણ આદેશ છે. આ વચનામૃતના અભિપ્રાય મુજબ, ભગવાન સ્વામિનારાયણને બીજા અવતાર જેવા જાણે તો તેમનો દ્રોહ કર્યો કહેવાય. સાધનાની બાબતે આ અત્યંત અગત્યનો સિદ્ધાંત છે. આ સિદ્ધાંતને આ વચનામૃતના શીર્ષકમાં પ્રતિબિંબિત કરવામાં આવ્યો છે:

**'સ્વરૂપનિષ્ઠાનું-અવતાર જેવા જાણે તો દ્રોહ થયાનું'**

**૪. વચનામૃત ગઢડા મધ્ય ૪૨**

આ વચનામૃતનો મુખ્ય વિષય છે - અક્ષરબ્રહ્મનું સગુણ અને નિર્ગુણપણું. ભગવાનનો મહિમા જાણવામાં અક્ષરબ્રહ્મ સેતુરૂપ છે તે કઠોપનિષદમાં કહ્યું છે. ભગવાન સ્વામિનારાયણે પણ પરમાત્માનો મહિમા જાણવા માટે ગઢડા પ્રથમ ૫૧, ૬૩, ૬૪, લોયા ૧૩, પંચાળા ૧, મધ્ય ૩ વગેરે વચનામૃતોમાં અક્ષરબ્રહ્મનો અપરિમિત મહિમા કહ્યો છે અને પરબ્રહ્મને અક્ષરાતીત એટલે કે અક્ષરબ્રહ્મથી અધિક દર્શાવીને તેમને સર્વશ્રેષ્ઠ જણાવ્યા છે. આ વચનામૃતમાં પણ શ્રીહરિ કહે છે: 'તેમ પુરુષોત્તમ ભગવાન બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે જ્યાં જેવું રૂપ પ્રકાશ્યું જોઈએ ત્યાં તેવા રૂપને અક્ષરધામમાં રહ્યા થકા પ્રકાશે છે અને પોતે તો સદાય અક્ષરધામમાં રહે છે. અને જ્યાં એ પુરુષોત્તમની મૂર્તિ છે ત્યાં જ અક્ષરધામનું મધ્ય છે.' (ગ.મ.૪૨)

ઘર કે બીજા કોઈ મકાનને ખોલવા માટે કૂંચીની જરૂર પડે તેવી રીતે અત્યંત કલ્યાણની પ્રાપ્તિ માટે, ભગવાનનો મહિમા સમજવા માટે, અક્ષરબ્રહ્મ કૂંચી સમાન છે. આથી ગુણાતીત પરંપરામાં આ વચનામૃતનું શીર્ષક મળ્યું:

**'સગુણ-નિર્ગુણપણું અક્ષરને વિષે છે - કૂંચીનું.'**

## ઉપસંહાર

આવી રીતે શીર્ષકના ઇતિહાસમાં વૈવિધ્ય અને તેમાં રહેલી દાર્શનિક દૃષ્ટિનો વિચાર કર્યો. અહીં વચનામૃતનાં શીર્ષકો ગોંડલથી પ્રકાશિત થયેલા વચનામૃતના આધારે કહ્યા છે તે પૂર્વે જણાવ્યું છે. એ ગ્રંથના મુખપૃષ્ઠ પર અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિ મુદ્રિત કરીને નીચે લખ્યું છે કે *'વચનામૃતના રહસ્ય જાણનાર અને સમજાવનાર સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી.'*[૧૨] ભગવાનનો યથાર્થ મહિમા કૂંચીરૂપ અક્ષરબ્રહ્મ સિવાય કોણ જાણે, જણાવી શકે!

સ્વામિનારાયણ અક્ષરપીઠ દ્વારા પ્રકાશિત વચનામૃતમાં ગોંડલની મુદ્રિત પ્રતનાં શીર્ષકોને અનુસરવામાં આવ્યું છે. આ સિવાય અન્ય સંસ્થાઓ દ્વારા પ્રકાશિત કરેલા વચનામૃતમાં લગભગ ક્યાંય શીર્ષક જોવાં મળતાં નથી. અનુક્રમણિકામાં એક-બે વાક્યમાં સાર લખ્યો હોય એવું જોવા મળે છે.

ભગવાન સ્વામિનારાયણના હૃદયગત અભિપ્રાયને જાણનાર અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી તમામ વચનામૃતોનું રહસ્ય જાણતા હતા અને તેમણે ભગતજી મહારાજને ૨૬૨ વચનામૃતોનો સાક્ષાત્કાર કરાવ્યો હતો. તે સમયના આચાર્ય અને સદ્‌ગુરુ સંતોએ તેનું પ્રમાણ આપ્યું છે. બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાના સ્થાપક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, ભગતજી મહારાજ પાસે ૨૬૨ વચનામૃત ભણ્યા હતા અને એ પરંપરા આ સંસ્થામાં હોવાથી આ સંસ્થા ભગવાન સ્વામિનારાયણના રહસ્ય અને સિદ્ધાંતને યથાર્થપણે અનુસરે છે. તેમ આ સંસ્થાના મુદ્રિત વચનામૃતનાં શીર્ષકોને આધારે આપણે તેની વધુ ખાતરી કરી શકીએ છીએ.

અસ્તુ.

૧૨. ચિત્રપટ્ટ-૧.

## વચનામૃતમાં વિજ્ઞાનઃ

# ભગવાન સ્વામિનારાયણ
# એક મહાન વૈજ્ઞાનિક



**ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રબોધેલા વચનામૃતોનાં કંઈક વચનોમાં આધુનિક વિજ્ઞાનની ગહન વાતો અધ્યાત્મના ઓટલે બેસીને કરાયેલી છે. ૨૦૦ વર્ષ પહેલાં શ્રીહરિએ ઉચ્ચારેલી એ અધ્યાત્મ વાતોને આજનું વિજ્ઞાન હાકારો આપતું જાય છે.**

■ સાધુ આદર્શજીવનદાસ

આજે વિજ્ઞાન ભરજુવાનીમાં મહાલી રહ્યું હોય તેવો માહોલ છે. વિજ્ઞાનની અંબાડી પર બેસીને આવી રહેલી નવી નવી શોધો દિવસે દિવસે દુનિયાને દંગ કરતી જઈ રહી છે. મનુષ્યને આકાશ અને અવકાશમાં તરતાં મૂકતાં વિમાનો અને રોકેટો; આપણા અવાજ અને અક્ષરને સેકન્ડના સોમા ભાગના ઝપાટામાં દુનિયાના ખૂણે ખૂણે પહોંચાડી દે તેવાં વીજાણુયંત્રો; રોગોનાં જીવલેણ જંતુઓને ચપટીમાં ચોળી મનુષ્યને સ્વસ્થ રાખવા કમર કસીને બેઠેલા તબીબી વિજ્ઞાનના નવા નવા આવિષ્કારો... આવું આવું ઘણું બધું આજે એક રોજિંદો ક્રમ બની ગયું છે.

પરંતુ આજથી બસ્સો વર્ષ પૂર્વે જમાનો જુદો હતો. અવિકસિત હતો. આવા સમયે ભગવાન સ્વામિનારાયણે પોતાના વિદ્વાન પરમહંસોને તથા દેશ-દેશના હરિભક્તોને ‘વચનામૃત’નું જે રસપાન કરાવ્યું હતું; તે જોતાં આજે પણ લાગે છે કે તે વચનામૃતમાં માત્ર આધ્યાત્મિકતા જ નથી, પરંતુ તેમાં વિજ્ઞાન પણ ભારોભાર ભરેલું છે. આજના વૈજ્ઞાનિકોને ભારે મથામણને અંતે જે સિદ્ધાંતો સાંપડ્યા છે તે આજથી બસ્સો વર્ષ પહેલાંના ભગવાન સ્વામિનારાયણના ઉપદેશોમાં ખુલ્લે આમ છતા થયેલા પડ્યા છે. ભગવાન સ્વામિનારાયણ પોતે આધ્યાત્મિક મહાપુરુષ હતા, તે સાથે સાથે કેટલા વૈજ્ઞાનિક પણ હતા તે આજે તેમનાં વચનામૃતો જોતાં સમજી શકાય છે. તેનાં થોડાં ઉદાહરણો અત્રે જોઈએ.

•

ભગવાન સ્વામિનારાયણ તા. ૧૩-૯-૧૮૨૦ના દિવસે વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૭માં કહે છે, ‘‘જેમ પૂનમના ચંદ્રમાનું મંડળ હોય તે અહીંથી નાની થાળી જેવું દેખાય છે, પણ જેમ જેમ એની સમીપે જાય તેમ તેમ મોટું મોટું જણાતું જાય. પછી અતિશય ઢૂંકડો જાય ત્યારે તો દૃષ્ટિ પણ પહોંચી શકે નહીં એવું મોટું જણાય...’

ભગવાન સ્વામિનારાયણે કહેલી આ વાત વિજ્ઞાનની રીતે કેટલી તથ્યસભર છે તે તેમણે આ વાત ઉચ્ચારી તેનાં ૧૪૮ વર્ષ પછી સૌને સમજાયું. કેવી રીતે? આવો તેને જોઈએ.

સન ૧૯૬૮માં ૨૧ થી ૨૭ ડિસેમ્બર દરમ્યાન અવકાશયાન એપોલો-૮માં બેસીને ત્રણ અમેરિકન અવકાશયાત્રીઓ - ફ્રેન્ક બોરમેન(ઉં.વ.-૪૦), જીમ લોવેલ(ઉં.વ.-૪૦) અને વિલિયમ એન્ડર્સ(ઉં.વ.-૩૫) ચંદ્રની નજીક પહોંચેલા. ચંદ્રની ત્રીજી ભ્રમણકક્ષામાં તેઓ ઘૂમી રહેલા ત્યારે વિલિયમ એન્ડર્સે ચંદ્રની ક્ષિતિજ પરથી ઊગતી પૃથ્વીની જગવિખ્યાત રંગીન છબિ ‘વસુધોદય’ (Earthrise) પોતાના કેમેરામાંથી ઝડપેલી. તેઓએ ચંદ્રની નજીક પહોંચીને આ છબી લેતી વખતે જે અનુભવ કર્યો તેની વાત કરતાં અમેરિકન અવકાશી સંસ્થા ‘નાસા’(NASA)ને આપેલા ટી.વી. ઈન્ટરવ્યૂમાં કહેલુંઃ ‘તે છબિ પાડતી વખતે મેં જે અનુભવ્યું તેને કારણે હું હજુ પણ આશ્ચર્યમાં ગરકાવ છું. તે આશ્ચર્યકારી અનુભવ એ હતો કે આપણી પૃથ્વી અહીંથી સાચે જ નાની દેખાય છે.’ (There are basically two messages that came to me… One of them is that the planet is quite fragile. It reminded me of a Christmas tree ornament. But the other message to me, and I don’t think this one has really sunk in yet, is that the Earth is really small.)

હવે વિલિયમ એન્ડર્સને થયેલો આ અનુભવ અને શ્રીહરિએ વચનામૃતમાં કહેલા વાક્યને સમજીએ.

તા. ૧૮ જાન્યુઆરી ૨૦૧૦ના રોજ લીસા ગાર્ડનર નામના વૈજ્ઞાનિકે જણાવ્યું કે પૃથ્વીનો વ્યાસ ૧૨,૭૫૬ કિ.મી. છે. આવડી મોટી પૃથ્વી ચંદ્રની નજીક જઈને જોતાં વૈજ્ઞાનિક વિલિયમ એન્ડર્સને નાની જણાતી હોય તો એ પણ સાચું જ છે કે ૩,૪૭૬ કિ.મી.નો વ્યાસ ધરાવતો ચંદ્ર પણ પૃથ્વી પરથી જોતાં નાનો જ જણાય. પરંતુ જેમ ચંદ્રથી પૃથ્વીની નજીક જતાં ધીમે ધીમે પૃથ્વી મોટી થતી જણાય અને પૃથ્વી પર આવતાં તો નજર પણ ન પહોંચે તેવી ૧૨,૭૫૬ કિ.મી.નો વ્યાસ ધરાવનારી મોટી જણાય, તેમ અહીંથી ૩,૪૭૬ કિ.મી.નો વ્યાસ ધરાવતો ચંદ્ર નાનો જણાય પણ જેમ જેમ તેની નજીક જઈએ તેમ તેમ મોટો થતો જાય

અને ચંદ્ર પર જતાં તો ૩,૪૭૬ કિ.મી. લાંબો-પહોળો ચંદ્ર નજર પણ ન પહોંચે તેવો મોટો જણાય.

આમ, ભગવાન સ્વામિનારાયણની વાત કેટલી વૈજ્ઞાનિક છે તે સહેજે સમજાય છે.

અમેરિકન વૈજ્ઞાનિકોએ કાઢેલું તારણ ભગવાન સ્વામિનારાયણે તેઓનાં ૧૪૮ વર્ષ પહેલાં સારંગપુર જેવા નાના ગામડાનાં ગાર-માટીના ઘરના આંગણે ઊભા રહી ઉચ્ચારેલું છે. જ્યારે ચંદ્ર માટે અનેક પરીકથાઓ અસ્તિત્વમાં હતી અને ચંદ્ર પર જવાની કોઈ કલ્પના જ માનવ-મનમાં નહોતી ત્યારે ચંદ્રની સમીપે જવાથી મળતા વાસ્તવિક દૃશ્યની શ્રીહરિએ કરેલી આ વાત કેટલી રોમાંચકારી અને વૈજ્ઞાનિક છે!

•

શ્રીહરિએ તા. ૨૫-૭-૧૮૨૯ના દિવસે વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૯માં કહ્યું છે, '...અગ્નિની જ્વાળા તથા સૂર્યનાં કિરણ તે તો જડ છે, કેમ જે તેને આંગળી અડાડીએ તો ખસે નહીં...'

ભગવાન સ્વામિનારાયણનું આ તારણ પણ ભારોભાર વૈજ્ઞાનિક છે તેની વાત કરતાં હોય તેમ વિખ્યાત વૈજ્ઞાનિક સર આઈઝેક ન્યૂટને પોતાના પ્રકાશ વિષયક મહાનિબંધમાં જણાવ્યું છે કે ''...તરંગો વચ્ચે કોઈ પદાર્થ આવતાં તે તરંગો વળી જાય છે, પરંતુ પ્રકાશનું કિરણ વચ્ચે કોઈ પદાર્થ આવે તોપણ ખસતું નથી. તે સીધી લીટીમાં જ ગતિ કરે છે...'' (Light was composed of corpuscles (particles of matter) which were emitted in all directions from a source... waves were known to bend around obstacles, while light travelled only in straight lines.)

કોઈ વૈજ્ઞાનિક ઉપકરણોની મદદ વિના; અગાઉ થઈ ગયેલાં વૈજ્ઞાનિકોનાં તારણો-અવતરણોનો અભ્યાસ કર્યા વિના પણ ભગવાન સ્વામિનારાયણે કહેલી વાત આધુનિક વિજ્ઞાન સાથે કેટલું સામ્ય ધરાવે છે તે અહીં જોઈ શકાય છે.

•

ભગવાન સ્વામિનારાયણે ૧૪-૮-૧૮૨૪ના દિવસે વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૦માં કહ્યું છે કે 'હું પૂર્વદેશમાં એક સમે નાગડા બેરાગીની જમાત ભેળો હતો; તે મને સર્વે બેરાગીએ કહ્યું જે, 'તાંદળજાની લીલી ભાજી તોડો.' ત્યારે મેં કહ્યું જે, 'એમાં તો જીવ છે તે અમે નહીં તોડીએ...'

ભગવાન સ્વામિનારાયણે ઉચ્ચારેલી આ વાત સંપૂર્ણપણે વૈજ્ઞાનિક છે તે મહાન વૈજ્ઞાનિક જગદીશચંદ્ર બોઝનાં સંશોધનોએ પુરવાર કર્યું છે.

૩૦ નવેમ્બર ૧૮૭૮માં પૂર્વ બંગાળમાં જન્મેલા જગદીશચંદ્ર બોઝે વનસ્પતિશાસ્ત્ર (Plant Physiology) વિષયક સંશોધન કરતાં ત્રણ વિખ્યાત પુસ્તકો લખ્યાં છે. (૧) ''Researches into the irritability of plants.'' (અર્થાત્ વનસ્પતિ પર થતી વિવિધ પ્રયોગોની અસર સંબંધી સંશોધનો) (૨) ''The Ascent of Sap'' (અર્થાત્ વનસ્પતિરસોનું ઊર્ધ્વીકરણ) (૩) ''The Nervous Mechanisms of Plants.'' (અર્થાત્ વનસ્પતિઓનું ચેતાતંત્ર)

આ પુસ્તકોમાં તેઓએ પુરવાર કર્યું છે કે ''વનસ્પતિઓ પણ દુઃખને અનુભવે છે અને લાગણીઓને સમજે છે. પ્રાણીઓના જેવું જ ચેતાતંત્ર હોય તે રીતે વનસ્પતિઓ પણ વિવિધ અનુભવોનો પ્રતિભાવ આપે છે. સંગીતમય વાતાવરણમાં તેઓનો વિકાસ ઝડપી બને છે અને ઘોંઘાટભર્યા વાતાવરણમાં તેઓનો વિકાસ રૂંધાય છે.'' (Plants can feel pain, understand affection... Plants responded to various stimuli as if they had nervous systems like that of animals... plants grow faster in pleasant music and their growth is retarded in noise or hard sound...) ''...આપણે માનીએ છીએ કે વનસ્પતિને આપણી જેમ દુઃખ થતું નથી. પરંતુ તે પણ દુઃખ અનુભવે છે. જે જગ્યાએ પાંદડાંને દબાવવામાં આવે તે જગ્યાના ધબકારા બંધ થઈ જાય છે. થોડીક વારમાં તે ધબકારા પુનઃ શરૂ થઈ જાય છે. અલબત્ત, આ વખતે અત્યંત ધીમી ગતિએ. અને અંતે તે ધબકારા સંપૂર્ણ બંધ થઈ જાય છે. વનસ્પતિ માટે તે ભાગ હવે નિર્જીવ થઈ જાય છે...'' (We feel that the plant does not suffer like us. But the plant does suffer. In fact the pulsation of the plant stops where the leaf was plucked. In a short time the pulsation again begins at the spot, but this time very slowly. And then it completely stops. That spot is as good as dead for the plant...)

શ્રી જગદીશચંદ્ર બોઝે વનસ્પતિ પર થતી આ અસરો તપાસવા ક્રેસ્કોગ્રાફ (Crescograph) નામનું નવું સાધન વિકસાવ્યું હતું. તેના દ્વારા તેઓએ પુરવાર કર્યું કે વનસ્પતિમાં પણ જીવ છે. તેઓએ કરેલા આ સંબંધી પ્રયોગોની નોંધ સન ૧૯૩૦માં રોયલ સોસાયટી, લંડન દ્વારા પ્રકાશિત

'Philosophical Transactions'(તાત્ત્વિક આદાન-પ્રદાન)માં આ રીતે ઉલ્લેખ પામેલી કે, 'All the characteristics of the responses exhibited by the animal tissues, were also found in those of the plant...' (પ્રાણીઓના કોષો દ્વારા જે વિવિધ પ્રતિભાવો દર્શાય છે તે સઘળા પ્રતિભાવો વનસ્પતિના કોષોમાં પણ જણાય છે.)

શ્રી જગદીશચંદ્ર બોઝની આ વાતની સત્યતા વૈજ્ઞાનિકો હેન્રી હોરેશિયો ડિક્સન અને જ્હોન જોલીએ (Dixon & Joly) tension-cohesion theory દ્વારા સન ૧૮૯૪માં પુરવાર કરી. વૈજ્ઞાનિક કેની (Canny) દ્વારા અપાયેલી 'CP theory' દ્વારા સન ૧૯૯૫માં શ્રી જગદીશચંદ્ર બોઝની આ વાતની સત્યતા પુરવાર થઈ. સન ૧૯૯૨માં વૈજ્ઞાનિક વિલ્ડન(Wildon) દ્વારા પણ શ્રી જગદીશચંદ્ર બોઝનું સંશોધન સત્ય પુરવાર થયું.

ઉપરોક્ત વૈજ્ઞાનિક તારણોના આધારે સમજાય છે કે ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં કરેલી 'વનસ્પતિમાં જીવ છે' એ વાત સો ટકા વિજ્ઞાનસંમત છે. આ સંશોધન આપનાર વૈજ્ઞાનિકના જન્મને ૫૪ વર્ષની વાર હતી ત્યારે શ્રીહરિ તે વૈજ્ઞાનિક સિદ્ધાંત ઉચ્ચારી ગયા છે, કોઈ પ્રયોગો કે ઉપકરણોની મદદ વિના!

•

ભૌતિક વિજ્ઞાનમાં એવું મનાતું હતું કે અણુ એ અંતિમ ઘન તત્ત્વ છે. કોઈ વસ્તુને તમે તોડતા જ જાઓ, તોડતા જ જાઓ તો છેલ્લે અણુએ પહોંચો. તે ન તૂટે. તે અંતિમ ઘન તત્ત્વ. (Ultimate solid entity)

ડિમોક્રીટસ (Democritus) નામના ગ્રીક તત્ત્વચિંતકે (સન પૂર્વે ૪૬૦ થી ૩૭૦) જણાવેલું કે 'દરેક પદાર્થ અણુ નામના સૂક્ષ્મ અને તોડી ન શકાય તેવા કણોનો બનેલ છે...' (All matter was made of small, unbreakable particles called atoms which means unbreakable...)

જ્હોન ડાલ્ટન નામના અંગ્રેજ વૈજ્ઞાનિકે (સન ૧૭૬૬ થી ૧૮૪૪) પણ આ જ વાત કરતાં કહ્યું કે 'અણુઓ ઘન ગોળા છે... અણુઓ તોડી ન શકાય તેવા છે.' (Atoms were solid spheres...atoms were indivisible and indestructible...)

પરંતુ ભૌતિક વિજ્ઞાનની આ માન્યતા ખોટી પુરવાર થઈ સન ૧૯૧૧માં. આ વર્ષે લોર્ડ રધરફોર્ડ નામના ન્યુઝીલેન્ડના વૈજ્ઞાનિકે (સન ૧૮૭૧ થી ૧૯૩૭) પ્રયોગો દ્વારા પુરવાર કર્યું કે અણુ એ અંતિમ ઘન તત્ત્વ નથી. એટલું જ નહીં, જે અણુને અંતિમ ઘન તત્ત્વ તરીકે સ્વીકારવામાં આવ્યો છે એ તો નર્યા આકાશ(Space)થી ભરેલો છે.

લોર્ડ રધરફોર્ડે ફ્લોરોસન્ટ સ્ક્રીનથી આવૃત્ત એવા સોનાનાં બારિક પતરાં પર આલ્ફા કણોનો પ્રક્ષેપ કર્યો. આ પ્રયોગ પરથી જાણવા મળ્યું કે મોટા ભાગના આલ્ફા કણો, વચ્ચે જાણે કોઈ અવરોધ જ નથી તે રીતે સહેજ પણ વિચલિત થયા વિના તે સોનાના અણુમાંથી પસાર થઈ ગયા! (Where most of the Alpha particles passed right through the gold atoms as if they were not there...) મોટા ભાગના કણો વિચલન પામ્યા વિના આરપાર નીકળી ગયા તે પરથી તારણ નીકળ્યું કે અણુ એ મહદંશે એક ખાલી જગ્યા જ છે. અણુમાં જે કાંઈ થોડું-ઘણું ઘનપણું છે તે એક નાનકડા ભાગમાં છે. તેને ન્યૂક્લિઅસ નામ આપ્યું.

સન ૧૯૧૮માં આ જ લોર્ડ રધરફોર્ડ રેડિયોએક્ટિવિટીના ક્ષેત્રમાં પ્રયોગરત હતા ત્યારે તેઓએ નાઈટ્રોજન ગેસ પર આલ્ફા કણોનો મારો ચલાવ્યો. તેમાં તેઓને જણાયું કે આ કરવાથી હાઈડ્રોજનનું નિર્માણ થયું. તેઓએ બરાબર અનુમાન કર્યું કે નાઈટ્રોજનના અણુમાંથી હાઈડ્રોજનનો અણુ નીકળ્યો. તેનો અર્થ એ કે જેને અતૂટ (Unbreakable) માનવામાં આવતો તે અણુ પણ તૂટી શકે (divisible) છે ને તેમાં પણ પોલાણ છે. જો તેમાં પોલાણ ન હોય તો નાઈટ્રોજનના અણુમાંથી હાઈડ્રોજનનો અણુ નીકળે કેવી રીતે?

આમ, Rutherford model તરીકે ઓળખાતા આ પ્રયોગો દ્વારા એવું પુરવાર થયું કે અણુ પણ તૂટી શકે છે અને તે અણુમાં નર્યો અવકાશ જ અવકાશ છે.

તે અવકાશ કેટલો છે તેનું વર્ણન કર્યું તે પણ રસપ્રદ છે. દુનિયામાં રોમના સેંટ પીટર બઝેલિકાનો ઘુમ્મટ મોટામાં મોટો ગણાય છે. તેનો વ્યાસ ૧૬૪ મી. છે. ધારો કે તે અણુ છે. તેના મધ્યમાં મીઠાનો એક કણ મૂકો, તે ન્યૂક્લિઅસ અને સૂર્યના કિરણમાં ઘૂમતા, ઊડતા રજકણ દેખાય છે તેવડો ભાગ તે ન્યૂક્લિઅસની આસપાસ ફરતો ધન (+ve) અથવા પ્રોટોન. ૧૬૪ મી. વ્યાસ ધરાવતા ઘુમ્મટમાં મીઠાનો એક કણ અને રજકણ જ હોય તો બાકીની જગ્યા કેટલી ખાલી લાગે! તેમ અણુમાં પણ અલ્પ નક્કર ભાગ સિવાય બાકી બધું આકાશ એટલે કે ખાલી જગ્યા છે. આટલી સરખામણી કરી.

આધુનિક ફિઝિક્સની આ જ વાત વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪૬માં કરતાં ભગવાન સ્વામિનારાયણ

૨૫-૧-૧૮૨૦ના દિવસે કહે છે, '...આકાશ તે અવકાશને કહીએ અને જે જે પદાર્થ રહે છે તે અવકાશમાં જ રહે છે અને એવું કોઈ પદાર્થ નથી જે જેને વિષે આકાશ ન હોય. કેમ જે પૃથ્વીની એક રજ અતિ ઝીણી હોય તેને વિષે પણ આકાશ છે અને તે એક રજના કોટાનકોટિ કટકા કરીએ તોપણ તેને વિષે આકાશ છે...'

રધરફોર્ડ કરતાં ૯૯ વર્ષ પૂર્વે ભગવાન સ્વામિનારાયણે કહેલી આ વાત વૈજ્ઞાનિક રીતે સંપૂર્ણ સત્ય છે. જો કે ભગવાન સ્વામિનારાયણ તો અહીં રધરફોર્ડના સંશોધન કરતાંય આગળની વાત કરે છે. એક રજના કોટાનકોટિ કટકા એટલે શું? સહેજ સમજવાનો પ્રયત્ન કરીએ.

**ભગવાન સ્વામિનારાયણે કોઈ પણ પ્રકારના સાધનની સુવિધા વિના આપેલી આ ગણતરી કેટલી ચોકસાઈપૂર્ણ અને વૈજ્ઞાનિક ઢબથી થયેલી જણાય છે! 'વચનામૃત'માં આવાં તો કંઈક વચનો શ્રીહરિએ ઉચ્ચારેલાં છે, જેને આજનું વિજ્ઞાન હાકારો આપે છે.**

ધારો કે એક રજ એટલે ૦.૫ મિ.મી.નું માપ ગણીએ. (જો કે આ પણ ઘણું મોટું કહેવાય.) હવે કોટિ એટલે કરોડ એટલે એક ઉપર સાત મીંડાં. કોટાનકોટિ એટલે એક ઉપર ૧૪ મીંડા. એટલે શ્રીહરિ એમ કહે છે કે ૦.૫ મિ.મી. ને ૧૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ થી ભાગવામાં આવે અને જે માપ આવે તેટલી સૂક્ષ્મ વસ્તુમાં પણ અવકાશ છે. વિજ્ઞાન અણુનો વ્યાસ ૧ સે.મી.નો ૧૦ કરોડમો ભાગ ગણાવે છે અને ન્યુક્લીઅસનો વ્યાસ ૧ સે.મી.નો દસ હજાર અબજમો ભાગ ગણાવે છે.

ભગવાન સ્વામિનારાયણ કહે છે કે અણુ નહીં પણ ન્યૂક્લિઅસથીય ૧૦,૦૦૦ ગણા સૂક્ષ્મ કણમાં પણ અવકાશ છે. વિજ્ઞાને અણુથીયે સૂક્ષ્મ એવા પોઝીટ્રોન્સ (Positrons), ન્યૂટ્રીનોસ (Neutrinos), મ્યુઓન્સ (Muons), પીઓન્સ (Pions), ક્વાર્કસ (Quarks) અને ગ્લુઓન્સ (Gluons) જેવા કણો શોધ્યા છે. તેમાં પણ અવકાશ છે તેવું શ્રીહરિએ કહ્યું છે. વિજ્ઞાને હજી આ સંશોધન કરવાનું બાકી છે. જ્યારે વિજ્ઞાન આ સંશોધન કરશે ત્યારે ભગવાન સ્વામિનારાયણની એક વૈજ્ઞાનિક તરીકેની પ્રતિભા વિશેષ તેજથી ઝળહળી ઊઠશે. અર્વાચીન વૈજ્ઞાનિકોથી ભગવાન સ્વામિનારાયણ કેટલા આગળ છે તે આ વિગતો પરથી સમજાય છે.

કેમ્બ્રિજ યુનિવર્સિટીના ભૌતિકવિજ્ઞાન વિભાગના વડા સર આર્થર એડિંગ્ટને તેમના વિદ્યાર્થીઓને વાત કરતાં કહેલું કે, 'મિત્રો! તમે મને અહીં એક ટેબલ પર કાગળ લખતાં જુઓ છો. પણ તમે ટેબલનું પૃથક્કરણ કરો તો તે માત્ર અણુઓનું બનેલું છે. તમે એ અણુઓનું પૃથક્કરણ કરો તો તેમાં દેખાય માત્ર ઈલેક્ટ્રોન, પ્રોટોન અને ન્યૂટ્રોન. અણુના એ આંતરિક કણોનું વિભાજન કરો તો અંદર માત્ર ખાલી જગ્યા! નર્યો અવકાશ !... હું એક અવાસ્તવિક ટેબલ પર બેસી, અવાસ્તવિક શાહી વડે, અવાસ્તવિક કાગળ પર લખું છું. બીજા શબ્દોમાં તમે જે કાંઈ જુઓ છો તે હકીકતમાં છે જ નહીં. ત્યાં માત્ર અવકાશ છે.' (In the world of physics we watch a shadow- graph performance of the drama of familiar life. The shadow of my elbow rests on the shadow table as the shadow ink flows over the shadow paper. It is all symbolic, and as a symbol the physicist leaves it. ...The frank realization that physical science is concerned with a world of shadows is one of the most significant of recent advances.)

આર્થર એડિંગ્ટને(૧૮૮૨-૧૯૪૪) કહેલી આ જ વાત તેના દાયકાઓ પહેલાં ગઢડામાં બેસીને કરતાં ભગવાન સ્વામિનારાયણ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪૬ અને ગઢડા પ્રથમ પ્રકરણ ૫૧માં કહે છે, '...આકાશની દૃષ્ટિએ જ્યારે જોઈએ ત્યારે પૃથ્વી આદિક ચાર ભૂત દેખાતાં નથી. એકલો આકાશ જ દેખાય છે...'

ભૌતિકશાસ્ત્રીઓએ અતિ સૂક્ષ્મ અણુ તોડી પોલાણ જોયું તો સાનંદાશ્ચર્ય પામ્યા. ભગવાન તો 'अणोरणीयान्' અણુથી પણ સૂક્ષ્મ છે. તેમાં નજર પડે તો પણ આનંદ આવે. આ વાત વચનામૃત કારિયાણી પ્રકરણ ૮માં કરતાં શ્રીહરિ કહે છે, '...જે ભક્ત એવી રીતે ભગવાનની મૂર્તિમાં નિર્ગુણપણું (અણુ કરતાં પણ અતિ સૂક્ષ્મપણું) ને સગુણપણું (અતિ મહત્પણું) સમજે... તેને આઠે પહોર અંતરમાં આશ્ચર્ય રહ્યા કરે છે...'

•

પદાર્થનું ચતુષ્પારિમાણિક (Four dimensional) ચિત્ર પણ ભગવાન સ્વામિનારાયણે આપ્યું છે અને તે પણ નવેમ્બર, ૧૮૦૬માં; એ પણ ત્યારે કે જેને આ ચતુષ્પારિમાણિક (Four dimensional) ચિત્ર રજૂ કરવાનું શ્રેય આપવામાં આવે છે તે આઇનસ્ટાઇનનો હજુ જન્મ પણ

થયો ન હતો. આ વાતને સમજવાનો જરા પ્રયત્ન કરીએ.

સામાન્યતયા સમય નિરપેક્ષ (absolute) ગણાતો. અવકાશની બાબતમાં પણ લગભગ એવું જ બન્યું. સમયની માફક એને પણ નિરપેક્ષ, અવ્યય (immutable) અને સ્થિર ગણવામાં આવતો. પરંતુ આઇનસ્ટાઇનના સાપેક્ષતાના સિદ્ધાંતે સમય અને અવકાશને એકબીજામાં ઓતપ્રોત કરી મૂક્યા. સન ૧૯૧૫માં આઇનસ્ટાઇને કહ્યું કે ગુરુત્વાકર્ષણને કારણે સમય અને અવકાશ વળાંક પામી શકે કે મરડાઈ શકે છે. (In 1915, Einstein completed the General Theory of Relativity - the product of eight years of work on the problem of gravity. In general relativity Einstein shows that matter and energy actually mold the shape of space and the flow of time. What we feel as the 'force' of gravity is simply the sensation of following the shortest path we can through curved, four-dimensional space-time. It is a radical vision: space is no longer the box the universe comes in; instead, space and time, matter and energy are, as Einstein proves, locked together in the most intimate embrace.) તે વખતે આ વાત ભારે રહસ્યમય લાગેલી. ખાલીપાને કોઈ આકાર જ નથી હોતો તો પછી મરડાવાનો પ્રશ્ન જ ક્યાં છે?

પરંતુ પોલ ડેવિસે તેના પુસ્તક 'The Eye of Infinity' (અર્થાત્ અનંતની આંખ)માં અવકાશ મરડાઈ શકે તેનો ખ્યાલ આપતું સુંદર ઉદાહરણ આપ્યું છે. ધારો કે વિષુવવૃત્ત પર બે વિમાનો દસ કિલોમીટરના અંતરે ઊભાં છે અને બંને પાઇલટને સરખી ઝડપે અને સરખી ઊંચાઈએ હોકાયંત્રની સોય બતાવે તે ઉત્તર દિશામાં જ સાથે ગતિ કરવાની કડક સૂચના આપવામાં આવી છે. શરૂઆતમાં વિમાન સાવ સમાંતરે ઊડી રહ્યાં છે, પણ વખત જતાં વિમાનો એકબીજાની નજીક આવતાં જાય છે અને છેવટે ઉત્તરધ્રુવ પર એકબીજા સાથે અથડાઈ પડે છે. કારણ કે વિષુવવૃત્ત પર સમાંતર જણાતી ગતિ ઉત્તરધ્રુવ પર સમાંતર ન રહી શકી. ઉત્તરધ્રુવ પર સમાંતર રેખાઓ એકબીજાને કાપે છે. સમય અને અવકાશના આ સંમિલનમાં ગુરુત્વાકર્ષણ મહત્ત્વનો ભાગ ભજવે છે. આવા સંમિલનને કારણે 'સમયાવકાશ' (Spacetime) એકવચન (singularity) બની રહે છે. પરિણામે વિજ્ઞાનીઓ અવકાશનાં ત્રણ પરિમાણોને બદલે ચાર પરિમાણોના સંદર્ભે વિચારે છે. સમયને 'અદૃશ્ય અવકાશ' ગણવામાં આવે છે.

કોઈપણ પદાર્થના ગુરુત્વાકર્ષણ ક્ષેત્રના કેન્દ્રમાં ઘડિયાળ ધીમી પડે છે. જેમ જેમ પદાર્થના કેન્દ્ર તરફ જઈએ તેમ તેમ ઘડિયાળ વધુ ને વધુ ધીમી થતી જાય છે. જ્યાં 'સમયાવકાશ'નો વળાંક બિલકુલ નથી તેવી જગ્યાએ ઊભેલો જો કોઈ દૂરનો માણસ જોશે તો તેને જણાશે કે તેની ઘડિયાળમાં એક સેકન્ડ થતાં જેટલો સમય લાગે છે તેનાથી વધારે સમય પદાર્થની સપાટી પર રહેલી ઘડિયાળમાં એક સેકન્ડ માટે લાગશે. આ ઘટનાને Phenomenon of time dilation કહે છે.

Time dilationની આ ઘટના ભગવાન સ્વામિનારાયણ ભૂગોળખગોળના વચનામૃતમાં આ રીતે સમજાવે છેઃ 'આપણાં વર્ષ ચાર અબજ ને બત્રીસ કરોડ થાય ત્યારે બ્રહ્માનો એક દિવસ થાય છે.'

તે જ પ્રમાણે મનુ અને ઈન્દ્રના સમયની બ્રહ્માના સમય સાથે આ પ્રમાણે તેઓ સરખામણી કરે છેઃ 'તે બ્રહ્માના એક દિવસમાં ચૌદ મનુ ને ચૌદ ઈન્દ્ર તે તુલ્ય રાજ્ય કરીને નાશ પામે છે.'

આ સમયને આપણા સમય સાથે સરખાવતાં શ્રીહરિ કહે છેઃ 'એક મનુ ને એક ઈન્દ્ર આપણાં વર્ષ ૩૦,૮૫,૭૧,૪૨૮ ને માસ ૬ ને દિવસ ૨૫ ને ઘડી ૪૨, પળ ૫૧, નિમિષ ૨૫, લવ ૪૨ ને ઉપરાંત બાર લવનો ચૌદમો ભાગ એટલું એક એક રહીને ચૌદ ઈન્દ્ર થઈ જાય છે.'

ભગવાણ સ્વામિનારાયણે કોઈ પણ પ્રકારના સાધનની સુવિધા વિના આપેલી આ ગણતરી કેટલી ચોકસાઈપૂર્ણ અને વૈજ્ઞાનિક ઢબથી થયેલી જણાય છે!

આમ, 'વચનામૃત'માં આવાં તો કંઈક વચનો ભગવાન સ્વામિનારાયણે ઉચ્ચારેલાં છે, જેને આજનું વિજ્ઞાન હાકારો આપતું જાય છે.

કહ્યું છે કેઃ 'यो वेत्ति युगपत्त्सर्वं प्रत्यक्षेण सदा स्वतः।' અર્થાત્ જે એકસાથે, બધું જ, સદાય, આપમેળે જ પ્રત્યક્ષ જોતા હોય તે રીતે જાણે છે તે ભગવાન છે.

વળી, કહેવાયું છે કેઃ 'वेत्ति विद्याम् अविद्याम् च स वाच्यो भगवानिति।' - જે વિદ્યા અને અવિદ્યાને સાથે જાણે તેને ભગવાન કહે છે. વિદ્યા એટલે બ્રહ્મવિદ્યા-પરાવિદ્યા અને અવિદ્યા એટલે ભૌતિક જ્ઞાન-વિજ્ઞાન. આ અર્થમાં ભગવાન સ્વામિનારાયણમાં ભગવાનનું આ લક્ષણ સહજતાથી દૃષ્ટિગોચર થાય છે.

વચનામૃત દ્વિશતાબ્દી પર્વે આવા પરમ વૈજ્ઞાનિક પરમાત્મા ભગવાન સ્વામિનારાયણને આપણા અનેકાનેક નમસ્કાર હજો! ◆



# વચનામૃતમાં

## ભગવાન સ્વામિનારાયણે આપેલાં

# દૃષ્ટાંત-બોધ



**ધુરંધર વિદ્વાનોને પણ સમજવી અઘરી પડે તેવી તત્ત્વચર્ચા ને અધ્યાત્મવાદ સામાન્ય વર્ગને સમજાવવા ભગવાન સ્વામિનારાયણે તેમની ભાષામાં અને તેમને સમજાય તેવાં ઉદાહરણો-દલીલો સાથે બોધ આપ્યો છે, તે વચનામૃતની વિશેષતા છે.**

■ ડો. વ્રજલાલ પી. પટેલ

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી એક વાક્યમાં વચનામૃતનો મહિમા આ રીતે કહે છેઃ 'વચનામૃત કરતાં બીજામાં માલ મનાય છે એ મોહ જાણવો.' (સ્વામીની વાતો, ૪/૧૩૬)

વચનામૃત તો છે અમૃતનો મહાસાગર, જેનું પાન કર્યા પછી જીવને જન્મમરણનો ચક્રાવો છૂટી જાય. સ્વ-સ્વરૂપની પિછાણ કરી પરબ્રહ્મ સ્વરૂપ સુધી પહોંચવાનો ધોરીમાર્ગ છે એ તો!

વચનામૃતમાં આધ્યાત્મિક માર્ગના સાધકને પળે પળે માર્ગદર્શન આપે તેવા તમામ વિષયોની ખૂબ વ્યવહારુ (Practical) અને ઊંડાણપૂર્વકની ચર્ચા કરવામાં આવી છે. વચનામૃતના ઉદ્‌ગાતા ભગવાન સ્વામિનારાયણ સામે જે કાર્ય હતું તે ખરેખર વિષમ હતું. કારણ, તેમની આ ચર્ચાઓમાં મુક્તાનંદ, ગોપાળાનંદ, નિત્યાનંદ, બ્રહ્માનંદ, શુકાનંદ જેવા મહાન વિદ્વાનો તો હતા જ, પણ સામે અશિક્ષિત, ગામઠી ગુજરાતી સમજતો ને તન તોડીને મજૂરી કરતો ખેડૂત વર્ગ પણ હતો. મોટા વિદ્વાનોને પણ સમજવી અઘરી પડે તેવી તત્ત્વચર્ચા ને અધ્યાત્મવાદ આ સામાન્ય વર્ગને સમજાવવા તેમણે તેમની ભાષામાં અને તેમને સમજાય તેવાં ઉદાહરણો-દલીલો સાથે વાતો કરી છે, તે વચનામૃતની વિશેષતા છે.

વચનામૃત વિષે શ્રી કિશોરલાલ મશરૂવાળા તેમના પુસ્તક 'સહજાનંદ સ્વામી'માં નોંધે છેઃ 'એની ભાષા બહુ મુદ્દાસર, ટૂંકી એક જ અર્થ દર્શાવનારી, થોડું ભણેલાને સમજાય તેવી સહેલી અને સરળ વાક્યરચનાવાળી અને જરૂર પડે ત્યાં અર્થને સ્પષ્ટ કરે એવાં દૃષ્ટાંતોવાળી છે.'

વચનામૃતનાં બધાં જ પાસાંની ચર્ચાને અહીં અવકાશ નથી. આપણે તો માત્ર ભગવાન સ્વામિનારાયણે પોતાની વાત સમજાવવા પ્રયોજેલાં દૃષ્ટાંતોની જ છણાવટ કરીશું. વિષયવસ્તુને ધ્યાનમાં રાખી ૨૬૨ વચનામૃતોનો અભ્યાસ કરતાં જે જાણવા મળે છે તે ખરેખર આશ્ચર્ય ઉપજાવે તેવું છે. ભગવાન સ્વામિનારાયણે કુલ મળીને ૪૯૭ જેટલાં દૃષ્ટાંતો - રૂપકો - પૌરાણિક કથાઓ અને રૂઢિપ્રયોગોનો ઉપયોગ તેમનાં વચનામૃતોમાં કરેલો છે. તેમની સભામાં બેઠેલા સામાન્ય ખેડૂતો અને કાઠીઓને ધ્યાનમાં રાખી તેમણે કૃષિ, પશુપાલન, રાજ્યસંચાલન, યુદ્ધ, પ્રકૃતિ અને રોજિંદી ક્રિયાઓને લગતાં દૃષ્ટાંતો અને રૂપકો પ્રયોજેલાં છે. તો વળી શાસ્ત્રોના જાણકાર સંતોને ધ્યાનમાં રાખી પૌરાણિક કથાવસ્તુ અને પાત્રોનો દૃષ્ટાંતો અને રૂપકો તરીકે ભરપૂર ઉપયોગ કર્યો છે. ક્યાંક વિષયવસ્તુને સ્પષ્ટ કરવા જાણીતી કહેવતોનો ઉપયોગ કર્યો છે, તો ક્યાંક સમય, સ્થાન અને સભાજનોને અતિક્રમી જઈને એવી વાતો કરી છે કે એકવીસમી સદીનું વૈજ્ઞાનિક માનસ પૂછી ઊઠેઃ 'શું આ બસો વર્ષ પહેલાંના, વિજ્ઞાનની કોઈ ઉપાધિ ન ધરાવતા ધર્મપુરુષ બોલે છે?'

માનસશાસ્ત્રના અભ્યાસીને ભગવાન સ્વામિનારાયણનાં દૃષ્ટાંતો, ઉદાહરણો, દાખલા-દલીલો અને યોગ્ય સ્થળે ને સમયે યોગ્ય રૂપકો પ્રયોજવાની કળા તેમનામાં મહાન માનસશાસ્ત્રીનાં દર્શન કરાવે. તેમનાં બધાં દૃષ્ટાંતોનું વિષયવાર વર્ગીકરણ ને તેના આંકડા અહીં અપ્રસ્તુત છે. કારણ કે તેમ કરવા જતાં આપેલી શબ્દમર્યાદાને ઉલ્લંઘી જવાય અને છતાં વિષયવસ્તુ કોરાણે રહી જાય. તો આવો, એ અમૃતનાં છાંટણાંથી જ સંતોષ માની લઈએ.

## દૃષ્ટાંતોની ચમત્કૃતિ

દૃષ્ટાંતોનો ઉપયોગ કરવાની ભગવાન સ્વામિનારાયણની ફાવટ અચ્છા સાક્ષરોને પણ ભુલાવામાં નાંખી દે તેવી છે. એક જ દૃષ્ટાંતને જુદી જુદી જગ્યાએ બિલકુલ વિષયવસ્તુને સુસંગત લાગે તે રીતે વાપરી, તેમાંથી દરેક વખતે વિશિષ્ટ બોધ તારવવાની તેમની આગવી સૂઝ છે. કેટલાંક દૃષ્ટાંતો એવાં છે કે તેમણે વચનામૃતમાં એક કરતાં વધુ વખત વાપર્યાં છે, છતાં દરેક વખતે તેમાંથી વિશિષ્ટબોધ તારવ્યો છે. આવો, તેમાંથી કેટલાકની પ્રસાદી માણીએ.

### ■ સર્પની ઝેર-લાળ અને સાત સિદ્ધાંતો

દૂધ-સાકર ખૂબ સુંદર ભોજન છે, પણ તેમાં સર્પની લાળરૂપ ઝેર ભળે તો તે ભોજન નહીં પણ વિષ કહેવાય. આ એકદમ સામાન્ય હકીકતને ભગવાન સ્વામિનારાયણે કુલ સાત વચનામૃતોમાં દૃષ્ટાંત તરીકે નવીન નવીન આધ્યાત્મિક

સિદ્ધાંતો સમજાવ્યા છે. જુઓ સાતે સાત અર્થઘટનોઃ

**(૧) અવગુણરૂપ સર્પની ઝેર-લાળઃ** ગઢડા પ્રથમ પ્રકરણના ૩૫મા વચનામૃતમાં દૂષિત બુદ્ધિ કલ્યાણના માર્ગમાં કેવી અવરોધરૂપ છે તે સમજાવતાં શ્રીહરિ કહે છે, 'જેમ સુંદર ભેંસનું દૂધ હોય તેમાં સાકર ઘોળી હોય ને તેમાં સર્પની લાળ પડી એટલે એ સાકર ને દૂધ હતું તે ઝેર થયું, પછી તેને જે પીએ તેના પ્રાણ જાય; તેમ બુદ્ધિ તો ઝાઝી છે પણ એણે કોઈ મોટા સંતનો અથવા પરમેશ્વરનો અવગુણ લીધો છે, તે અવગુણરૂપ દોષ એની બુદ્ધિમાં આવ્યો છે, તે સર્પની લાળ સરખો છે, માટે એ તો કલ્યાણને માર્ગે ક્યાંથી ચાલે?'

**(૨) પંચવિષયરૂપ ઝેરની લાળઃ** સારંગપુર પ્રકરણના ચોથા વચનામૃતમાં શ્રીહરિ સમજાવે છે કે આઠે પહોર આત્માનો વિચાર કરીને એક ઘડીક પોતાને દેહરૂપ માનીને વિષયનું ચિંતવન કરે તો એનો સર્વે આત્મવિચાર ધૂળમાં મળી જાય. જેમ સુંદર અમૃત સરખું અન્ન હોય ને તેમાં થોડુંક ઝેર નાંખ્યું હોય તો તે અન્ન સુખદાયી ન થાય, સામું દુઃખદાયી થાય.

**(૩) વિષયના અભાવરૂપ સર્પની ઝેર-લાળઃ** વિષયને વિષે દોષદૃષ્ટિ થઈ હોય અને તેનો અત્યંત અભાવ મન અને જીવમાં આવ્યો હોય પછી પદાર્થ યથાર્થ દેખાય ને જાણ્યામાં આવે, પણ તેને વિષે અત્યંત અભાવ આવી જાય તે સમજાવતાં લોયા પ્રકરણ ૧૦મા વચનામૃતમાં શ્રીહરિ કહે છે કે 'જેમ દૂધ-સાકરનું પાત્ર ભર્યું હોય ને તેમાં સર્પે લાળ નાંખી હોય ને તેને નાંખતાં દીઠી હોય, પછી તે દૂધ જેવું પૂર્વે દેખાતું હતું તેવું ને તેવું જ દેખાય પણ તેનો અતિ અભાવ હૈયામાં વર્તે છે; કેમ જે, એણે એમ જાણ્યું છે જે, એને પીએ તો તત્કાળ પ્રાણ જાય.'

**(૪) દેહાભિમાન રૂપ સર્પની ઝેર-લાળઃ** લોયા પ્રકરણના ૧૭મા વચનામૃતમાં શ્રીહરિ કહે છે કે 'જેમ સર્પે લાળ નાંખી હોય એવું જે દૂધ-સાકર તેને જેણે પીધું હોય ને તે જીવે છે તો પણ તે ઘડી બે ઘડીમાં, સાંજ-સવારે, આજ-કાલ જરૂર મરનારો છે; તેમ જે દેહાભિમાની છે તે મહિને, બે મહિને, વર્ષે, બે વર્ષે, દસ વર્ષે, દેહ મૂક્યા સમે, દેહ મૂકીને, જ્યારે-ત્યારે પણ એ જરૂર સંતનો અભાવ લઈને પડી જશે.' અહીં ભગવાન સ્વામિનારાયણે દેહાભિમાનને ઝેર કરતાં પણ વધુ ભયંકર દર્શાવ્યું છે. કારણ કે ઝેરની અસર તો દેહ રહે ત્યાં સુધી જ છે જ્યારે દેહાભિમાન તો દેહ મૂક્યા પછી પણ કેડો મૂકતું નથી અને બીજા જન્મમાં પણ નડે ને કલ્યાણના માર્ગમાંથી પાડી નાંખે.

**(૫) અનિશ્ચયરૂપ સર્પના ઝેરની લાળઃ** માહાત્મ્ય સહિત ભગવાનનો નિશ્ચય ન હોય તો તેના મુખના શબ્દો પણ કેવી ઝેરી અસર ઉપજાવે છે તે સમજાવતાં વરતાલ પ્રકરણના ૧૨મા વચનામૃતમાં શ્રીહરિ કહે છેઃ 'અને વળી જેમ દૂધ ને સાકર હોય ને તેમાં સર્પની લાળ પડી, પછી એને જે કોઈ પીએ તેના પ્રાણ જાય. તેમ માહાત્મ્ય સહિત જે ભગવાનનો નિશ્ચય તેણે રહિત એવો જે જીવ તેના મુખ થકી ગીતા, ભાગવતને સાંભળે તેણે કરીને કોઈનું કલ્યાણ થતું નથી, એમાંથી તો મૂળગું ભૂંડું થાય છે.'

**(૬) દેહના સંબંધરૂપ સર્પની ઝેર-લાળઃ** ગઢડા અંત્ય પ્રકરણના ૧૨મા વચનામૃતમાં શ્રીહરિએ કહ્યું કે જેમ દૂધ-સાકરમાં સર્પની લાળ પડી ને તેનું જે પાન કરે તેના પ્રાણ જાય તેમ દેહનાં સગાં-સંબંધી હરિભક્ત હોય તો પણ તેમાં દેહના સંબંધરૂપ સર્પના લાળ પડી માટે તેમાં હેત કરનારાનું જરૂર અકલ્યાણ થાય.

**(૭) સ્વાર્થરૂપ સર્પની ઝેર-લાળઃ** એથી પણ આગળ વધતાં ગઢડા અંત્ય પ્રકરણના ૧૯મા વચનામૃતમાં શ્રીહરિ સમજાવે છે કે દેહનો સંબંધી ન હોય પણ જે પોતાની સેવા-ચાકરી કરતો હોય ને તે હરિભક્ત હોય તો પણ તેને વિષે હેત ન રાખવું. જેમ દૂધ ને સાકર હોય તેમાં સર્પે મોઢું નાંખ્યું હોય તો તે પણ ઝેર કહેવાય તેમ જેમાં સેવા-ચાકરીના સ્વાર્થરૂપ ઝેર ભળ્યું હોય તેવા હેતથી દૂર રહેવું.

## ■ ખટાશ અને આધ્યાત્મિક સિદ્ધાંત

ખાટી વસ્તુ ખાવાથી દાંત અંબાઈ જાય તે આપણો સહુનો પોતીકો અનુભવ છે. ભગવાન સ્વામિનારાયણ આ વાત લઈને જુદાં જુદાં ચાર વચનામૃતોમાં અલગ અલગ બાબતો પ્રસ્તુત કરે છે, તે પણ જુદી જુદી રીતે!

(૧) ગઢડા પ્રથમ પ્રકરણના ૨૪મા વચનામૃતમાં તેઓ કહે છેઃ 'જેમ લીંબુની ચિર્ય ચૂસી હોય તો થોડા થોડા દાંત અંબાય, પણ હળવા હળવા ચણા ચવાય ખરા; ને જો આખું લીંબુ ચૂસ્યું હોય તો ચણા ચવાય નહીં ને મગનો દાણો પરાણે પરાણે ચવાય; અને જો ઘણાં લીંબુ ચૂસ્યાં હોય તો રાંધેલો ભાત પણ ચવાય નહીં. તેમ ભગવાનનો નિશ્ચય અને માહાત્મ્યરૂપી જેને ખટાઈ ચડી હોય તેની ચાર અંતઃકરણ ને દસ ઇન્દ્રિયોરૂપ જે ડાઢ્યો તે સર્વે અંબાઈ જાય છે.'

સારા સારા પદાર્થ જમવાનો આનંદ લેવો હોય તો દાંત-દાઢો સાબૂત જોઈએ. તો જ જમવાનું સુખ જોઈએ તેવું આવે. તેમ વિષયસુખનો આનંદ ભોગવવા ચાર અંતઃકરણ, પાંચ જ્ઞાનેન્દ્રિય અને પાંચ કર્મેન્દ્રિયો સાબૂત જોઈએ, તો વિષયભોગમાં મજા આવે. પણ ભગવાનનો ભક્ત થયો તેને

વળી વિષયનું સુખ કેવું ભલા! તે તો ભગવાનના સુખે જ સુખિયો રહે. ભગવાનના નિશ્ચય ને માહાત્મ્યરૂપ લીંબુની ખટાઈથી ઇન્દ્રિયો અંતઃકરણને એવાં અંબાઈ દે કે વિષયસુખને ભોગવી જ ન શકે. પણ દેહ રાખવો હોય તો ખાધા વગર કેમ ચાલે? તે પ્રશ્નનું નિરાકરણ ગઢડા પ્રથમ પ્રકરણના ૭૩મા વચનામૃતમાં મહારાજ આ પ્રમાણે આપે છે, તે જ દૃષ્ટાંત પ્રયોજીને.

(૨) જેમ કોઈ પુરુષે લીંબુ ચૂસ્યાં હોય ને દાંત અતિશય અંબાઈ ગયા હોય પછી ચણા ચવાય નહીં અને અતિશય ભૂખ્યો હોય તો ગળી જાય પણ ચવાય નહીં તેમ જેણે આત્માનો ને ભગવાનનો યથાર્થ મહિમા જાણ્યો છે તેને લૌકિકના વિષયસુખને વિષે આનંદ થાય નહીં અને દેહનું પ્રારબ્ધ હોય ત્યાં સુધી ભોગવે પણ ગળી જાય તેમ ભોગવે.

**દૃષ્ટાંતોનો ઉપયોગ કરવાની ભગવાન સ્વામિનારાયણની ફાવટ અચ્છા સાક્ષરોને પણ ભુલાવામાં નાંખી દે તેવી છે. એક જ દૃષ્ટાંતને જુદી જુદી જગ્યાએ બિલકુલ વિષયવસ્તુને સુસંગત લાગે તે રીતે વાપરી, તેમાંથી દરેક વખતે વિશિષ્ટ બોધ તારવવાની તેમની આગવી સૂઝ છે.**

(૩) ભગવદ્‌વાર્તા-શ્રવણનો મહિમા સમજાવતાં કારિયાણી પ્રકરણના ૧૨મા વચનામૃતમાં શ્રીહરિ કહે છે કે ‘જેમ કોઈ પુરુષને પ્રથમ તો કાચા ચણા ચાવે એવું દાંતમાં બળ હોય ને તે જો કાચી કેરી સારી પેઠે ખાય તો તેથી ભાત પણ ચવાય નહીં; તેમ ગમે તેવો કામાદિકને વિષે આસક્ત હોય પણ આવી રીતની વાતને આસ્તિક થઈને શ્રદ્ધાએ સહિત સાંભળે તો તે પુરુષ વિષયનાં સુખ ભોગવવાને સમર્થ રહે નહીં.’

(૪) ગઢડા મધ્ય પ્રકરણના ૧૩મા વચનામૃતમાં પોતાનામાં કેવો અતિ તીવ્ર વૈરાગ્ય વર્તે છે તે સ્પષ્ટ કરતાં શ્રીહરિ કહે છેઃ ‘જેમ કોઈક પુરુષ સૂઝે એટલો બળિયો હોય ને દાંતે આખી સોપારી ભાંગી નાંખતો હોય અને તે પુરુષને દસ-વીસ કાગદી લીંબું ચુસાવ્યાં હોય પછી તે શેકેલા ચણા પણ માંડ માંડ ચાવે; તેમ વિષય સન્મુખ બળાત્કારે વૃત્તિને જોડીએ છીએ તો માંડ માંડ જોડાય છે.’

## ■ ક્ષય રોગ અને આધ્યાત્મિક સિદ્ધાંત

ભગવાન સ્વામિનારાયણના વખતમાં ક્ષય રોગ (ટી.બી.)નો ઉપચાર ઉપલબ્ધ નહોતો. એ અસાધ્ય રોગ લાગુ પડે તેને મરવા સિવાય કોઈ બીજો ઉપાય બાકી ન રહેતો. આ હકીકતને ધ્યાનમાં રાખી જુદાં જુદાં ચાર વચનામૃતોમાં ભગવાન સ્વામિનારાયણે ક્ષય રોગનો ઉલ્લેખ કર્યો છે.

(૧) સારંગપુર પ્રકરણના ૫મા વચનામૃતમાં શ્રીહરિએ વાસનાની નિવૃત્તિ માટે શ્રદ્ધા, વિશ્વાસ, પ્રીતિ અને ભગવાનનું માહાત્મ્ય, એ ચાર વાનાં બતાવ્યાં છે. તેમાં માહાત્મ્ય દૃઢ હોય ને બીજાં ત્રણ વાનાં દૂબળાં હોય તો વાંધો નહીં, પણ માહાત્મ્ય વિનાની ભક્તિ જો ઝાઝી જણાતી હોય તો પણ અંતે નાશ થઈ જાય છે. તે સમજાવતાં શ્રીહરિ દૃષ્ટાંત આપે છે કે, જેમ દશ-બાર વર્ષની કન્યા હોય ને તેને ક્ષયરોગ થાય તો તે કન્યા યુવાન થયા મોર જ મરી જાય તેમ માહાત્મ્ય વિનાની ભક્તિ પરિપક્વ થતી નથી.

(૨) લોયા પ્રકરણના પહેલા વચનામૃતમાં શ્રીહરિ ક્ષય રોગને સંતના અવગુણ સાથે સરખાવે છેઃ ‘જેમ કોઈને ક્ષયરોગ થાય તેને ટાળ્યાનું કોઈ ઓષધ નથી તે તો નિશ્ચય મરે; તેમ જેને સંતનો અવગુણ આવ્યો તેને તો ક્ષયરોગ થયો જાણવો, તે તો પાંચ દિવસ મોડો-વહેલો નિશ્ચય વિમુખ થશે.’

આ જ વાત ગઢડા અંત્ય પ્રકરણના ૧૨મા વચનામૃતમાં કહી કે, ‘જેમ ક્ષય રોગ થયો હોય તે કોઈ ઓષધે કરીને મટે જ નહીં, તેમ જેને ભગવાન ને ભગવાનના ભક્તનો અવગુણ આવ્યો હોય તેના હૃદયમાંથી ક્યારેય આસુરી મતિ ટળે જ નહીં.’

(૩) ગઢડા મધ્ય પ્રકરણના ૪૭મા વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણે ક્ષય રોગને બિલકુલ નવીન, વિશિષ્ટ અર્થમાં પ્રયોજ્યો છે. ક્ષય રોગને સત્પુરુષ સાથે સરખાવતાં શ્રીહરિ કહે છે, મુક્તાનંદ સ્વામીને ક્ષય રોગ થયો છે તે દહીં-દૂધ, ગળ્યું-ચીકણું કાંઈ ખાવા દેતો નથી, તે જાણીએ કોઈક મોટા સંતનો સમાગમ થયો હોય ને શું? તે એ રોગની પેઠે સત્પુરુષ હોય તે વિષયનું ખંડન કરતા હોય.

## ■ અંતઃશત્રુઓ અને વિવિધ રૂપકો

જેમ કોઈ કુશળ વૈજ્ઞાનિક રસાયણશાસ્ત્રનાં રસાયણોની અઘરી અણુરચના સાદાં આણ્વિક સૂત્રો પાટિયા ઉપર લખીને સમજાવી દે, તેમ અત્યાર સુધીમાં શોધાયેલા ઉત્તમ સૂક્ષ્મદર્શકયંત્રથી જેનો આછો અંદાજ પણ ન આવી શકે તેવા કામ, ક્રોધ, માન આદિક અંતઃશત્રુઓને શ્રીહરિએ સીધાં સાદાં દૃષ્ટાંતો-રૂપકો આપી સમજાવી દીધા છે. તેનો થોડોક આસ્વાદ માણીએઃ

**(૧) ક્રોધઃ** વિવિધ દૃષ્ટાંતો અને ઉપમાઓ આપીને ભગવાન

સ્વામિનારાયણે વચનામૃતમાં ભક્ત માટે ક્રોધનો ખૂબ નિષેધ કર્યો છે. જુઓ કેટલાંક ઉદાહરણોઃ

● **ક્રોધ અને ભયંકર પ્રાણીઓઃ** લોયા પ્રકરણના ૧લા વચનામૃતમાં ક્રોધની વાત કરતાં શ્રીહરિએ ઘણાં રૂપક પ્રયોજ્યાં છે, 'ક્રોધ કેવો છે? તો જેવો કસાઈ, આરબ, ભાવર, વાઘ, દીપડો, કાળો સર્પ તે જેમ સૌને બિવરાવે ને બીજાના પ્રાણને હરી લે છે, તેમ ક્રોધ છે.'

● **ક્રોધ અને હકડાયું કૂતરુંઃ** હડકાયા શ્વાન સાથે ક્રોધની તુલના કરતાં ક્રોધ તો જેવું હડકાયું કૂતરું હોય તેવો છે. તે જેમ હડકાયા કૂતરાની લાળ જે પશુ અથવા મનુષ્યને અડે તે પણ હડકાયા કૂતરાની પેઠે ડાચિયો નાંખીને સંતના માર્ગમાંથી પડી જાય.

**કુશળ વૈજ્ઞાનિક રસાયણશાસ્ત્રનાં રસાયણોની અઘરી અણુરચના સાદાં આણ્વિક સૂત્રો પાટિયા ઉપર લખીને સમજાવી દે, તેમ સૂક્ષ્મદર્શકયંત્રથી જેનો આછો અંદાજ પણ ન આવી શકે તેવા કામ, ક્રોધ, માન આદિક અંતઃશત્રુઓને શ્રીહરિએ સીધાં સાદાં દૃષ્ટાંતો-રૂપકો આપી સમજાવી દીધાં છે.**

● **ક્રોધ અને સર્પ-વાઘઃ** વધારે ક્રોધ જ ખરાબ છે, થોડોક ક્રોધ ખરાબ નથી તેવું નથી. શ્રીહરિ સમજાવે છેઃ જેમ સભા બેઠી છે તેમાં સર્પ નીકળે તે કોઈને કરડે નહીં તો પણ સર્વને ઊઠી જવું પડે ને અંતરમાં ત્રાસ થાય. ને વળી જેમ ગામને ઝાંપે આવીને વાઘ હુંકારા કરતો હોય અને કોઈને મારે નહીં તો પણ સહુને અંતરમાં ભય લાગે ને બારણે નીસરાય નહીં તેમ થોડોક ક્રોધ ઊપજે તે પણ અતિશય દુઃખદાયી છે.

● **ક્રોધ અને આસક્ત પાડોઃ** એવો દુઃખદાયી ક્રોધ કેવી રીતે ઊપજે છે તે સમજાવતાં ગઢડા અંત્ય પ્રકરણના ૧૪મા વચનામૃતમાં શ્રીહરિ કહે છેઃ 'જેને જે પદાર્થમાં હેત હોય ને તેમાં જો કોઈ અંતરાય કરે તો તે ઉપર ક્રોધ થઈ જાય. જેમ પાડો કામનાએ કરીને ભેંસ ઉપર આસક્ત થયો હોય અને વચમાં બીજો પાડો આવે તો તેને મારી નાંખે.'

**(૨) માનઃ** ક્રોધ જેવો જ બીજો અંતઃશત્રુ માન અથવા અહંકાર છે. માન પણ ભગવાન સ્વામિનારાયણને ગમતું નથી. કારણ કે શ્રીહરિ પોતે અત્યંત નિર્માનીપણે વર્ત્યા છે. તેથી જ ગઢડા પ્રથમ પ્રકરણના ૫૬મા વચનામૃતમાં બાળક સાથે તુલના કરીને શ્રીહરિ કહે છે કે 'સાધુને બાળકની પેઠે માન રહિત વર્તવું કેમ કે બાળકને માનનો ઘાટ-સંકલ્પ થતો નથી.' વચનામૃતમાં શ્રીહરિએ માનને સ્પષ્ટ કરવા માટે અને સુંદર અલગ અલગ દૃષ્ટાંતો-ઉપમાઓ પ્રયોજ્યાં છે. તેની એક ઝાંખીઃ

● **માન અને કૂવાનું ખોદકામઃ** માનમાં અટંટ રહે તે મોટો કહેવાય પણ નિર્માનીભક્ત જેવા ગુણ તેમાં આવતા નથી - તે સમજાવવા શ્રીહરિ એ જ વચનામૃતમાં એક સુંદર દૃષ્ટાંત આપે છે. એ સમયે શ્રીહરિ એવું દૃષ્ટાંત આપે છે કે જે ત્યાં બેઠેલો ખેડૂત વર્ગ સારી રીતે સમજી શકેઃ 'જેમ કોઈ સલાટ કૂવો ખોદતો હોય અને ખોદતાં જો પાણો હેઠે પોલો બોલે તો સલાટ કહે જે પાણી ઘણું થશે (ગૂઢાર્થઃ અપમાનને સહન કરે પણ સામે પ્રતિકારી શબ્દ ન કાઢે તે, નિર્માની) અને જો ઉપરથી રણકતો હોય અને માંહી કાપે ત્યારે અગ્નિ ઝરે (ગૂઢાર્થઃ અપમાન સહન ન કરતાં, સામે ઝઘડો કરવા તત્પર થાય તે, માની) તો સલાટ એમ કહે કે પાણી તો થશે પણ અર્ધા કોશનું કે પા કોશનું થશે, પણ વધુ નહીં થાય. તેમ જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિના મનમાં અટંટ રહે તો મોટો તો એ કહેવાય પણ અર્ધા કે પા કોશના પાણી જેવો. તેમાં નિર્માનીભક્ત જેવા ગુણ ન આવે.'

● **માન અને અશુદ્ધ સોનુંઃ** માન સહિતની આધ્યાત્મિક સાધનાને શ્રીહરિ અશુદ્ધ સોના સાથે સરખાવે છેઃ જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિ હોય તો ભેગવાળા સોના જેવી છે. જેમ ભય વધારે હોય તેમ સોનું પનરવલું, બારવલું... તેમ જેમ જેમ અહંકારનો ભેગ ભળે તેમ તેમ ત્રણે ગુણ ઓછા થતા જાય. માન રહિતના ગુણ તો સોળવલા શુદ્ધ સોના જેવા છે. (ગ.પ્ર.૫૬)

● **માન અને આકાશઃ** માન રહિતની આધ્યાત્મિકતા બહારથી બળવત્તર ન દેખાય, કેમ કે દેખાડો ન કરે, પણ સૌથી વધુ બળવાન છે. શ્રીહરિ કહે છે કે જેમ પૃથ્વી, જળ, તેજ, વાયુ બધાં કરતાં બળવાન જણાય છે પણ આકાશ કાંઈ બળવાન જણાતો નથી પણ આકાશ તો સૌથી વધારે બળવાન છે કાં જે આકાશ આ ચારેનો આધારરૂપ છે. તેમ માન રહિતના ગુણ આકાશ સરખા બળવાન છે. (ગ.પ્ર.૫૭)

● **માન અને ગવર્નરઃ** આવો માનરૂપ દોષ જો સત્સંગમાં હોય તો કલ્યાણના માર્ગમાં અવરોધરૂપ છે. સંતની આગળ માન રખાય નહીં. (પં.૫) આમ છતાં, સંત આગળ પણ માન રહે છે. તે સમજાવતાં શ્રીહરિ લોયા ૧૭માં કહે છેઃ સંતની સભામાં માન ન મળે ત્યારે અવગુણ લે તેને સંતની મોટપ જાણ્યામાં આવી નથી. જેમ મુંબઈનો ગવર્નર સાહેબ ખુરસી નાંખીને બેઠો હોય ને તેની સભામાં કોઈ ગરીબ

માણસ જાય ને તેને ખુરસી ન નાંખી દે ને આદર ન કરે અને તે અંગ્રેજ ઉપર ધોખો થાય છે? શા માટે જે અંગ્રેજની મોટાઈ જાણી છે જે 'એ તો મુલકનો બાદશાહ છે ને હું તો કંગાલ છું' માટે ધોખો થાય નહીં.

એ જ વાત ફરીથી શ્રીહરિ ગઢડા અંત્ય પ્રકરણ ૨૮માં કરે છે કે ગવર્નર સાહેબને પૃથ્વીનો બાદશાહ જાણ્યો છે તો તેનો એક ગરીબ સરખો હમેલિયો આવ્યો હોય તેનો હુકમ મોટો રાજા હોય તે પણ માને. તેમ જેણે ભગવાનનું સંપૂર્ણ માહાત્મ્ય જાણ્યું હોય તો તેને સંત આગળ માન કેમ રહે?

• **માન અને માનરૂપી હાડકું:** આવો જે માની ભક્ત, તેને શ્રીહરિ ગઢડા મધ્ય પ્રકરણ ૪૧માં કૂતરા જેવો કહે છેઃ જેમ શ્વાન સૂકા હાડકાને એકાંતે લઈ જઈને કરડે તેથી મોંમાં લોહી નીકળે તે ચાટીને રાજી થાય. તેમ ભગવાનનો ભક્ત હોય તો પણ માનરૂપી હાડકાને મૂકી શકતો નથી અને જેમાં તેને માન જડે તે જ કરવું સારું લાગે, ને માન વિના એકલી ભક્તિ કરવી પણ સારી લાગે નહીં.

આપણે જાણીએ છીએ કે સૂકા હાડકામાંથી કાંઈપણ સ્વાદ આવતો નથી પણ કૂતરો જાણતો નથી. તેમ કૂતરા જેવો જે માની તે જાણતો નથી કે માન મળવાથી તો ઊલટું માન વધે છે, ટળતું નથી, જે તેને જ કલ્યાણના માર્ગમાં બાધારૂપ છે. તેનું જ નુકસાન થાય છે, જેમ સૂકું હાડકું કરડવાથી શ્વાનનું મોઢું છોલાય તેમ.

**(૩) ઈર્ષ્યા:** ક્રોધ, માન જેવો એક ત્રીજો અંતઃશત્રુ છે – ઈર્ષ્યા. ઈર્ષ્યાએ જીવા ખાચર જેવા ઘણાને સત્સંગમાંથી પાડ્યા છે. તેથી ગઢડા પ્રથમ પ્રકરણ ૪ વચનામૃતમાં શ્રીહરિએ કહ્યું કે 'ભગવાનના ભક્તે પરસ્પર ઈર્ષ્યા ન કરવી.'

• **ઈર્ષ્યા અને નારદજી:** ભક્ત ઈર્ષ્યાથી છુટકારો મેળવવા ઈચ્છે તો પણ ઈર્ષ્યાથી છુટકારો મેળવવો સરળ નથી! તેથી જ વચનામૃતમાં આનંદાનંદ સ્વામીએ કહ્યું: 'હે મહારાજ! ઈર્ષ્યા રહે છે. ત્યારે ભગવાન સ્વામિનારાયણે જે ચુકાદો આપ્યો તે ધર્મના ઈતિહાસમાં વિશિષ્ટ છે. શ્રીહરિએ કહ્યું કે 'ઈર્ષ્યા કરવી તે નારદજીના જેવી કરવી.' શ્રીહરિએ નારદજી અને તુંબરુનું દૃષ્ટાંત વિસ્તારથી વર્ણવી બતાવ્યું. તુંબરુના સંગીતથી નારદજીને ઈર્ષ્યા આવી કે હું પણ આવું સંગીત શીખું અને ભગવાનને પ્રસન્ન કરીને વસ્ત્રાભૂષણ ભેટ મેળવું. ઈર્ષ્યાના વેગમાં તેમણે સંગીત આરાધના આદરી. સાત સાત મન્વંતર સુધી સંગીત શીખ્યા. શિવ જેવાને ગુરુ કર્યા. પણ સંગીતમાં રહેલા તુંબરુ પ્રત્યેના ઈર્ષ્યાના ભાવથી ભગવાન પ્રસન્ન ન થયા. છેવટે માન મૂકી તુંબરુ પાસે ગાનવિદ્યા શીખ્યા. આટલું બધું શીખ્યા પછી નવું તો શું શીખવાનું હોય? પરંતુ માન મૂકી તુંબરુને ગુરુ કર્યા ત્યારે ભગવાને પ્રસન્ન થઈ વસ્ત્રાભૂષણ આપ્યાં. આ દૃષ્ટાંત આપી ઈર્ષ્યાને રચનાત્મક રીતે સમજાવતાં શ્રીહરિ કહે છે, 'માટે ઈર્ષ્યા કરવી તો એવી કરવી જે જેની ઉપર ઈર્ષ્યા હોય તેના જેવા ગુણને ગ્રહણ કરવા અને પોતાના અવગુણનો ત્યાગ કરવો અને એવું તો ન થવાય અને ઈર્ષ્યાએ કરીને ભગવાનના ભક્તનો દ્રોહ થાય તેવી ઈર્ષ્યાનો તો ભગવાનના ભક્તને સર્વે પ્રકારે ત્યાગ કરવો.'

ક્રોધ, માન, ઈર્ષ્યા વગેરે આ બધા સ્વભાવોને ટાળવા માટે પણ શ્રીહરિ શત્રુભાવનું સુંદર ઉદાહરણ આપે છેઃ

જેમ કોઈક શત્રુ હોય તે આપણું કામ બગાડી દે તથા મા-બેન સામી ગાળો દે તો તેનો જેમ અતિશય અભાવ આવે છે અને જેમ તેનું ભૂંડું થાય તેમ કરાય છે અથવા કોઈક તેનું ભૂંડું કરે તો રાજી થવાય છે. તેમ જે ક્રામક્રોધાદિક સ્વભાવને શત્રુ જેવા જાણે ને તેને ટાળ્યાનો નિરંતર ઉપાય કરે તથા વૈરબુદ્ધિ ને ખટકો રાખે ને કોઈક સંત તે કામાદિક શત્રુની નિંદા કરે તો રાજી થાય અને તેના કામાદિક ટળી જાય. (ગ.મ.૧૫)

## ■ ઇન્દ્રિયો અને અંતઃકરણ


ઈન્દ્રિયો અને અંતઃકરણ આપણાં સુખ-દુઃખનાં મુખ્ય માધ્યમો છે. પરંતુ આ જ માધ્યમો કલ્યાણ માટે ઉપયોગી પણ છે અને બાધારૂપ પણ છે. જો ઈન્દ્રિયો અને અંતઃકરણ પર કાબૂ મેળવીને આપણે ભક્તિ કરીએ તો તે કલ્યાણ માટે ઉપયોગી બની જાય છે, નહીંતર વિઘ્નરૂપ બને છે. શ્રીહરિએ વચનામૃતમાં તેનું ખૂબ ચિત્રાત્મક નિરૂપણ કર્યું છે.

• **ઈન્દ્રિયો-અંતઃકરણ અને નાદાર રાજા:** ઈન્દ્રિયો અને અંતઃકરણ કલ્યાણના માર્ગમાં કેવી રીતે બાધા કરે છે તે સમજાવતાં શ્રીહરિ ગઢડા મધ્ય પ્રકરણ ૧૨માં કહે છે કે જેમ કોઈક રાજા બુદ્ધિહીન હોય, એનાં ઘરનાં મનુષ્ય તેનું વચન માને નહીં, પછી ગામના ને દેશના મનુષ્ય પણ તેનો હુકમ માને નહીં, પછી તે રાજા નાદાર થઈ બેસે ત્યારે નગરનાં મનુષ્ય સાંઢ થાય. તેમ આ કાયાનગરને વિષે જીવ છે તે રાજા છે ને ઘરના મનુષ્યને ઠેકાણે અંતઃકરણ છે અને દેશના મનુષ્યને ઠેકાણે ઈન્દ્રિયો છે. તે જીવ નાદાર થઈ બેસે તો ઈન્દ્રિયો - અંતઃકરણ તેના કહ્યાંમાં ન રહે ને કુમાર્ગે દોડે. માટે જેને કલ્યાણ ઈચ્છવું તેણે નાદારપણું રાખવું નહીં ને ઈન્દ્રિયો અંતઃકરણ પોતાના હુકમમાં વર્તે તેમ ઉપાય કરવો.

• **ઈન્દ્રિયો-અંતઃકરણ અને સોની:** આવાં ઈન્દ્રિયો-અંતઃકરણને બરાબર હુકમમાં ન વર્તાવે તો શું થાય તે

(અનુસંધાન પૃષ્ઠ ૪૫ પર)

# સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા



## મહાનગરી મુંબઈ અને સુરતમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો કૃપાલાભ...

*પ્રમુખસ્વામી મહારાજ એટલે નખશિખ સાધુતાની મૂર્તિ, અધ્યાત્મનો સરવાળો, અષ્ટાંગ બ્રહ્મચર્યનો આદર્શ! જીવનની પળેપળને પરને અર્થે ખર્ચવામાં જ કર્મયોગ માનનાર આ વિરલ સંતના માનવજાત પર અનંત ઉપકાર છે. જીવનપર્યંત લાખો લોકોને પ્રેરણા-હૂંફ આપનાર, તેમનાં સુખ-દુઃખમાં સહભાગી બની જીવનની સાચી દિશા ચીંધનાર પ્રમુખસ્વામી મહારાજમાં સૌને એક આદર્શ સુહૃદયીનું દર્શન થતું હતું. ઝૂંપડાંમાં વસતા વનવાસીઓથી લઈને મહેલોમાં વસતા લોકો સ્વામીશ્રીના દિવ્ય વ્યક્તિત્વ અને તેમની નિષ્કલંક સાધુતાથી આકર્ષાયા હતા. વિશ્વફલક પર સ્વામીશ્રીએ કરેલાં અગણિત કાર્યો અજોડ અને અવિસ્મરણીય છે. આ વિરલ સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના ૯૮મા જન્મજયંતી મહોત્સવના ઉપક્રમે આધ્યાત્મિક લાભ આપવા માટે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ મુંબઈ પધાર્યા હતા.*

*તાજેતરમાં મહારાષ્ટ્રમાં મુંબઈ ખાતે અને દક્ષિણ ગુજરાતના મહાનગર સુરત ખાતે બિરાજી સ્વામીશ્રીએ વહાવેલી ભક્તિસરિતામાં ઝબકોળાઈ સૌ કોઈ ધન્ય બન્યા હતા. તેની અહીં એક સ્મૃતિ કરીએ...*

## આગમન

તા. ૨૮-૧૧-૨૦૧૯ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ બોચાસણથી વિદાય લઈ મહાનગરી મુંબઈના વાશી સ્થિત 'સ્વામિનારાયણ કલાકેન્દ્ર'માં પધાર્યા હતા. મહારાષ્ટ્રના સત્સંગ સમુદાય વતી કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી અને દાદર સ્થિત બી.એ.પી.એસ. મંદિરના કોઠારી અભયસ્વરૂપદાસ સ્વામી વગેરે સૌનું સ્વાગત-સન્માન ઝીલી સ્વામીશ્રીએ વિધિવત્ 'સ્વામિનારાયણ કલાકેન્દ્ર'નું ઉદ્‌ઘાટન કર્યું હતું. અહીં સમીપમાં આવેલા ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં પ્રમુખસ્વામી મહારાજનો ૯૮મો જન્મોત્સવ ઊજવાનાર હોઈ એક સપ્તાહ સુધી સ્વામીશ્રી 'સ્વામિનારાયણ કલાકેન્દ્ર'માં રોકાયા હતા.

અહીં નિત્ય સ્વામીશ્રીના સાંનિધ્યમાં સત્સંગ સરવાણી વહેતી રહી. તા. ૪-૧૨-૨૦૧૯ના રોજ ડી. વાય. પાટીલ સ્ટેડિયમ ખાતે પ્રમુખસ્વામી મહારાજનો ૯૮મો જન્મજયંતી મહોત્સવ હજારો ભક્તોની ઉપસ્થિતિ વચ્ચે સ્વામીશ્રીના સાંનિધ્યમાં શાનદાર રીતે ઊજવાઈ ગયો. (વિશેષ અહેવાલ માટે જુઓ: સ્વામિનારાયણ પ્રકાશ, જાન્યુઆરી-૨૦૨૦)

તા. ૪-૧૨-૨૦૧૯ની વહેલી પ્રભાતે સ્વામિનારાયણ કલાકેન્દ્ર ખાતે પ્રમુખસ્વામી મહારાજના ૯૮મા જન્મદિને તેમને અંજલિ અર્પતાં મહંત સ્વામી મહારાજે પ્રાતઃપૂજા કરી ત્યારે દેશ-વિદેશના હજારો હરિભક્તો અને સંતોએ કીર્તનભક્તિ સાથે ભાવવંદના કરી હતી. આજે સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા બે પુસ્તકો ઉદ્‌ઘાટિત થયાં: (૧) પ્રમુખસ્વામી મહારાજના જીવનના ૧૦૦ પસંદગીકૃત પ્રસંગોનું ('શતદલ પરિમલ'માંથી અંગ્રેજી ભાષાંતરિત) પુસ્તક '100 Inspiring Experiences' અને (૨) સારંગપુરના સંતો-પાર્ષદો-સાધકો દ્વારા લિખિત 'સારંગસ્તુતિ' ગ્રંથ.

આશીર્વચન ઉચ્ચારતાં સ્વામીશ્રીએ કહ્યું: ''પ્રમુખસ્વામી મહારાજે બહુ ભીડો વેઠ્યો છે. તેઓએ બાળકોથી લઈને વડીલો સુધી બધાને ખૂબ રાજી કર્યા છે. દાસના દાસ થઈને રહ્યા છે. આપણે પણ એ જ ચીલે ચાલવાનું છે. એમના જેવા ગુણ ગ્રહણ કરવાના છે. આ સત્સંગમાં કોઈનો અભાવ-અવગુણ આવે જ નહીં. પ્રમુખસ્વામી મહારાજ કહેતા: 'અભાવ-અવગુણની વાત કરે તો તેણે ૧૦૦ ટનનું રોલર ફેરવી નાંખ્યું!' સત્સંગમાં દિવ્યભાવ જ રાખવાનો. દાસના દાસ રહેવું. દાસના દાસ થાય પછી કાંઈ બાકી રહેતું નથી. યોગીબાપા અને પ્રમુખસ્વામી મહારાજનો આ જીવનમંત્ર હતો. આ મંત્ર આપણે અધ્ધર રાખવો ને તેને ઠેલ મારતા રહેવું.''

## દાદર મંદિરે સ્વામીશ્રીનો કૃપાલાભ

તા. ૫-૧૨-૨૦૧૯ના રોજ સ્વામીશ્રી 'સ્વામિનારાયણ કલાકેન્દ્ર'થી વિદાય લઈ મુંબઈમાં દાદર સ્થિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે પધારતાં સંતો-હરિભક્તોએ ભક્તિ-ભાવથી ગુરુહરિને સત્કાર્યા હતા.

મુંબઈ ખાતેના સતત ૨૭ દિવસ સુધીના સ્વામીશ્રીના નિવાસ દરમ્યાન 'યોગી સભાગૃહ'માં યોજાયેલી સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં બાળકો-યુવાનોની અનન્ય ભક્તિનાં દર્શન સૌને થયાં હતાં. મુંબઈ અંધેરી (ઈસ્ટ)ના ૧૨ વર્ષના પરમ નામના બાળકે 'અક્ષરપુરુષોત્તમ દર્શન સિદ્ધાંત-કારિકા'ના ૪૦ શ્લોકોનો મુખપાઠ રજૂ કર્યો. સંસ્કૃત ન ભણ્યો હોવા છતાં પણ શુદ્ધ ઉચ્ચારણ સાથે સરસ મુખપાઠ રજૂ કરનાર પરમ પર અને યોગીગીતાનાં વાક્યો બોલનાર ફક્ત પોણા ત્રણ વર્ષના કેશવ પર કેશવજીવનદાસજીની (સ્વામીશ્રી) અનહદ કૃપાવર્ષા વરસી હતી.

બાળકોની ભક્તિને બિરદાવતાં સ્વામીશ્રીએ કહ્યું હતું: 'બાળકોએ ધાણી ફૂટે તેમ મુખપાઠ રજૂ કર્યો. કોઈ ભૂલો ન કાઢી શકે એમ કડકડાટ બોલ્યા. આ સિદ્ધિ છે. માટે બાળકોને ધન્યવાદ આપવામાં આવે છે. કથાવાર્તાનો અખાડો જામ્યો છે. તમે આ બાળકોને સાંભળો તો કાંઈ બાકી ન રહે.' પ્રાતઃ પૂજા બાદ સ્વામીશ્રીએ વિવિધ વચનામૃત પર મનનીય કથામૃતનો લાભ આપી સૌને અધ્યાત્મલાભથી કૃતાર્થ કર્યા હતા.

મુંબઈના નિવાસ દરમ્યાન સ્વામીશ્રી સાથેની વ્યક્તિગત મુલાકાતોમાં મુંબઈના હરિભક્તો તથા વિવિધ ક્ષેત્રના માંધાતાઓએ દર્શન-આશિષનો લાભ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી હતી.

મુંબઈ ખાતેના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ દાદર મંદિરે વિવિધ સત્સંગ સભાઓમાં આપેલા કૃપાલાભને અહીં માણીએ...

## યોગીગીતા પ્રાર્થના દિન

આજનો દિન વિશિષ્ટ હતો. તારીખ હતી: ૯મી ડિસેમ્બર! આજની તારીખે યોગીબાપાએ મહેળાવમાં શાસ્ત્રીજી મહારાજને ઐતિહાસિક પ્રાર્થના કરી હતી. જોગાનુજોગ આજની તિથિ પણ બારશની જ હતી. આ સ્મૃતિમાં સ્વામીશ્રીની પ્રાતઃ પૂજામાં એક બાળકે યોગીગીતાની પ્રાર્થના રજૂ કરી હતી.

પૂજા બાદ સ્વામીશ્રીએ યોગીગીતાનો મર્મ સમજાવતાં જણાવ્યું: '' યોગીબાપા કહે છે - *'હે શાસ્ત્રીજી*

*મહારાજ! તમારી કસણીમાં હંમેશાં રહેવાય...'* તે કસણી શું? તો યોગીબાપા કહે છે, *'તમારા ભક્તોમાં સુહૃદભાવ રહે, મન નોખું ન રહે, મનુષ્યભાવ ન આવે, સદાય દિવ્યભાવ રહે તેવા આશીર્વાદ આપજો.'* આ કસણી છે. દેખાય સામાન્ય પણ ખરેખરી કસણી છે. આપણે જે સત્સંગ કરીએ છીએ, તે બધું જ આમાં આવી જાય છે.

*'તમારા સંબંધવાળા ગમે તેવા હોય, પણ તેને માથાના મુગટ માનીએ...'* આ ભારેમાં ભારે કલમ છે. ગમે તેવા એટલે ઠેઠ down, ત્યાંથી માથાના મુગટ એટલે ઠેઠ up. *'કોઈ સાથે આંટી ન પડી જાય...'* આવા બધા ગુણ હોય તો આંટી પડવાની વાત જ ક્યાં છે? અંદરોઅંદર ભાવ રહે તો કામ થઈ જાય. યોગીબાપા તો આ બધા ગુણેયુક્ત હતા છતાં કેટલો દીનભાવ! *'તમારામાં ગુણો છે તે આપજો.'* કારણ કે તમારામાં મહારાજ અખંડ રહ્યા છે.

*'જગતમાં આપનો મહિમા વધારીએ કે આપ કોણ થઈ ગયા!'* અત્યારે પ્રમુખસ્વામી મહારાજનો શતાબ્દી ઉત્સવ ચાલે છે તો સગાં-વહાલાંને, મિત્રોને તેમની વાત કરો. મહિમાની વાત કરો.

*'હઠ, માન ને ઈર્ષ્યા અમારામાં કોઈ રીતે આવે જ નહીં.'* આ જ બધું બગાડે છે. તે તમને કાંઈ કરવા દે નહીં, બ્રેક મારે. આ ત્રણ દોષ ન આવે તો તમે એકાંતિક થઈ ગયા.''

રાત્રિ સભામાં વિવેકસાગરદાસ સ્વામીએ 'યોગીગીતા' પર મનનીય પ્રવચન કર્યું હતું. ત્યારપછી કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ યોગીગીતાની પ્રાર્થનાના પૂર્વાર્ધ અને વિવેકસાગરદાસ સ્વામીએ ઉત્તરાર્ધનું પઠન કર્યું હતું. સભામાં ઉપસ્થિત સૌ સંતો-ભક્તો પ્રાર્થનામાં જોડાયા હતા.

ત્યારબાદ સ્વામીશ્રીએ સવારે સમજાવેલ યોગીગીતાનો મર્મ આગળ લંબાવતાં કહ્યું: આ બધા ગુણો આવે તો જ બુદ્ધિ, શક્તિ, તેજ, પ્રકાશ કાયમ રહે, નહીં તો અંધારું જ.

આપણે જરાક વાંકું પડે ને તરત સત્સંગ મૂકી દઈએ છીએ, પણ આ સત્સંગ એવો દિવ્ય છે કે મુકાય જ નહીં. અનંત જન્મ દાન-પુણ્ય કર્યાં છે તેના ફળરૂપે આ સત્સંગ મળ્યો છે. માટે ગમે એમ થાય સત્સંગ દૃઢ કરીને રાખવાનો છે.

યોગીબાપા કહે છે: 'નિર્દોષબુદ્ધિ, સુહૃદભાવ અને ઉપાસના દૃઢ પળાય તે રાત-દિવસ પ્રાર્થના.' રાત-દિવસ એટલે ચોવીસ કલાક! તો બાકી શું રહ્યું? સ્વામીબાપાનાં આ સૂત્રોમાં જ નજર રહે, એમાં જ વાસ રહે તે પ્રાર્થના.''

સ્વામીશ્રીના મુખેથી યોગીગીતાની પ્રાર્થનાનો મર્મ સમજી સૌ પુલકિત થઈ ઊઠ્યા હતા.

તા. ૧૧ ડિસેમ્બરના રોજ સ્વામીશ્રીએ અમરેલીમાં નિર્માણાધીન મંદિરના સંત-આશ્રમની ઈષ્ટિકાઓનું પૂજન કર્યું હતું.

## મુંબઈ મંદિરનો પાટોત્સવ

તા. ૧૨-૧૨-૨૦૧૯ના રોજ દાદર સ્થિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો તારીખ પ્રમાણે ૩૬મો પાટોત્સવ ભક્તિભાવથી ઊજવાયો હતો. સ્વામીશ્રીએ પાટોત્સવની આરતી ઉતારી હતી. આ પ્રસંગે સ્વામીશ્રીએ સૌની સુખાકારી માટે આશીર્વચન ઉચ્ચાર્યાં હતાં.

પાટોત્સવ નિમિત્તે યોગી સભાગૃહમાં યોજાયેલી સંધ્યા સભામાં યજ્ઞેશ્વરદાસ સ્વામી, જ્ઞાનપ્રિયદાસ સ્વામી અને કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ મુંબઈ ખાતેની જૂની જૂની સ્મૃતિઓ સૌને કરાવી હતી.

ત્યારબાદ સ્વામીશ્રીએ મંદિરનો મહિમા કહેતાં જણાવ્યું: ''બધા સંકલ્પો પડ્યા મૂકીને એકાગ્રચિત્ત થઈને ભજન-ભક્તિ-પ્રદક્ષિણા કરવાં. શાસ્ત્રીજી મહારાજ કહેતા: 'સાચે દેવળે ઘંટ વાગશે!' એવું થયું છે. માટે કાંઈ બાકી નથી. ભગવાનમાં દૃઢ વિશ્વાસ રાખીને, 'આ બધું સાચું છે' એમ માનીને ભજન-ભક્તિ કર્યે રાખો. તમે બધા તને-મને-ધને સુખી થાઓ, ભજન-ભક્તિમાં ખૂબ રસ પડે અને આનંદના સાગરમાં હિલોળા લીધે રાખો એ જ પ્રાર્થના.''

તા. ૧૩-૧૨-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીએ સાંકરી ક્ષેત્રના માણેકપુર ગામના બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓનો પ્રતિષ્ઠાવિધિ કરી આશીર્વાદ આપ્યા હતા.

## રવિ સત્સંગસભા

તા. ૧૫-૧૨-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીની પાવન નિશ્રામાં યોજાયેલી રવિ સત્સંગસભામાં 'પ્રાપ્તિ'ના કેન્દ્રવર્તી વિચાર સાથે વિવિધ કાર્યક્રમો રજૂ થયા હતા. રવિસભાનો લાભ લેવા મુંબઈના વિવિધ વિસ્તારોમાંથી ઊમટેલા હજારો ભક્તો-ભાવિકોથી યોગી સભાગૃહ છલકાતો હતો.

સૌને પ્રાપ્તિનો કેફ ચઢાવતાં સંગીતજ્ઞ સંતો-યુવકોએ પ્રાપ્તિના પદોનું ગાન કર્યું હતું. આત્મસ્વરૂપદાસ સ્વામીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી પ્રાપ્તિનો મહિમા સમજાવ્યો હતો.

તત્પશ્ચાત્ સૌને આશીર્વર્ષાથી લાભાન્વિત કરતાં સ્વામીશ્રીએ ગઢડા મધ્યના ૫૩મા વચનામૃતનું પઠન કરી જણાવ્યું: ''મોટાપુરુષના અવગુણ લે તે

ખોટું છે. એ બંધ કરે તો આગળ વધ્યા કરે, પણ મોટાપુરુષમાં ખોટ દેખાડે ને પોતાનું ડહાપણ ડહોળે રાખે તેની શ્રીજીમહારાજે ના પાડી છે. મોટાપુરુષની દૃષ્ટિ અલૌકિક છે. તેઓ આખા બ્રહ્માંડના કર્તાહર્તા છે માટે મોટાપુરુષમાં અવગુણ ન પરઠવો.''

## સ્વયંસેવક સભા

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના જન્મજયંતી મહોત્સવમાં નિઃસ્વાર્થભાવે સેવા કરનાર સ્વયં-સેવકોને બિરદાવતી એક વિશિષ્ટ સભા તા. ૨૦-૧૨-૨૦૧૯ના રોજ યોજાઈ હતી.

મહોત્સવમાં ૧૧ કે તેથી વધુ દિવસોની સેવા કરનાર સ્વયંસેવકો આ સભામાં ઉપસ્થિત હતા. સમગ્ર યોગી સભાગૃહ સેવકોથી હકડેઠઠ ભરાયેલું હતું.

સ્વયંસેવકોના વિશિષ્ટ પ્રસંગોમાંથી કેટલાક ચૂંટેલા પ્રસંગો પ્રસ્તુત થયા બાદ અભયસ્વરૂપદાસ સ્વામીએ ગુરુવર્યો અને કાર્યકરો-સ્વયંસેવકોનો હૃદયથી આભાર માન્યો હતો. તત્પશ્ચાત્ સ્વામીશ્રીએ સૌને દર્શનલાભ આપી કૃતાર્થ કર્યા. અંતે આસન પરથી ઊભા થઈને સ્વામીશ્રી સૌને સમૂહમાં ભેટ્યા ત્યારે સેવકો ભાવાર્દ્ર થઈ ગયા હતા.

અંતે સૌ સ્વયંસેવકોને રાજીપાભર્યા હૃદયાશિષ અર્પતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''શ્રીજીમહારાજે સેવાનો ખૂબ મહિમા કહ્યો છે. બધાં સાધનોમાં તેને સર્વોપરી સાધન બતાવાયું છે.

તમે બધાએ સમય-સગવડ જોયા વગર ઘણી સેવા કરી છે. પ્રસંગોમાં સાંભળ્યું કે કેટલાયનું સ્વાસ્થ્ય સારું નહોતું તો પણ ખૂબ મહિમાથી સેવા કરી છે. મહારાજ-સ્વામી તમારી સેવા અંગીકાર કરે છે. તમે ખૂણે ખૂણે પહોંચી વળ્યા છો ને બધેથી કસ કાઢીને સેવા કરી છે. તમારે કોઈ સ્વાર્થ નહોતો માટે શ્રીજીમહારાજ તમારી સેવા ગણે છે. તમે સુંદર, સરસ, અપાર સેવા કરી છે. ને અક્ષરધામ તો શ્રીજીમહારાજ મળ્યા ત્યારથી જ રિઝર્વ થઈ ગયું છે! એમાં કોઈ શંકા નથી. હવે સ્વભાવમુક્તિ થાય એટલે ધામમાં બેસી ગયા. આ સેવા કરી એટલે આ લોકમાં તો તમે ખાટી ગયા પણ શ્રીજીમહારાજ અક્ષરધામમાં કાંઈ બાકી નહીં રાખે.''

સ્વયંસેવકોની સેવાથી પ્રસન્ન થતાં સ્વામીશ્રીએ આશીર્વચનો લખી આપ્યાં કે 'બધા સ્વયંસેવકો મન દઈને ખૂબ ઘસાયા છો તો બધા જ સર્વે પ્રકારે સુખી થશો.'

આમ, સ્વયંસેવકોની સેવા-ભક્તિને બિરદાવી સ્વામીશ્રીએ ખૂબ પ્રસન્નતા વરસાવી હતી.

## સત્સંગ સમારોહ

તા. ૨૧-૧૨-૨૦૧૯ના રોજ દાદર સ્થિત બી.એ.પી.એસ. સ્વામિ-નારાયણ મંદિરના યોગી સભાગૃહમાં 'શ્રીમદ્ રાજચંદ્ર મિશન' દ્વારા એક સત્સંગ સમારોહ યોજાયો હતો. શ્રીમદ્ રાજચંદ્ર મિશનના ધર્મગુરુ શ્રી રાકેશભાઈ ઝવેરીની નિશ્રામાં યોજાયેલા આ સમારોહમાં શ્રી હરિકૃષ્ણ મહારાજ અને સ્વામીશ્રીનું આગમન થતાં શ્રી રાકેશભાઈએ ભાવભર્યું અભિવાદન કર્યું. મંચની મધ્યમાં પ્રસ્થાપિત શ્રી મહાવીર સ્વામી અને શ્રીમદ્ રાજચંદ્રની મૂર્તિનાં ચરણોમાં પુષ્પ પધરાવી સ્વામીશ્રીએ ભક્તિભાવ અર્પ્યો.

પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજ સાથેના શ્રી રાકેશભાઈના હેત-પ્રેમના પ્રસંગો પ્રવક્તા શ્રી નેમીજીએ રજૂ કર્યા. આ તમામ પ્રસંગોને ગૂંથતા એક વીડિયોનું દર્શન સૌને કરાવવામાં આવ્યું. આત્મસ્વરૂપદાસ સ્વામીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું.

શ્રી રાકેશભાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સ્વામીશ્રીનાં ગુણાનુગાન કરતાં જણાવ્યું: ''આવા સંતનાં દર્શન કરતાં મને તો આજે એવી અનુભૂતિ થાય છે કે જાણે હું પવિત્ર ગંગાજીનું સ્નાન કરી રહ્યો હોઉં. પવિત્રતાનું શિખર એટલે પૂજ્ય મહંત સ્વામી મહારાજ! મને તેમનું બધું જ ગમે છે. પણ બે-ત્રણ ચીજ બહુ જ ગમે છે. એક તો તેમની આંખો! વિકારી નહીં, શિકારી નહીં, અહંકારી નહીં, ઠગારી નહીં પણ - સંસ્કારી! પૂજારી!

બી.એ.પી.એસ. સંસ્થાના આધ્યાત્મિક અને વહીવટી વડા આટલાં બધાં કામો વચ્ચે પણ ૫૦ મિનિટની પૂજા એવી રીતે કરે કે જાણે એના માટે જ જન્મ્યા છે. તેમનો દાસાનુદાસ ભાવ તો મને અતિશય સ્પર્શ્યો છે. તેઓનું અંતર આટલું શુદ્ધ છે તે પરિચયમાં આવવાથી પ્રતીતિ થઈ, તેઓ બધાને નમે! હું ભગવાનનો આભાર માનું છું કે તેઓએ મને એવા સમયે જન્મ આપ્યો જ્યારે આવા નિર્દોષ, નિર્મળ સાધુનાં દર્શન-સમાગમ પ્રસંગે પ્રસંગે થતાં રહે છે. મેં કદી એમના ઐશ્વર્ય તરફ નથી જોયું, હંમેશાં એમની નિર્દોષતા, નિઃસ્પૃહિતા સામે જોઈને મારી અંદર તે ભાવનાઓની વૃદ્ધિ કરી છે.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું જ્યારે જ્યારે સ્મરણ થાય છે ત્યારે મારા અંતરમાં અહોભાવ જાગે છે. બી.એ.પી.એસ.નાં પ્રેમ, પ્રોત્સાહન અને પ્રેરણા મને મળ્યાં છે. પ્રાર્થના કરીએ કે આપણી સંસ્થાઓ વચ્ચે એવું બોન્ડિંગ રહે જેથી જગતમાં અધ્યાત્મની સુગંધ વધુ ને વધુ પ્રસરે.''

અંતમાં સ્વામીશ્રીએ હૃદયની ભાવનાઓ વહાવતાં જણાવ્યું: ''રાકેશભાઈ મહાજ્ઞાની છે. તેઓ આધ્યાત્મિકતાથી સમાજસેવા કરી રહ્યા છે. બધાને આધ્યાત્મિક ખોરાક પૂરો પાડે છે ને આગળ લઈ જાય છે. તમે બધા આગળ ને આગળ વધતા જાવ છો. આ બહુ સૂક્ષ્મ વાત છે.

સમજણ હોય તો બધા પ્રૉબ્લેમ સૉલ્વ થાય. પોતાને ન્યૂન માનવું ને બીજાને અધિક માનવું એ સમજણ શ્રીજીમહારાજે કહી છે. એ રીતે રહીએ તો કોઈ દુઃખ, ક્લેશ, પ્રશ્ન ન થાય. પોતાને અધિક માને તો બધું બગડે. સ્વામિનારાયણ ભગવાને કહ્યું: 'માન બધાં કામ બગાડી નાંખે છે.' માનનો છાંટો જેમાં પડ્યો તે બગડ્યું. જ્યારે આત્મજ્ઞાન ભવસાગર તારે. અમારે ને તમારે બધું સરખું જ છે. બધા અહીં આવ્યા છીએ તેમાં કોઈ નાના-મોટા નથી. સૌને જય સ્વામિનારાયણ!''

સ્વામીશ્રીના હૃદયની ભાવનાઓ સૌએ તાળીનાદથી વધાવી.

શ્રીમદ્ રાજચંદ્ર મિશન દ્વારા તૈયાર થયેલા કેલેન્ડર, યર ઑર્ગેનાઈઝરનું સ્વામીશ્રીના હસ્તે વિમોચન થયું. આ સંસ્થા દ્વારા હાથ ધરાયેલા 'કમ્બલ વિતરણ' પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન પણ સ્વામીશ્રીના હસ્તે કરાવવામાં આવ્યું હતું.

## સન્માન સમારંભ

મુંબઈના આંગણે ઊજવાયેલા પ્રમુખસ્વામી મહારાજ જન્મજયંતી મહોત્સવમાં સેવા-સહકાર આપનાર સહયોગીઓનો સન્માન સમારંભ તા. ૨૩-૧૨-૨૦૧૯ના રોજ સંધ્યા સમયે યોજાયો હતો. ઉત્સવ નિમિત્તે કેટલાક વિશિષ્ટ નિયમો ગ્રહણ કરનાર બાળકો અને બાળકાર્યકરો પર કૃપાદૃષ્ટિ કરી સ્વામીશ્રી સમારંભમાં પધાર્યા.

મહોત્સવને પોતાનો માની અનન્ય સહયોગ આપનાર શ્રી હર્ષદભાઈ મોદી, શ્રી દિલીપભાઈ શાહ, શ્રી રજનીભાઈ અજમેરા, શ્રી દિલીપભાઈ પટેલ, શ્રી સુરેશભાઈ લાલવાણી, શ્રી જયદીપભાઈ સ્વાદિયા, શ્રી ભાવેશભાઈ ઠક્કર, શ્રી સુધીરભાઈ નાયક વગેરે સહયોગીઓને સ્વામીશ્રીએ આશીર્વાદ અને સ્મૃતિભેટ આપી તેમના ભક્તિભાવને બિરદાવ્યો હતો.

મહોત્સવના મુખ્ય સહયોગી અને ડી. વાય. પાટીલ સ્ટેડિયમના માલિક શ્રી વિજયભાઈ પાટીલનો આભાર માની બ્રહ્મવિહારીદાસ સ્વામીએ ઉત્સવ સાથે સંકળાયેલા તેમના કેટલાક પ્રસંગો પૈકી એક પ્રસંગ ટાંકતાં કહ્યું, ''વિજયભાઈને એક જ્યોતિષીએ કહ્યું હતું કે 'તમારા સ્ટેડિયમમાં ભવિષ્યમાં કોઈક મહાન પવિત્ર પુરુષનાં પગલાં થશે.' તે ભવિષ્યવાણી સાચી પડી. સ્વામીશ્રીનાં ચરણ તે પરિસરમાં પડતાં, તેઓના સાંનિધ્યથી સ્ટેડિયમમાં દિવ્યતા છવાઈ ગઈ હતી.''



ત્યારપછી શ્રી વિજયભાઈ અને તેમના પુત્ર રાજવીરે સ્વામીશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા. સ્વામીશ્રીએ રાજવીરને હાર પહેરાવી ખૂબ રાજીપો વરસાવ્યો હતો. શ્રી વિજયભાઈને સ્મૃતિભેટ રૂપે સ્વામીશ્રીએ પ્રસન્નતા-પૂર્વક બિરદાવ્યા હતા.

આ પ્રસંગે શ્રી અંતરની અનુભૂતિઓ વર્ણવતાં વિજયભાઈએ કહ્યું: ''અમારા માટે ખૂબ આનંદની વાત એ બની કે તમે આ અદ્ભુત ઉત્સવમાં યજમાન બનવાની તક અમને આપી. અમને તમારા તરફથી જે પ્રેમ, સ્નેહ અને સન્માન મળ્યાં છે તેનું વર્ણન કરવા મારી પાસે શબ્દો નથી. મહંત સ્વામી મહારાજને મળવા હું સૌ પ્રથમ અમદાવાદ ગયો હતો. મંદિરમાં પ્રવેશતાં જ મને એવી દિવ્ય શક્તિનો અનુભવ થયો કે જે હું શબ્દોમાં વર્ણન નહીં કરી શકું. મેં મહંત સ્વામી મહારાજનાં ચરણોનો સ્પર્શ કર્યો. તેમણે મારી આંખોમાં જોયું અને તે જ વખતથી મેં ઊંડું જોડાણ અનુભવ્યું. તેઓની આંખોમાં એ લાગણીઓ હતી જે મેં મારાં પિતાજી અને માતુશ્રીની આંખોમાં જોઈ હતી ! હું તેઓને પહેલી જ વાર મળતો હતો છતાં મેં ઊંડું, લાગણીભર્યું અને આધ્યાત્મિક કનેક્શન અનુભવ્યું. તેમણે મારો હાથ થોડીવાર સુધી પકડી રાખ્યો તે વખતે મેં મારા સમગ્ર શરીરમાં ચેતનાનો પ્રવાહ અનુભવ્યો. તે મારા જીવનની સૌથી અગત્યની ક્ષણો હતી અને તે મારા માટે પરિવર્તનની પણ ક્ષણો હતી, જે હું ક્યારેય ભૂલી નહીં શકું.

ઉત્સવ માટે સંતો અમારા પરિસરની મુલાકાતે આવવા લાગ્યા. મને તેઓની વાતો, તેઓનાં મૂલ્યો ખૂબ ખૂબ સ્પર્શી ગયાં ! લોકો ઍર પોલ્યુશન, વૉટર પોલ્યુશન વગેરેની વાતો કરે છે, પણ મારા માટે આજનું સૌથી મોટું પ્રદૂષણ, જેની સામે આ વિશ્વ લડી રહ્યું છે તે છે થોટ પોલ્યુશન (વિચારોનું પ્રદૂષણ)! આ વિશ્વમાં ઘણા ભેદભાવો છે. તેના ઉપાયરૂપે મહંત સ્વામી મહારાજનો બોધ અને તેમની વાતો ખૂબ અગત્યનાં બની જાય છે. આવાં સાચાં મૂલ્યો - સાચા વિચારો મને ખૂબ સ્પર્શી ગયાં. ભક્તોમાં સમર્પણ, ભક્તિ અને પ્રેમ ખૂબ જોવા મળ્યાં.

આ બધું મને ખૂબ ખૂબ સ્પર્શી ગયું. ખરેખર શબ્દો ખૂટે છે. હું માનું છું કે સ્ટેડિયમ આપવું એ તો અમારા તરફથી એક નાનું એવું યોગદાન હતું. તમે અમારા પરિસર અને સુવિધાઓ પસંદ કર્યા, આપનાં ચરણારવિંદથી તે પાવન કર્યા તે બદલ અમારો પરિવાર આપનો આભારી છે.

આ ઉત્સવ ખરેખર ખૂબ ભવ્ય હતો. આવું મેં પૂર્વે ક્યારેય જોયું નથી. મેં ઇન્ટરનેશનલ મૅનેજર્સ, એજન્સીઝ, મૅનેજમૅન્ટ જોયાં છે, પણ આ જન્મજયંતીમાં જે મૅનેજમૅન્ટ હતું અને તેનું જે અમલીકરણ હતું તે હંમેશાં મારા અંતરમાં રહેશે. ખરેખર આ અનુભવ એવો હતો જાણે દિવ્યતા અમારા પરિસરમાં ઊતરી આવી હોય ! આપનો ખૂબ ખૂબ આભાર !!''

સૌએ બુલંદ તાળીનાદથી વિજયભાઈના હૃદયની ભાવનાઓને વધાવી. મહિલા વિભાગમાં વિજયભાઈનાં પત્નીનું મહિલા અગ્રણીઓ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

અંતમાં સ્વામીશ્રીએ આશીર્વચન અર્પતાં જણાવ્યું: ''મહારાજ-સ્વામી, યોગીબાપા અને પ્રમુખસ્વામી મહારાજની દયાથી સર્વોપરી ઉત્સવ થઈ ગયો. સ્વયંસેવકોએ પણ કમાલ કરી છે. વિજયભાઈ પોતે જ વાત કરે છે કે 'મારી પાસે શબ્દો નથી' તેમાં ઘણું બધું આવી ગયું, જે તેમના જીવનમાં છે. અને બધાના મુખમાં પણ આ જ હતું. ભગવાનની દયાથી સર્વોપરી ઉત્સવ થઈ ગયો.''

સ્વામીશ્રીના મુંબઈ ખાતેના આ વખતના રોકાણની આ અંતિમ સભા હતી. કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી અને અભયસ્વરૂપદાસ સ્વામી તેમજ મહોત્સવ સમિતિ વતી આત્મસ્વરૂપદાસ સ્વામી અને બ્રહ્મવિહારીદાસ સ્વામીએ આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

મુંબઈ ખાતેના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ મહાનુભાવો અને દેશ-વિદેશના અગ્રણી હરિભક્તોને દર્શન-મુલાકાતો અર્પી હતી. પ્રમુખસ્વામી મહારાજના જન્મજયંતી મહોત્સવમાં સહાયભૂત થયેલા ડી. વાય. પાટીલ, પરિસરના મૅનેજર શ્રી વૃંદનભાઈ સ્વામીશ્રીનાં પૂજાદર્શને પધાર્યા હતા. સ્વામીશ્રીએ તેમનું સન્માન કરી આશીર્વાદ આપ્યા હતા. શ્રી વૃંદનભાઈ સ્વામીશ્રીના હસ્તે કંઠી ધારણ કરી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત બન્યા હતા. એ જ રીતે જન્મજયંતી મહોત્સવના કાર્યક્રમમાં દિગ્દર્શક તરીકે સેવાઓ આપનાર શ્રી અરુણ શેષકુમાર પણ સ્વામીશ્રીનાં પૂજાદર્શને પધાર્યા હતા. સ્વામીશ્રીએ તેઓને સન્માની ખૂબ આશિષ આપ્યા હતા. શ્રી અરુણ શેષકુમારજી સ્વામીશ્રી અને ઉત્સવથી એટલા પ્રભાવિત થયા હતા કે તેમણે પોતાનાં તમામ વ્યસનોને તિલાંજલિ આપી હતી.

આમ, મુંબઈ ખાતે તા. ૨૮-૧૧-૨૦૧૯ થી ૨૪-૧૨-૨૦૧૯ સુધીના રોકાણ દરમ્યાન ભક્તો-ભાવિકોને દિવ્ય લાભથી લાભાન્વિત કરી સ્વામીશ્રી સુરત પધાર્યા હતા.



## સ્વામીશ્રીના દિવ્ય સત્સંગ લાભને માણતું સુરત સત્સંગ મંડળ...

*મુંબઈ ખાતે આધ્યાત્મિક લાભ આપી સ્વામીશ્રી પુનઃ ગુજરાતની ધરા પર પધાર્યા હતા. તા. ૨૪-૧૨-૨૦૧૯ના રોજ સુરતના આંગણે પધારેલા સ્વામીશ્રીનું સંતો-હરિભક્તોએ ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. બાળકોએ સમૂહમાં 'સહજાનંદ નામાવલિ'નો પાઠ કરી સ્વામીશ્રીને સત્કાર્યા હતા. કુલ ૯૯૬ જેટલા યુવાઓએ ગુરુહરિના આગમન નિમિત્તે ૨૧,૭૩૮ કલાકના વિવિધ તપ-વ્રત કર્યાં હતાં. સ્વામીશ્રીના અહીંના તા. ૨૪-૧૨-૨૦૧૯ થી તા. ૨૬-૧-૨૦૨૦ સુધીના રોકાણ દરમ્યાન તેઓના નિરામય દીર્ઘાયુ માટે હરિભક્તોએ પદયાત્રા-દંડવતયાત્રા કરી વિશેષ ભક્તિઅર્ઘ્ય અર્પણ કર્યું હતું.*

*સુરત ખાતેના રોકાણ દરમ્યાન તા. ૧-૧-૨૦૨૦ના રોજ સ્વામીશ્રીએ થાઈલેન્ડના પાટનગર બેંગકોકમાં રચાનાર નૂતન બી.એ.પી.એસ. મંદિરની શિલાઓનું પૂજન કરી શિલાન્યાસ કર્યો હતો. પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ નિમિત્તે ૨૦૦ કીર્તન આરાધનાઓનો સંકલ્પ આપનાર સ્વામીશ્રીએ સંકલ્પની પરિપૂર્તિ માટે ૧૦૦ યુવકો અને ૧૦૦ બાળકોને આશીર્વાદ આપ્યા હતા. તા. ૧૦-૧-૨૦૨૦ના રોજ સ્વામીશ્રીએ વાંકાનેર (સાંકરી)ના બી.એ.પી.એસ. મંદિરમાં સ્થાપિત થનારી ગુરુપરંપરાની મૂર્તિઓનો પૂજન-પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. તા. ૧૨-૧-૨૦૨૦ના રોજ સ્વામીશ્રીનાં દર્શને ૧૦મા અને ૧૨મા ધોરણમાં અભ્યાસ કરતા ૧૮૦૦ જેટલાં સુરતના વિદ્યાર્થીઓ આવ્યા હતા. આ તમામ વિદ્યાર્થીઓની ઉજ્જવળ કારકિર્દી માટે સ્વામીશ્રીએ અંતરના આશિષ પાઠવ્યા હતા. આ ઉપરાંત સ્વામીશ્રીનાં દર્શને પધારેલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય, ઉકાઈ અને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, સુરતના બાળકોએ સ્વામીશ્રી સમક્ષ વિશેષ ભક્તિભાવ પ્રગટ કરી સ્વામીશ્રીની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી.*

*ધનુર્માસ એટલે ભગવાન પ્રત્યે ભક્તિભાવ અર્પણ કરવાનો પવિત્ર માસ. તા. ૧૬-૧૨-૨૦૧૯ થી તા. ૧૪-૧-૨૦૨૦ દરમ્યાન ધનુર્માસના પવિત્ર દિવસોએ સ્વામીશ્રીએ નિત્ય એક બ્રહ્મવિદ્યાનો પાઠ આપી સૌને ભક્તિમાર્ગે આગળ વધવાની પ્રેરણા આપી હતી. સુરત ખાતે સ્વામીશ્રીએ આપેલા આધ્યાત્મિક લાભને અહીં માણી કૃતાર્થ થઈએ...*

### સૂર્યગ્રહણ સભા

સુરત ખાતે તા. ૨૬-૧૨-૧૯ના રોજ કંકણાકૃતિ સૂર્યગ્રહણનો ઉત્સવ સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઊજવાઈ ગયો. સવારે ૮-૦૬ વાગ્યાથી ગ્રહણનો સ્પર્શ શરૂ થયો અને ૧૦-૫૩ વાગ્યે મોક્ષ થયો હતો. શ્રીહરિની આજ્ઞાને અનુસરતા સ્વામીશ્રી ભજન-ભક્તિ માટે ગ્રહણ પહેલાં પાંચ મિનિટ વહેલા સભામંડપમાં પધાર્યા હતા.

ધૂન અને કીર્તન બાદ 'જેવા મેં નીરખ્યા...' કાર્યક્રમ અંતર્ગત વડીલ સંતોએ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજ સાથેના સ્વાનુભવના પ્રસંગો વર્ણવ્યા હતા.

સ્વામીશ્રીએ પ્રસંગોમાં ભળી જઈ તે પ્રસંગની સ્મૃતિ કરતાં ખૂબ જ આનંદ કરાવ્યો હતો. પ્રસંગકથનની વચ્ચે વચ્ચે ભજન, કીર્તનની અંતાક્ષરી રજૂ થઈ હતી.

આજના દિને બ્રહ્મવિદ્યાનો પાઠ આપતાં સ્વામીશ્રીએ લખ્યુંઃ 'સત્સંગી માત્રમાં ગુણ દેખાય તેના ઉપર ભગવાન અને સંતની કૃપા જાણવી.' તેના પર ચિંતન રજૂ કરતાં સ્વામીશ્રીએ જણાવ્યુંઃ ''આ સીધા-સાદા વાક્યમાં બધાં શાસ્ત્રમાત્ર આવી ગયાં. ગમે એવો હોય, નાનો કે મોટો, તમને અનુકૂળ આવે - ન આવે, પણ એમાં ગુણ દેખાય તો એના ઉપર જ ભગવાન અને સંતની કૃપા થઈ જાણવી. આપણે વાત કરીએ છીએ કે 'ભગવાનની કૃપા થઈ' પણ અસલી કૃપા તો આ જ છે. અહીં અવગુણની વાત જ નથી. ગુણ જ દેખાય. તમારો વિરોધી હોય તોય એમાં પણ ગુણ દેખાય ત્યારે જ ભગવાનની કૃપા થઈ જાણવી.''

આશીર્વચનની સમાપ્તિ બાદ ગ્રહણમોક્ષની ધૂન થઈ. સતત પોણા બે કલાક સુધી સૌને બ્રહ્માનંદ કરાવી સ્વામીશ્રીએ ગ્રહણમુક્તિ બાદ સ્નાન કરી નિત્યપૂજા કરી હતી.

બી.એ.પી.એસ. મંદિરોની દર્શનયાત્રાએ નીકળેલા ૫૫૦ જેટલા રાજસ્થાની ભક્તો આજે સુરત મંદિરે પધાર્યા હતા. સ્વામીશ્રીએ ખૂબ પ્રેમથી તમામ ભક્તોને આશીર્વાદ આપ્યા હતા.

તા. ૨૭ ડિસેમ્બરના રોજ તિથિ પ્રમાણે પ્રમુખસ્વામી મહારાજનો ભાગવતી દીક્ષાદિન ઊજવાયો હતો.

સાયંકાળે સ્વામીશ્રી યોગી સભામંડપમાં સ્વામિનારાયણ સ્ટડીઝના દેશ-વિદેશના વિદ્યાર્થીઓની શિબિરમાં પધાર્યા. શિબિરાર્થીઓને નિષ્ઠાની વાત દૃઢાવતાં સ્વામીશ્રીએ જણાવ્યુંઃ ''ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યુંઃ 'નિષ્ઠા થઈ તેને સર્વે કાર્ય થઈ રહ્યું, તેને કાંઈ બાકી રહ્યું નથી.' કેટલી મોટી વાત! બધાથી પર એવા અક્ષરબ્રહ્મ આ વાત કરે છે. આપણું ધ્યેય નિષ્ઠા પર જ જાય છે. બધું થાય પણ મહારાજ-સ્વામીની નિષ્ઠા ન થાય તો કાંઈ કર્યું નથી, ને તો આપણું જીવન લજવાયું કહેવાય. આપણા અભ્યાસ વગેરે આના માટે જ છે. અંતે આ પરિણામ આવવું જોઈએ કે 'નિષ્ઠા પાકી થઈ જાય.' ને આપણે એવા પુરુષો પામ્યા છીએ - સાક્ષાત્ શાસ્ત્રીજી મહારાજ, યોગીબાપા અને પ્રમુખસ્વામી મહારાજ મળ્યા છે. નિષ્ઠા થઈ છે તે દૃઢ કરીને રાખવી. નિષ્ઠાથી બધું જ કામ થાય. આ લોકના વ્યવહાર તો માર્યા ફરે. નિષ્ઠા એવી જબરજસ્ત થાય કે મહારાજ-સ્વામીરૂપ થઈ જવાય. પછી કાંઈ બાકી નથી રહેતું.''

## સ્વાગત સભા

તા. ૨૯-૧૨-૨૦૧૯ના રોજ યોજાયેલી રવિસભા સ્વામીશ્રીનું સ્વાગત કરતી વિશિષ્ટ સભા બની રહી હતી. સુરતના ઉપનગર કણાદ ખાતે રચાનાર શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરની પવિત્ર ભૂમિ પર આ સ્વાગત સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહંત સ્વામી મહારાજને સુરતના આંગણે સત્કારવા સભામાં ૨૮,૦૦૦ જેટલા હરિભક્તો ઉપસ્થિત હતા.

મંચની પાર્શ્વભૂ કેળનાં પાનથી સજાવી હતી. વચ્ચે ફૂલોનું સુંદર સુશોભન હતું. ગગનભેદી જયનાદોથી ભક્તોએ સ્વામીશ્રીને સત્કાર્યા.

આજની સભાનો મુખ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ 'મહાગજરાજ' સંવાદ હતો. તેનું કથાનક નિષ્કુળાનંદ સ્વામીની પંક્તિ-*'કિયાં કીડી કરી મેળાપ! ભેળો થાવા ભારે ભેદ છે રે...'* પર આધારિત હતું. પ્રાપ્તિનો મહિમા સમજાવતા આ અદ્ભુત સાંસ્કૃતિક કાર્યક્રમ બાદ યુવાવૃંદે *'આજ શુભદિન આયો ધરા પર, આનંદ ચહુ ઓર છાયા...'* સ્વાગતનૃત્ય કર્યું. જે દરમ્યાન પોતાના જીવનમાં એક સદ્ગુણની વૃદ્ધિ કરનાર અથવા એક દુર્ગુણ-કુટેવ ત્યાગનાર હરિભક્તોએ સંકલ્પના પ્રતીકરૂપે શ્રી હરિકૃષ્ણ મહારાજ અને સ્વામીશ્રીનાં ચરણોમાં પુષ્પો પધરાવ્યાં હતાં.

અંતમાં સદ્ગુણસાગર સ્વામીશ્રીએ સૌની ભક્તિને સ્વીકારી આશીર્વર્ષા કરતાં જણાવ્યુંઃ ''તમારા બધાનો આવો ભાવ જોઈને આ બધી પુષ્પાંજલિ મહારાજ-સ્વામીને પહોંચી ગઈ છે. ભાવની કિંમત છે. તમારો ભાવ હીરા જેવો છે. શ્રીજીમહારાજના વખતથી ભક્તોની સ્થિતિ સામાન્ય હતી, પણ તેમના ભાવને લીધે શ્રીજીમહારાજ રાજી થતા. ભગવાન ભાવના ભૂખ્યા છે. અંતરના શુદ્ધ ભાવથી જે કરો તે મહારાજ-સ્વામીને જરૂર પહોંચે છે. ભાવની બોલબાલા છે. 'ભાવ' શબ્દ લાગે એટલે તેની જીત થઈ ગઈ.''

## રવિ સભા

તા. ૫-૧-૨૦૨૦ના રોજ સ્વામીશ્રીની પાવન નિશ્રામાં કણાદ ખાતે યોજાયેલી રવિ સત્સંગસભા હજારો હરિભક્તો-ભાવિકો માટે પ્રેરણાસભા બની રહી હતી. *'કરિષ્યે વચનમ્ તવ...'* કેન્દ્રવર્તી વિચાર સાથે યોજાયેલી સભાના મુખ્ય કાર્યક્રમ રૂપે સંવાદ રજૂ થયો હતો. જેમાં એક પ્રસંગ પ્રસ્તુત કરીને યુવાનોએ સ્વામીશ્રીનો રાજીપો પ્રાપ્ત કરવા પર પ્રકાશ પાથર્યો હતો.

અંતમાં સ્વામીશ્રીએ અહીં નિર્માણાધીન શિખરબદ્ધ મંદિરના ભવ્ય નિર્માણની હાકલ કરતાં કહ્યુંઃ 'સુરતને

શોભે એવું ભવ્ય મંદિર બાંધવું છે. માટે આજથી જ બધા સેવામાં મંડી પડો. આ સેવાના બદલામાં ભગવાન તમને આ લોકનું અને પરલોકનું સુખ આપશે. મંદિર આપણી શોભા છે. સુરત મંડળને આ તક મળી છે એટલે આમાં મંડી પડવું. મંદિર નિર્માણ માટે અમને પણ ઉમંગ છે. અને તેનાથી યોગીબાપા તથા પ્રમુખસ્વામી મહારાજ પણ બહુ રાજી થશે.'

સભામાં ઉપસ્થિત ૩૫,૦૦૦ જેટલા હરિભક્તોએ બે હાથ ઊંચા કરી સ્વામીશ્રીનાં પ્રેરણાવચનો ઝીલ્યાં. યુવાવૃંદે *'આવ્યો રે આવ્યો રે નૂતન અવસર આવ્યો રે...'* ગીત પર સમર્પણનૃત્ય પ્રસ્તુત કરી ભક્તિભાવ પ્રગટ કર્યો હતો.

## ઉત્તરાયણ - ઝોળી ઉત્સવ

ઉત્તરાયણનું પવિત્ર પર્વ એટલે સમર્પણનું પર્વ. ઉત્તરાયણના આ દિવસે સંપ્રદાયમાં ઝોળીપર્વનો વિશેષ મહિમા છે. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની ઝોળીની પરંપરાને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે પણ જીવંત રાખી છે.

આજના ઉત્સવે વહેલી સવારથી જ મંદિરમાં ઝોળી ઉત્સવનો માહોલ છવાયો હતો. ઉત્સવને અનુરૂપ મંદિરમાં ઝોળી ઉત્સવના શણગાર સજવામાં આવ્યા હતા. આજની ઉત્તરાયણ-ઝોળી ઉત્સવની વિશિષ્ટ સભા કણાદની પવિત્ર ભૂમિ પર આયોજિત હતી. સુરત તેમજ આજુબાજુનાં કેન્દ્રોમાંથી મોટી સંખ્યામાં ભક્ત-મહેરામણ ઝોળી ઉત્સવનો લાભ લેવા માટે ઊમટ્યો હતો.

સંતો-યુવકોએ ભક્તિપદોનું ગાન કરી સભાનો શુભારંભ કર્યો. વિવેકસાગરદાસ સ્વામીએ પ્રાસંગિક પ્રવચનમાં ઝોળીનો મહિમા કહી પ્રમુખસ્વામી મહારાજ સાથેની જૂની સ્મૃતિઓ તાજી કરી હતી. સભામાં ઉપસ્થિત સુરત શહેરના મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાનીએ આ પ્રસંગે સ્વચ્છતા અભિયાનની વાત કરી સૌને સાથ-સહકાર આપવા અનુરોધ કર્યો હતો. ઉત્તમપ્રકાશદાસ સ્વામીએ પણ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું.

ઠાકોરજીને આરતી-અર્ઘ્ય બાદ સ્વામીશ્રીએ ફુગ્ગાઓ સાથે ગગનમાં ચગતા પતંગની દોરી ખેંચી સૌને આજના દિનની વિશિષ્ટ સ્મૃતિ પ્રદાન કરી હતી. આજના ઉત્સવે સૌ પર કૃપાવર્ષા વરસાવતાં સ્વામીશ્રીએ કહ્યું, ''આજે ઝોળી પર્વે સુરતના હરિભક્તોએ ભગવાનની ઝોળી છલકાવી દીધી છે. તન-મન-ધનથી બધાએ ખૂબ સેવા કરી છે. બધા ખૂબ ઘસાયા છો. ખૂબ યોગદાન આપ્યું છે.



સમગ્ર સંસ્થામાં બધા હરિભક્તો ન પૂછો વાત એ રીતે સેવા કરે છે. એનું કારણ એ છે - પ્રમુખસ્વામી મહારાજ રાજી થાય. બીજું કાંઈ વળતર જોઈતું નથી. રાજીપા માટે બધા મંડ્યા છો. અને તમારી ઉપર એટલો બધો રાજીપો થઈ ગયો છે. આ રાજીપો ત્યાં સુધી લઈ જવાનો છે કે તે મોક્ષમાં પરિણમે. અને તમે બધા મંડ્યા છો એટલે મોક્ષ સુધી પહોંચાશે. મહારાજ-સ્વામીની દયા છે અને તે આપણને મોક્ષ સુધી પહોંચાડશે. ધામમાં બેસાડશે અને બધા સુખિયા થશો.'

આટલું કહીને સ્વામીશ્રીએ સ્વચ્છતા અભિયાનની હાકલ કરતાં કહ્યું: 'હમણાં કમિશનર સાહેબે સ્વચ્છતાની વાત કરી. સ્વચ્છતાની બાબતમાં આપણે સાવધાન રહીને આ શહેરની સ્વચ્છતા થાય તે ધ્યાનમાં રાખીએ.''

આશીર્વાદની સમાપ્તિ બાદ સ્વામીશ્રીએ બંને ખભે ઝોળી ધારણ કરી *'સ્વામિનારાયણ હરે ! સચ્ચિદાનંદ પ્રભો !'*ની આહ્‌લેક લગાવી. સાથે વરિષ્ઠ સંતોએ ઝોળી ધારણ કરી આ આહ્‌લેકને પ્રતિધ્વનિત કરી હતી. ત્યારપછી સ્વામીશ્રીએ ફેલાવેલી ઝોળીમાં દાનના સંકલ્પ પત્રો અર્પણ કરી સૌએ આજના ઉત્સવે ભગવાનની ઝોળી ભરી દીધી હતી. અંતમાં સૌ પ્રસાદ લઈ વિદાય થયા હતા.

મહંત સ્વામી મહારાજના દિવ્ય સાંનિધ્યમાં આજે ઝોળી પર્વની ઉજવણીમાં ૩૬,૦૦૦ હજાર જેટલા આબાલવૃદ્ધ સ્ત્રી-પુરુષ હરિભક્તોએ સમર્પણની ગંગા વહાવીને અવિસ્મરણીય ભક્તિપૂર્ણ માહોલ સર્જ્યો હતો.

(બ્રહ્મવત્સલદાસ સ્વામી લિખિત અહેવાલ પરથી સંકલિત) ◆

# નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં ઊજવાયા મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો



નૈરોબી ખાતે મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા પ્રતિષ્ઠિત મૂર્તિઓની ત્યાગવલ્લભદાસ સ્વામીએ કરી સ્થાપના...

## નૈરોબીના દક્ષિણ ક્ષેત્ર ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજની ઐશ્વર્ય-સંકલ્પભૂમિ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની રમણભૂમિ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની વિચરણ ભૂમિ એટલે આફ્રિકા ખંડ. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સન ૧૯૯૯માં આફ્રિકાના નૈરોબી મહાનગરમાં સત્સંગનું કેન્દ્ર સમું શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનું નિર્માણ કરીને સ્વામિનારાયણીય સત્સંગને અહીં વિશેષ વેગવંતો બનાવ્યો છે.

તાજેતરમાં આ મંદિરને ૨૦ વર્ષ પૂર્ણ થતાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં દ્વિદશાબ્દી ઉત્સવ શાનદાર રીતે ઊજવાઈ ગયો. આ ઉત્સવની સાથે સાથે નૈરોબીના સત્સંગ વિકાસના ઇતિહાસમાં વધુ એક પૃષ્ઠ ઉમેરાઈ ગયું. એ છે – નૈરોબીના ઉપનગર સાઉથ ઝોનમાં નૂતન બી.એ.પી.એસ. મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ.

નૈરોબીમાં ઍરપોર્ટ અને ઇન્ડસ્ટ્રિયલ વિસ્તાર સાઉથ ઝોનમાં આવેલો હોવાથી અહીં મોટા પ્રમાણમાં ભારતીયોનો વસવાટ છે. અહીં સન ૨૦૦૨માં શ્રી રમણભાઈ પટેલના નિવાસસ્થાને ત્રણ હરિભક્તોથી સત્સંગસભાની શરૂઆત થઈ હતી. ગુરુવર્યોના આશીર્વાદથી અને સંતોના વિચરણથી મુમુક્ષુઓ સત્સંગના યોગમાં આવવા લાગ્યા. પરિણામે ફરતી સત્સંગ સભા શ્રી ભરતભાઈ દાવદરા અને દીપેશભાઈ પટેલના ઘરે યોજાવા લાગી.

શ્રી નારાયણપ્રસાદ દવેના નિવાસસ્થાને દર રવિવારે યોજાતી મહાપૂજાએ પણ સત્સંગને વેગવંતો રાખવામાં મહત્ત્વનો ફાળો આપ્યો. સૌને સત્સંગ પ્રત્યે સદ્‌ભાવ વધતાં મંદિરની આવશ્યકતા જણાઈ.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના આશીર્વાદ સાથે શ્રી કિરણભાઈ પટેલ, રમેશભાઈ જોબનપુત્રા તથા સતીશભાઈ પટેલ વગેરે અગ્રણીઓના પ્રયત્નોથી સાઉથ-સીમાં એક સ્થાન પ્રાપ્ત થયું. ઝડપથી મંદિરનું નિર્માણકાર્ય આરંભાયું. શ્રી નવનીતભાઈ પટેલ, વિપુલભાઈ પટેલ, દિનેશભાઈ પટેલ, યોગેશભાઈ ઠાકોર, જિજ્ઞેશભાઈ પંચાલ, હિતેનભાઈ મજેવડિયા, પ્રદીપભાઈ પટેલ, રજનીભાઈ, અમિતભાઈ પટેલ, ચેતનભાઈ પટેલ, સુમનભાઈ પટેલ, દીપેશભાઈ પટેલ, કમલેશભાઈ પટેલ અને કલ્પેશભાઈ પટેલ વગેરે ભક્તોએ દિવસ-રાત સેવા કરીને જૂજ દિવસોમાં મંદિર સમારકામ પૂર્ણ કર્યું. સભાગૃહ, વર્ગખંડો, સંતનિવાસ, પૂજારીનિવાસ, ભોજનખંડ વગેરે સાથેનું સુંદર હરિમંદિર ટૂંક સમયમાં આકાર પામ્યું.

તા. ૪-૧૦-૨૦૧૯ના રોજ નૈરોબી બિરાજતા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આ મંદિરમાં પ્રતિષ્ઠિત

થનાર શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ તથા ગુણાતીત ગુરુપરંપરાની મૂર્તિઓનો વૈદિક પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. બીજા દિવસે સવારે ત્યાગવલ્લભદાસ સ્વામી અને સંતોએ આ મંદિરમાં વેદોક્ત સ્થાપનવિધિ સંપન્ન કર્યો હતો. આ અવસરે ૫૦૦થી વધુ ભાવિક-ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. આમ, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પાવન સંનિધિમાં જ નૈરોબીનાં ઉપનગરોમાં પ્રથમ હરિમંદિરનો પ્રતિષ્ઠા ઉત્સવ શાનદાર રીતે સંપન્ન થયો હતો.





વાંકાનેર(દક્ષિણ ગુજરાત) ખાતે સુંદર નવનિર્મિત મંદિરમાં વેદોક્ત મૂર્તિ સ્થાપનવિધિ કરતા વિવેકસાગરદાસ સ્વામી...

## વાંકાનેર ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

દક્ષિણ ગુજરાતના સાંકરી વિસ્તારના વાંકાનેર ગામ ખાતે નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ભક્તિભાવપૂર્વક યોજાઈ ગયો.

સન ૧૯૭૦માં વાંકાનેરના મગનભાઈ રાજાએ સાંકરીના સોમાભાઈને યોગીજી મહારાજનો યોગ કરાવ્યો હતો, ત્યારથી સાંકરી વિસ્તારમાં સત્સંગની ગંગોત્રી વહેતી થઈ હતી.

સન ૧૯૮૨માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના યોગમાં વાંકાનેરના બાવળી ફળિયામાં ચોવીસ કલાક વ્યસનથી ચકચૂર રહેતા શશિકાંતભાઈ આવ્યા. તેઓનું આમૂલ જીવન-પરિવર્તન થયું અને નિષ્ઠાવાન કાર્યકર બનીને તેઓ બાળકોનું ચારિત્ર્ય-ઘડતર કરવાની સેવામાં જોડાઈ ગયા. આ પરિવર્તનથી ગામજનો ખૂબ જ પ્રભાવિત થયા અને સત્સંગ પ્રત્યે સૌને સદ્‌ભાવ વધવા લાગ્યો. એ અરસામાં સાંકરી બી.એ.પી.એસ. મંદિરથી સંતો તેમજ આજુબાજુનાં ગામોમાંથી સત્સંગ અર્થે ગજેન્દ્રભાઈ, કાંતિભાઈ લાડ, કિશોરભાઈ લાડ, નટવરસિંહ પરમાર, સુખાભાઈ આહીર વગેરે હરિભક્તો પધારતા રહ્યા અને સત્સંગ અભિવૃદ્ધિ પામતો રહ્યો. શશિકાંતભાઈ, ઉદેસિંગભાઈ, મંગુભાઈ વગેરે કાર્યકરોની ધગશથી અઠવાડિક સત્સંગસભા વિવિધ ફળિયાઓમાં યોજાતી રહી. મુંબઈના શ્રી પ્રભુભાઈ રણછોડભાઈએ પોતાનું નિવાસસ્થાન સત્સંગસભા માટે અર્પણ કર્યું. સ્વામીશ્રીના આશીર્વાદથી સત્સંગ ઉત્તરોત્તર વૃદ્ધિ પામ્યો. અને સન ૨૦૧૧માં પ્રમુખસ્વામી મહારાજે અહીં મંદિરનો સંકલ્પ કર્યો. મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી મંદિરનું નિર્માણકાર્ય આરંભાયું. દેશ-વિદેશના ભક્તોનો સહયોગ પ્રાપ્ત થયો. શ્રી ભગીરથભાઈ મગનભાઈ પટેલ, શિરીષભાઈ પટેલ, સુરેશભાઈ પટેલ, જયેશભાઈ પટેલ(બારાસડી), પ્રવીણભાઈ મિસ્ત્રી(ધામડોદ), રમેશભાઈ પટેલ(દેલવાડા) વગેરેનો સહયોગ તેમજ બારડોલી અને પલસાણાના હરિભક્તોની સેવાથી મંદિર નિર્માણ પામ્યું.

નૂતન મંદિરના મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૨૩-૨-૨૦૧૯ના રોજ સવારે 'શ્રી સ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયજ્ઞ' યોજાયો, જેમાં ૫૫૦ યજમાનોએ પવિત્ર વેદોક્તવિધિનો લાભ પ્રાપ્ત કર્યો. ઢળતી બપોરે પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની વાંકાનેરના ઇતિહાસમાં ક્યારેય ન નીકળી હોય તેવી શાનદાર શોભાયાત્રા યોજાઈ, જેનાં દર્શન કરીને હજારો ગામજનો ધન્ય બન્યા હતા.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તા. ૧૦-૧-૨૦૨૦ના રોજ વેદોક્ત વિધિપૂર્વક પ્રતિષ્ઠિત કરેલી શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુણાતીત ગુરુપરંપરાની મૂર્તિઓનો સ્થાપનવિધિ વાંકાનેર ખાતે તા. ૧૨-૧-૨૦૨૦ની સવારે વિવેકસાગરદાસ સ્વામી અને નરેન્દ્રપ્રસાદદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો.

મંદિર નિર્માણ અને ઉત્સવમાં સાંકરી મંદિરના સંતોના માર્ગદર્શન હેઠળ સ્થાનિક તેમજ આજુબાજુનાં ગામોના

ભક્તોએ ખૂબ સેવા કરીને સ્વામીશ્રીની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી.

### અમનપુર ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી જંબુસર તાલુકાના અમનપુર ગામમાં તા. ૧૬-૧-૨૦૨૦ના રોજ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ભક્તિભાવપૂર્વક ઊજવાઈ ગયો.

### વીરજય ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

વડોદરા જિલ્લામાં કરજણ તાલુકાના વીરજય ગામે નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં તા. ૨૦-૧૧-૨૦૧૯ના રોજ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ શાનદાર રીતે યોજાઈ ગયો.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી અહીં સન ૨૦૦૦થી સત્સંગની શરૂઆત થઈ હતી.





અમનપુર અને વીરજયમાં મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગનાં સ્મૃતિદૃશ્યો...

ગુણાતીત ગુરુપરંપરાનાં ચરણારવિંદથી પવિત્ર થયેલા અમનપુરમાં શ્રી ઠાકોરભાઈ પટેલ, કૃપેશભાઈ પટેલ, યશવંતભાઈ પટેલ, કૌશિકભાઈ પટેલ, મયંકભાઈ પટેલ, ચંદુભાઈ પટેલ વગેરે પરિવારો તથા આબાલવૃદ્ધ હરિભક્તોના સેવા-સમર્પણથી સુંદર મંદિર નિર્માણ પામ્યું.

આ બી.એ.પી.એસ. મંદિરના મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૧૫-૧-૨૦૨૦ના રોજ શાનદાર નગરયાત્રા યોજાઈ હતી.

તા. ૧૬-૧-૨૦૨૦ના રોજ માંગલિક સવારે વેદોક્ત મહાપૂજાવિધિ યોજાઈ, જેમાં ૩૦૦થી વધુ યજમાનોએ પવિત્રવિધિનો લાભ પ્રાપ્ત કરીને મંગલ પ્રાર્થના કરી હતી. ત્યારબાદ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા અટલાદરામાં તા. ૨૩-૨-૨૦૧૮ના રોજ વેદોક્ત વિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનો સ્થાપનવિધિ ત્યાગવલ્લભદાસ સ્વામીની ઉપસ્થિતિમાં તા. ૧૬-૧-૨૦૨૦ના રોજ સંપન્ન થયો હતો.

ત્યારબાદ પ્રાસંગિક સભામાં ત્યાગવલ્લભદાસ સ્વામીએ હરિભક્તોની સેવાને બિરદાવીને આશીર્વચન પાઠવ્યાં હતાં.

અહીં વિચરણ કરતા જ્ઞાનવીરદાસ સ્વામી તથા બ્રહ્મનિલયદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ સ્વયંસેવકો અને ગ્રામજનોની સેવાથી સમગ્ર કાર્યક્રમ દીપી ઊઠ્યો હતો.

અટલાદરા મંદિરથી પુણ્યદર્શનદાસ સ્વામી, યજ્ઞદર્શનદાસ સ્વામી વગેરે સંતોના વિચરણથી અહીંના સત્સંગને વેગ મળ્યો. પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી સત્સંગ વિશેષ અભિવૃદ્ધિ પામ્યો અને મંદિરની આવશ્યકતા જણાઈ. સંનિષ્ઠ હરિભક્ત શ્રી અશોકભાઈ વી. પઢિયારે પોતાની ભૂમિ મંદિર માટે અર્પણ કરી અને સંતોના માર્ગદર્શન હેઠળ આબાલવૃદ્ધ હરિભક્તોએ ભક્તિમય પુરુષાર્થ કરીને મંદિરનું નિર્માણકાર્ય પૂર્ણ કર્યું. ટૂંક સમયમાં જ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ પણ આવી પહોંચ્યો.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની શોભાયાત્રા તા. ૧૯-૧૧-૨૦૧૯ના રોજ યોજાઈ હતી. અટલાદરા ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તા. ૨૩-૮-૨૦૧૮ના રોજ વેદોક્ત વિધિપૂર્વક પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ અહીં વીરજય ખાતે તા. ૨૦-૧૧-૨૦૧૯ના રોજ વિવેકસાગરદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો.

પ્રતિષ્ઠા પ્રસંગે વૈદિક મહાપૂજાવિધિ યોજાયો હતો, જેનો ૪૦૦ યજમાનોએ લાભ પ્રાપ્ત કર્યો હતો. પ્રતિષ્ઠાવિધિ બાદ પ્રાસંગિક સમારોહમાં સંતોએ પ્રેરણાવચનો દ્વારા સમર્પણનિષ્ઠ હરિભક્તોને બિરદાવ્યા હતા.

# અખિલ ભારતીય પ્રાચ્ય વિદ્યા સંમેલનમાં પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ દર્શનનો ઉદ્‌ઘોષ





ઓલ ઇન્ડિયા ઓરિએન્ટલ કોન્ફરન્સના મુખ્ય સત્રમાં ભદ્રેશદાસ સ્વામીને અપાયું 'વેદાંતભાસ્કર' સન્માન...

'ઓલ ઈન્ડિયા ઓરિએન્ટલ કૉન્ફરન્સ' એટલે વિશ્વનું એક એવું ખ્યાતનામ અને ઉચ્ચસ્તરીય વિદ્વાનોનું સંમેલન, જેમાં ભારતની પ્રાચીન વિદ્યાઓ પર સંશોધનો અને જ્ઞાનચર્ચાઓ થાય છે. દર બે વર્ષે યોજાતું આ સંમેલન છેલ્લાં સો વર્ષથી નિયમિત રીતે યોજાય છે. સન ૨૦૨૦ના જાન્યુઆરીમાં મહારાષ્ટ્રમાં નાગપુર ખાતે આ સંમેલનનો શતાબ્દી મહોત્સવ ઊજવાઈ ગયો. કવિકુલગુરુ કાલિદાસ સંસ્કૃત વિશ્વવિદ્યાલયના યજમાનપદે તા. ૧૦ થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૦ દરમ્યાન આ મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભારતભરમાંથી વિવિધ વિષયોના નિષ્ણાત ૧,૦૦૦થી વધુ વિદ્વાનોએ ભાગ લીધો હતો. મહાસંમેલનનું ઉદ્‌ઘાટન ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી વેંકૈયા નાયડુ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ મહાસંમેલનના પ્રથમ દિને જ પ્રથમ વ્યાખ્યાન તરીકે અક્ષરપુરુષોત્તમ દર્શન આધારિત દાર્શનિક સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. સત્રનું ઉદ્‌ઘાટન લાલબહાદુર શાસ્ત્રી સંસ્કૃત વિશ્વવિદ્યાલય(દિલ્હી)ના કુલપતિ શ્રી પ્રૉ. રમેશ કુમાર પાંડેયજીએ સરસ્વતી વંદના સાથે કર્યું હતું. કવિકુલગુરુ કાલિદાસ સંસ્કૃત વિશ્વવિદ્યાલયના કુલપતિ શ્રી પ્રૉ. શ્રીનિવાસ વરખેડીજી દ્વારા મહામહોપાધ્યાય ભદ્રેશદાસ સ્વામી તથા મંચસ્થ વિદ્વાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ સંમેલનના સ્થાનીય સચિવ અને કાલિદાસ વિશ્વવિદ્યાલયના દર્શનશાસ્ત્ર વિભાગના વડા પ્રૉ. મધુસૂદન પેન્નાજીએ ઓલ ઈન્ડિયા ઓરિએન્ટલ કૉન્ફરન્સની શતાબ્દીના વિશિષ્ટ પર્વમાં અક્ષરપુરુષોત્તમ દર્શન વિષય પર યોજવામાં આવેલા આ સત્રનો હેતુ દર્શાવતાં જણાવ્યું, 'આજે આ વિશિષ્ટ સત્રનું આયોજન થયું છે તે ઐતિહાસિક છે. અમારા વિશ્વવિદ્યાલયને એ ઘોષણા કરતાં આનંદ થાય છે કે આજે વેદાંતદર્શનની પરંપરામાં એક વિશિષ્ટ દર્શન આપણી સામે ઉપસ્થિત થઈ રહ્યું છે. લોકો એવું માનતા હતા કે વેદાંતદર્શનમાં પૂર્વે કેવલાદ્વૈત, દ્વૈત, વિશિષ્ટાદ્વૈત વગેરે દર્શનો પ્રકટ થયાં, પરંતુ આધુનિક કાળમાં હવે વેદાંતદર્શનના ક્ષેત્રમાં કોઈ ગતિવિધિ થતી નથી, પરંતુ આવું માનનારા લોકો સમક્ષ વેદાંત દર્શનની ઈતિહાસ પરંપરામાં અપ્રતિમ એવું 'અક્ષરપુરુષોત્તમ દર્શન' છે. સ્વામિનારાયણ સંપ્રદાયનું આ વિશિષ્ટ દર્શન છે. તેનાં ભાષ્યોની રચના આધુનિક કાળમાં ભદ્રેશ સ્વામી દ્વારા થઈ છે. પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી આ ભાષ્ય રચાયું છે. આપણે અત્યારસુધી શંકરાચાર્યજી, રામાનુજાચાર્યજી,

મધ્વાચાર્યજી વગેરે ભાષ્યકારોનાં નામ સાંભળ્યાં હતાં, પરંતુ આધુનિક યુગમાં આપણા સમકાલીન ભાષ્યકાર પણ આ ઐતિહાસિક ઓલ ઇન્ડિયા ઓરિએન્ટલ કૉન્ફરન્સના શતવાર્ષિક ઉત્સવમાં બિરાજમાન છે, એ ગૌરવપૂર્ણ બાબત છે. કાશીના વિદ્વાનોએ પણ આ ભાષ્યનું પરીક્ષણ કર્યું અને માન્યતા પ્રદાન કરી છે. આમ, એક વિશિષ્ટ 'સ્વામિનારાયણ ભાષ્ય' રચીને ભદ્રેશદાસ સ્વામીજીએ આપણને અનુગૃહીત કર્યા છે.'

ત્યારબાદ પ્રૉ. રમેશ કુમારજીએ ઉદ્‌ઘાટન પ્રવચન કરતાં જણાવ્યુંઃ 'મહામહોપાધ્યાય સાધુ ભદ્રેશદાસજીએ અક્ષરપુરુષોત્તમ દર્શનના ગ્રંથો દ્વારા સંસ્કૃત અને સંસ્કૃતિની પ્રતિષ્ઠા માટે દેશ-દેશાંતરમાં દિગ્વિજય કર્યો છે. આ અક્ષરપુરુષોત્તમ દર્શન સંપૂર્ણપણે વૈદિક છે. જેમ અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત વગેરે દર્શનો છે, તેમ આ પણ એક વૈદિક દર્શન છે.'

આ સત્રના મુખ્ય વ્યાખ્યાતા ભદ્રેશદાસ સ્વામીએ વક્તવ્યમાં પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત વચનામૃત, ઉપનિષદો, ભગવદ્‌ગીતા તથા બ્રહ્મસૂત્ર જેવા વૈદિક ગ્રંથોને આધારે અક્ષરપુરુષોત્તમ દર્શનનો શાસ્ત્રીય પરિચય કરાવ્યો હતો.

ત્યારબાદ આ યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ અને પ્રસિદ્ધ વિદ્વાન શ્રી પંકજ ચાંદેજીએ અધ્યક્ષીય વક્તવ્ય આપતાં જણાવ્યું, 'સ્વામિનારાયણ ભાષ્ય બહુ ઉત્કૃષ્ટ સંસ્કૃત ભાષામાં લખાયેલો ગ્રંથ છે. જ્યારે આ વિશ્વવિદ્યાલયમાં પરીક્ષણ માટે આ ભાષ્ય ગ્રંથો આવ્યા અને અમે તેને પરીક્ષણ માટે મોકલ્યા. ત્યારબાદ તેનો જ્યારે રિપોર્ટ આવ્યો ત્યારે હું દંગ રહી ગયો. પરીક્ષકોએ નોંધ મોકલી કે આ અતિ ઉત્કૃષ્ટ ગ્રંથો છે. આમાં એક પણ દોષ નથી. દ્વૈત, અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, દ્વૈતાદ્વૈત, શુદ્ધાદ્વૈત વગેરે દર્શનોની જેમ આ અક્ષરપુરુષોત્તમ દર્શન પણ એક વેદાંત આધારિત જ દર્શન છે.

મને આનંદ થાય છે કે આ જે અક્ષરપુરુષોત્તમ દર્શનનું ભાષ્ય છે તેનું પરીક્ષણ બંને રીતે થયું છે, પ્રાચીન પદ્ધતિથી અને આધુનિક પદ્ધતિથી પણ. કાશી જેવી નગરીઓના પ્રખર પંડિતોએ તેનું પ્રાચીન રીતે પરીક્ષણ કર્યું. અને અમે યુનિવર્સિટીના માધ્યમથી આધુનિક રીતે પરીક્ષણ કર્યું. ખરેખર! બંને સ્થાને આ અક્ષરપુરુષોત્તમ દર્શન યશસ્વિતાથી નીખરી ઊઠ્યું. મારી વિનંતી છે કે સંસ્કૃતના પંડિતોએ આ દર્શનના ગ્રંથો અવશ્ય વાંચવા જ જોઈએ.

આ દર્શન સંપૂર્ણપણે પ્રસ્થાનત્રયી પર આધારિત છે. જ્યારે મેં જોયું કે આ ગ્રંથોમાં કેવળ પ્રસ્થાનત્રયી જ નહીં, પરંતુ ઓછામાં ઓછાં ૭૦ શાસ્ત્રોનાં પ્રમાણો છે, ત્યારે હું આશ્ચર્યચકિત થઈ ગયો. આ ગ્રંથનું પ્રમાણ જેમ ભારતમાં થયું તેમ વિદેશમાં પણ થયું છે. વિદેશમાં પણ મોટા મોટા વિદ્વાનો સમક્ષ આ ગ્રંથો રજૂ કરવામાં આવ્યા. તેમણે તેની ખૂબ પ્રશંસા કરી છે.

આ બહુ વિશાળ સંપ્રદાય છે. અહીં શ્રદ્ધાની સાથે તત્ત્વજ્ઞાન છે એટલે આ સંપ્રદાયનું કાર્ય અજર અમર રહેશે. દુનિયામાં ત્રણ પ્રકારના સંપ્રદાયો હોય છે. એક સંપ્રદાય એવો હોય છે કે જે કેવળ એક વ્યક્તિ પ્રત્યે શ્રદ્ધાથી ચાલતો હોય છે. પણ તે સંપ્રદાયમાં કોઈ લેખિત કાર્ય નથી થતું. બીજો પ્રકાર એ છે કે સંપ્રદાયમાં શ્રદ્ધાનો પણ ભાવ હોય, થોડું લેખન થતું હોય, પણ તે લેખન કેવળ પ્રાર્થનાની રીતે જ હોય છે. તેમાં તત્ત્વજ્ઞાન નથી હોતું. અને ત્રીજો પ્રકાર એ છે કે જે સંપ્રદાયમાં શ્રદ્ધાની સાથે સાથે તત્ત્વજ્ઞાન પણ હોય છે, પરંતુ તેમાં પણ અમુક સમય પછી તેના અનુયાયીઓ સમાપ્ત થઈ જાય છે. જ્યારે આ અક્ષરપુરુષોત્તમ પરંપરા તેનાથી ભિન્ન છે. તે એટલા માટે છે કે આ સંપ્રદાયના અનુયાયીઓ સમગ્ર વિશ્વમાં દિન-પ્રતિદિન વધતા જ જાય છે. તેમનું આ તત્ત્વજ્ઞાન યાવચ્ચંદ્રદિવાકરૌ રહેનારું તત્ત્વજ્ઞાન છે. આ સંપ્રદાય હંમેશાં ઊભો રહેશે. ગંગોત્રી પ્રારંભમાં નાની હોય છે. તેમ આજે અક્ષરપુરુષોત્તમ દર્શનનું જે વ્યાખ્યાન થયું છે તે આવનારા સમયમાં આ તત્ત્વજ્ઞાનનો વિશાળ ફેલાવો થવાનો છે તેની ગંગોત્રી છે.'

આ અવસરે મહામહોપાધ્યાય ભદ્રેશદાસ સ્વામીને કવિકુલગુરુ કાલિદાસ વિશ્વવિદ્યાલય દ્વારા 'વેદાંતભાસ્કર'ના વિશિષ્ટ બિરુદથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત સૌએ આ અવસરને હર્ષભેર વધાવી લીધો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે ભદ્રેશદાસ સ્વામી લિખિત મુંડક ઉપનિષદ સ્વામિનારાયણ ભાષ્ય તથા અક્ષરપુરુષોત્તમ દર્શનના અંગ્રેજી ભાષાંતરો (ભાષાંતરકારઃ પરમવિવેકદાસ સ્વામી, બ્રહ્મસેતુદાસ સ્વામી) પુસ્તકરૂપે પ્રકાશિત કરીને ઓલ ઇન્ડિયા ઓરિએન્ટલ કૉન્ફરન્સ દ્વારા એક ઐતિહાસિક સાહિત્ય પ્રદાન કરવામાં આવ્યું હતું.

આમ, એક સદીથી અવિરત વહેતી ઓલ ઇન્ડિયા ઓરિએન્ટલ કૉન્ફરન્સની ધારામાં ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત શ્રી અક્ષરપુરુષોત્તમ દર્શનનો એક આગવો રંગ છવાઈ રહ્યો. ◆








# મહેસાણા ખાતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર તથા બી.એ.પી.એસ. છાત્રાલયનો ઊજવાયો રજત જયંતી મહોત્સવ

દંઢાવ્ય પ્રદેશ તરીકે જાણીતી ઉત્તર ગુજરાતની ભૂમિ પર પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણે ગામડે ગામડે ઘૂમીને આજથી ૨૦૦ વર્ષ પહેલાં કપિલમુનિ ના 'મોક્ષદ્વાર'ના મંત્રને સાર્થક કર્યો હતો. શ્રીહરિના દિવ્ય પ્રભાવથી આ ભૂમિ પર એવાં અજોડ મહિલા ભક્તોની હારમાળા રચાઈ કે જેમણે શ્રીહરિ સમક્ષ કરેલી અલૌકિક પ્રાર્થના *'મહાબળવંત માયા તમારી...'* આવનારી અનેક પેઢીઓને પ્રેરણા આપતી રહેશે. આ પુનિત ધરાનું રાજધાની સમાન નગર એટલે મહેસાણા, ભગવાન સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુવર્યોની પુનિત પદરજથી પાવન થયેલું શહેર.

આ ભૂમિ પર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે વૈદિક અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતનું અને સાંસ્કૃતિક પરંપરાનું વહન થાય તે માટે અનેક મુશ્કેલીઓ અને હાડમારીઓ વચ્ચે પણ મુઠ્ઠીભર સંતો અને હરિભક્તોની આધારશિલા પર શિખરબદ્ધ મંદિર કરવાનો સંકલ્પ કર્યો હતો. સન ૧૯૯૪માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અહીં શિખરબદ્ધ મંદિર રચ્યું, જેનો ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ ભગવત્પ્રસાદદાસ સ્વામી, ધ્યાનપ્રિયદાસ સ્વામી, પ્રભુજીવનદાસ સ્વામી, કરુણામૂર્તિદાસ સ્વામી વગેરે સંતો અને ઉત્તર ગુજરાતના દેશ-વિદેશમાં વસતા સૌ ભક્તોના સમર્પણથી શાનદાર રીતે ઊજવાઈ ગયો. મુખ્ય માર્ગ પર ઉત્તર ગુજરાતની શોભા સમાન આ ભવ્ય મંદિરની સાથે

પ્રમુખસ્વામી મહારાજે સુંદર વિદ્યાધામ સમી બી.એ.પી.એસ. છાત્રાલયની પણ ભેટ ધરી છે. છેલ્લાં ૨૫ વર્ષથી અધ્યાત્મ, શિક્ષણ અને સમાજ સેવાની ભાગીરથી વહાવી રહેલા આ મંદિર અને છાત્રાલયનો રજત જયંતી મહોત્સવ તા. ૧૦ થી ૧૨ જાન્યુઆરી, ૨૦૨૦ દરમ્યાન પૂજ્ય ડૉક્ટર સ્વામી અને પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીની ઉપસ્થિતિમાં શાનદાર રીતે યોજાઈ ગયો.

## વિશ્વશાંતિ શ્રી સ્વામિનારાયણ મહાયાગ

રજત જયંતી મહોત્સવના ઉપક્રમે તા. ૧૦-૧-૨૦૨૦ ને પોષ સુદ પૂનમના રોજ સવારે ૮-૦૦ વાગ્યાથી વિશ્વશાંતિ શ્રી સ્વામિનારાયણ મહાયાગ યોજાયો હતો. આ મહાયાગમાં ૧૯૦૦ જેટલા યજમાનો જોડાયા હતા. ૨૫૧ યજ્ઞકુંડીમાં આ સર્વે યજમાનોએ વૈદિક મંત્રોના બ્રહ્મનાદમાં વિશ્વમાં, પરિવારમાં તેમજ વ્યક્તિગત જીવનમાં શાંતિ સ્થપાય તે માટે આહુતિ અર્પી હતી.

સંધ્યાસભામાં મહેસાણા મંદિરની ઈતિહાસ ગાથાને સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા રસપ્રદ રીતે રજૂ કરવામાં આવી હતી. અંતમાં, ડૉક્ટર સ્વામીએ આશીર્વચનનો લાભ આપ્યો હતો.

## છાત્રાલય રજત જયંતી ઉત્સવ

તા. ૧૧-૧-૨૦૨૦ના રોજ છાત્રાલયનો રજતજયંતી ઉત્સવ રચનાત્મક રીતે ઊજવાયો હતો. સવારે ૧૦-૦૦ વાગ્યે છાત્રાલયના પૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન પૂજ્ય ડૉક્ટર સ્વામીની ઉપસ્થિતિમાં યોજાયું હતું. સંધ્યાસભામાં છાત્રાલયની નિર્માણગાથા તેમજ છાત્રાલયની પ્રેરક ફલશ્રુતિને વીડિયો તેમજ છાત્રાલયના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા રજૂ કરી હતી. આ પ્રસંગે યજ્ઞપ્રિયદાસ સ્વામી વગેરે સંતોએ પ્રેરક પ્રવચનોનો લાભ આપ્યો હતો. છાત્રાલયમાંથી પ્રેરણા પ્રાપ્ત કરી ત્યાગાશ્રમ સ્વીકારેલા સંતોનું તેમજ સંસ્થામાં સેવા આપતા કાર્યકરોનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. અંતમાં, પૂજ્ય ડૉક્ટર સ્વામીએ પ્રેરક આશીર્વચન પાઠવ્યા હતા.

## મંદિર રજતજયંતી ઉત્સવસભા

તા. ૧૨-૧-૨૦૨૦ના રોજ મંદિરના રજતજયંતી ઉત્સવની મુખ્ય સભા સાંજે ૫-૩૦ વાગ્યે મંદિર પરિસરમાં યોજાઈ હતી. સમગ્ર મંદિર હજારો હરિભક્તોથી હકડેઠઠ ભરાઈ ચૂક્યું હતું. કાર્યક્રમનો મધ્યવર્તી વિચાર 'મંદિરનું પ્રદાન' હતો. મંદિર અને સ્થાપત્ય, મંદિર અને શૈક્ષણિક સેવા, મંદિર અને સમાજ સેવા, મંદિર અને સમર્પણ, મંદિર અને શાંતિ વગેરે વિવિધ વિષયોને સાંકળી લેતી પ્રસ્તુતિ ખૂબ સુંદર રીતે સૌએ માણી. વીડિયો, પ્રવચન, સંવાદ, પંક્તિ નૃત્યથી રોચક અને રસપ્રદ કાર્યક્રમનો આસ્વાદ માણ્યા બાદ ગુજરાતના નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું કે 'ખરેખર! આ મંદિર મનને શાંતિ અર્પે છે. આ હાઈવે પરથી પસાર થનાર તમામના આત્માને સ્પર્શી જાય છે. મંદિર સાથે છાત્રાલય આધુનિક પેઢીને ઘડવાનું કામ કરી રહ્યું છે. પ્રમુખસ્વામી મહારાજે અત્યંત કૃપા કરીને ઉત્તર ગુજરાતને આંગણે આ બેનમૂન કલાકૃતિથી સજ્જ મંદિરની ભેટ ધરીને સૌને દિવ્યતાનો આસ્વાદ કરાવ્યો છે.'

ત્યારબાદ વિવેકસાગરદાસ સ્વામીએ વીડિયો પ્રવચન દ્વારા ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુવર્યોની છત્રછાયામાં વિકસેલા ઉત્તર ગુજરાતના સત્સંગની ગાથા વર્ણવી હતી. ઈશ્વરચરણદાસ સ્વામીએ મંદિરથી જ જીવનમાં શાશ્વત શાંતિ અને જીવનનો સાચો વિકાસ છે એવાં પ્રેરણાદાયક બોધવચનો પાઠવ્યાં હતાં.

આ અવિસ્મરણીય કાર્યક્રમના અંતમાં પૂજ્ય ડૉક્ટર સ્વામીએ આશીવર્ચન આપતાં જણાવ્યું કે 'બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે કોઈપણ પ્રકારનો ભેદભાવ રાખ્યા વગર આ મંદિર તેમજ છાત્રાલયની ભેટ આપી છે. આપણે આવનારી પેઢીને મંદિરોનો યોગ કરાવીને ભવ્ય સાંસ્કૃતિક વારસાથી પરિચિત કરાવવા જોઈએ. માણસ જિંદગીમાં ધનવાન બની શકે છે, પરંતુ સંસ્કારવાન બનવું એ અઘરી વાત છે, આ અઘરી બાબતને મંદિર યથાર્થ રીતે સરળ બનાવે છે.'

કાર્યક્રમના અંતે સૌએ આરતીઅર્ઘ્ય અર્પણ કરીને અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુણાતીત ગુરુવર્યોનાં ચરણે ભાવવંદના કરી હતી. અંતે મંદિર રજતજયંતી નૃત્ય સાથે આતશબાજી કરવામાં આવી હતી.

એ નજારો નિહાળતાં નિહાળતાં મંદિર પરિસરમાંથી હરિભક્તોએ રજતજયંતી ઉત્સવની ચિરંતન સ્મૃતિઓ હૃદયમાં ભરીને વિદાય લીધી હતી. આમ, મંદિર અને છાત્રાલય રજતજયંતી મહોત્સવ સૌ માટે ઐતિહાસિક અને ચિરસ્મરણીય બની રહ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે મહેસાણા મંદિર રજતજયંતી ઉત્સવના ઉપક્રમે સમગ્ર વર્ષ દરમ્યાન કીર્તન આરાધનાઓ, યુવા સંમેલન, વ્યસનમુક્તિ અભિયાન, પ્રાર્થનાયજ્ઞ, મહાનુભાવ સંમેલન, સંત-પારાયણ, ભક્તિયાત્રા અને બાળસંસ્કાર પ્રદર્શન વગેરે વિવિધ ભક્તિસભર કાર્યક્રમોની શૃંખલા યોજાતી રહી હતી ◆

# નેનપુર ખાતે ભાવનગર યુવકમંડળની યોજાઈ યુવાશિબિર






ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુવર્યોનાં ચરણકમળથી પાવન થયેલા પ્રાસાદિક નેનપુર ખાતે ભાવનગરની બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિની સત્સંગ શિબિર યોજાઈ ગઈ. તા. ૨-૧૧-૨૦૧૯ના રોજ યોજાયેલ આ યુવાશિબિરનો મધ્યવર્તી વિચાર હતોઃ 'એક રુચિ, એક નિશાન.' ગુરુહરિ મહંત સ્વામી મહારાજે સૂચવેલા આ વિષય પરની યુવાશિબિરને માણવામાં ભાવનગરનાં સેંકડો યુવક-યુવતીઓ ઉત્સાહભેર જોડાયાં હતાં. બે દિવસ દર્શનીય સ્થળોની મુલાકાત લઈને આ શિબિરાર્થીઓ નેનપુર ખાતેના બી.એ.પી.એસ. શિબિર પરિસરમાં આવી પહોંચ્યાં હતાં. શિબિરના મધ્યવર્તી વિષયને અનુરૂપ સમગ્ર પરિસર પ્રેરણાસભર બેનર્સ, કટઆઉટ્સ, વચનામૃત સ્પોટ, સત્પુરુષ સ્પોટ, એક્ટિવિટી સ્પોટ વગેરે દ્વારા શોભતું હતું.

આ શિબિરમાં યજ્ઞપ્રિયદાસ સ્વામી, સોમપ્રકાશદાસ સ્વામી, આત્મકીર્તિદાસ સ્વામી, જનમંગલદાસ સ્વામી વગેરે સંતોએ વિવિધ પાસાંઓ પર બોધપ્રદ વક્તવ્યોનો લાભ આપીને સૌ શિબિરાર્થીઓમાં સંપની શક્તિને વિશેષ દૃઢાવી હતી. પૂર્ણાહુતિ સત્રમાં ગાંધીનગર અક્ષરધામથી આનંદસ્વરૂપદાસ સ્વામીએ ઉપસ્થિત રહીને સૌને પ્રેરણાથી લાભાન્વિત કર્યા હતા. ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે દૃઢાવેલા એકતાના સિદ્ધાંતને વ્યક્તિગત જીવનમાં દૃઢ કરીને તેને પરિવાર, સત્સંગ અને સમાજમાં કેવી રીતે પ્રસરાવી શકાય તેનું સુંદર માર્ગદર્શન સૌને પ્રાપ્ત થયું હતું.

સમૂહ મહાપૂજા, વર્કશોપ, એક્ટિવિટી, વિવિધ રમતો, સંવાદ વગેરે કાર્યક્રમોથી સભર આ શિબિર સૌ માટે પ્રેરણાદાયક બની રહી હતી. સમગ્ર શિબિરને સફળ બનાવવા માટે ત્યાગરાજદાસ સ્વામી અને આદર્શતિલકદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ અગ્રેસર કાર્યકરોએ ખૂબ જહેમત ઉઠાવી હતી. ◆

## નમ્ર નિવેદનઃ વડીલો બાથરૂમમાં લપસી ન પડે તે માટે ખ્યાલ રાખીએ...



છેલ્લા ઘણા સમયથી વારંવાર સમાચાર માધ્યમો અને સત્સંગનાં માધ્યમો દ્વારા જાણવા મળે છે કે બાથરૂમમાં લપસી પડવાથી વડીલોને ગંભીર ઈજા થાય છે, તેના પરિણામે વડીલોને ખૂબ વેદના સહન કરવી પડે છે કે ક્યારેક મૃત્યુની પણ આપત્તિ આવે છે. કેટલાક હરિભક્તો પણ તેનો ભોગ બન્યા છે. આવા સમાચારો વારંવાર સાંભળીને હૃદય દ્રવી જતાં પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે સર્વે હરિભક્તોને ખાસ નિવેદન કર્યું છે કે વડીલો બાથરૂમમાં લપસી ન પડે અને ઈજા-વેદનાનો ભોગ ન બને તે માટે બાથરૂમમાં ખાસ મેટ (નોન-સ્લિપ અથવા એન્ટી-સ્લિપ મેટ) પાથરવી. આવી મેટ બજારમાં સરળતાથી ઉપલબ્ધ હોય છે. તમામ પરિવારજનો પોતાના વડીલોની કાળજી લેવા માટે આટલું અવશ્ય કરે તેવી વિનંતી છે. ◆

(અનુસંધાન પૃષ્ઠ ૨૭ પરથી)
દૃષ્ટાંત દ્વારા સમજાવતાં ગઢડા મધ્ય પ્રકરણ ૫૫માં શ્રીહરિ કહે છે કે જેમ સાડા સોળવલું કંચન હોય (જીવાત્મા શુદ્ધ કંચન જેવો છે) ને તેને કોઈ અપ્રામાણિક સોનીની પેઢીએ લઈ જાય અને જો ધણીની લગારેક નજર ચૂકે (જાણપણું ન રાખે) તો સોની સોનું કાઢી લઈને તેમાં રૂપું ભેળવી દે. તેમ આ હૃદયરૂપી સોનીની પેઢી છે ને તેમાં માયારૂપી સોની છે. તે સંકલ્પરૂપી હથોડો લઈ ટચકા મારતો રહે છે. ઈન્દ્રિયો-અંતઃકરણ તે માયારૂપ સોનીનાં છોકરાં-સ્ત્રી છે, તે પારસી કરી જ્ઞાન વૈરાગ્યાદિક ગુણરૂપ જે સોનું કાઢી ચોરી જાય છે ને કંચનરૂપ ચૈતન્યને વિષે ત્રણ ગુણ, વિષયાસક્તિ, દેહાભિમાન ને કામ, ક્રોધ, લોભાદિક જે રૂપું તે ભેળવી દે છે.

શ્રીહરિએ મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એટલે કે અતંઃકરણની ગહન બાબતોને સરળ કરવા માટે વચનામૃતમાં ઠેર ઠેર જે દૃષ્ટાંતો અને રૂપકો પ્રયોજ્યાં છે તે અદ્‌ભુત છે. વિસ્તાર-ભયને કારણે માત્ર એક અલ્પ યાદી મૂકું છું. તેના પર દૃષ્ટિ કરોઃ

● અતિશય તડકો અથવા ટાઢ અને ઈન્દ્રિયોનો સંબંધ, ● કૂવો ગાળવાની પ્રક્રિયા અને આત્મવિચાર, ● કૂવામાં ભરપૂર પાણી અને આત્મસુખ, ● પાતાળ સુધી ફાટેલી પૃથ્વી અને વિષય-તૃપ્તિ, ● સડેલું કૂતરું અને વિષયનો અભાવ, ● કેદમાં પૂરેલ શત્રુ-પાંજરું-બેડી અને પંચઈન્દ્રિયો પર કાબૂ, ● વિશલ્યકરણી ઔષધિ અને વિષયની નિવૃત્તિ, ● બાળક-વાંદરું-કૂતરું અને અંતઃકરણ, ● ભૂત અને મન, ● ચરિત્રરૂપ જાળું અને ભક્તિ, ● મૃગમાં આસક્ત ભરતજી અને અક્ષુણ્ણ સાધના, ● જનકરાજા અને નિર્વાસનિકતા, ● લૂક અને હિમ તથા ઈન્દ્રિયોના વિષયભોગ, ● મનોમય ચક્રની દશ ધારા અને નૈમિષારણ્ય ક્ષેત્ર, ● અણી વિનાનું બાણ અને પંચવિષયનો અભાવ, ● વજ્રની પૃથ્વીમાં વજ્રની ખીલી અને ભગવાનનાં ચરણારવિંદમાં મનની દૃઢતા, ● દૂધ-પાણીની મિત્રતા અને જીવ-મનની મિત્રતા, ● ધુમાડો-વાયુ અને બુદ્ધિ, ● ભરત ભરેલાં આભલાં (કાચના કટકા) અને બુદ્ધિ-જીવમાં કુસંગ, ● વસ્ત્ર ધોવા માટે સાબુ અને બુદ્ધિની શુદ્ધિ, ● ગોળ-સાકર-ખાંડનું પાણી અને ચિત્તનો સ્વભાવ, ● દર્પણ અને ચિત્તની પ્રવૃત્તિ, ● વીશ કોશનો પ્રવાહ અને વૃત્તિનું બળ, ● નિયમિત પાણીની સેર અને નિત્ય ભક્તિ વગેરે વગેરે.

એટલું જ નહીં, વચનામૃતમાં શ્રીહરિએ રૂપકો-દૃષ્ટાંતો માટે કહેવતો પણ અદ્‌ભુત પ્રયોજી છે. જુઓ તેનો નમૂનોઃ

'જેમ કૂતરાનું મુખ કૂતરો ચાટે', 'સર્પને ઘેર પરોણો સાપ', 'મુખ ચાટી વળિયો આપ', 'રાંડીને ઘેર સુવાસિની જાય તો આવ બાઈ હું જેવી તું પણ થા', 'મન હોય ચંગા તો કથરોટમાં ગંગા'.

### ■ કુસંગ

ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં સંગ પર ખૂબ ભાર મૂક્યો છે. તેમાં કુસંગથી ચેતવવા માટે તેમણે કેટલાંક અદ્‌ભુત રૂપકો-દૃષ્ટાંતો પ્રયોજ્યાં છે. જુઓ તેની અસરકારક રજૂઆતોઃ

● **કુસંગ અને સાત માળની હવેલીઃ** જે પદાર્થનો સંગ કરીએ તે પદાર્થ તેનો ગુણ જરૂર જણાવે. જેમ ભગવાનનો ભક્ત હોય કે જગતનો જીવ હોય, લીલાગર (ભાંગ) પીએ કે દારૂ પીએ તો જરૂર તેની અસર થાય. (ગ.પ્ર.૧૮, ગ.અં.૩૩) સાત માળની સુંદર હવેલીમાં વેશ્યાનાં નાચગાન ચાલતાં હોય ને દારૂ પિવાતો હોય ત્યાં જઈએ તો શું ભગવાન સાંભરે? ને તૃણની ઝૂંપડીમાં ફાટેલી ગોદડીવાળા સંત કથા કરતા હોય તો મન શાંત થઈ જાય. (ગ.પ્ર.૧૮)

● **કુસંગ અને ખાર ભૂમિઃ** જેમ ખાર ભૂમિ હોય ત્યાં ગમે તેટલો મેઘ વરસે પણ તેમાં તૃણાદિક ઊગતાં નથી, પણ જો પાણીની રેલ આવે અને ખાર સર્વે ધોવાઈ જાય અને કાંપ ચડી જાય, પછી કાંપ ભેળાં વડ-પીંપળ આદિ વૃક્ષનાં બીજ આવ્યાં હોય તે ઊગીને મોટાં વૃક્ષ થાય. તેમ જેના હૃદયમાં સ્વધર્મ, વૈરાગ્ય, જ્ઞાન, ભક્તિ આદિક ગુણ દૃઢ હોય તો જગતસંબંધી વિષયસુખનો અંકુર પણ ઊઠે નહીં, પણ જો કુસંગરૂપી પાણીને વેગે કરીને સ્વધર્માદિક ખાર ધોવાઈ જાય અને જગદ્‌વાર્તારૂપી કાંપ ભરાય, પછી તે કાંપમાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સરાદિક બીજ રહ્યાં છે તે સર્વે ઊગીને મોટાં વૃક્ષ થાય છે. માટે ભગવાનના ભક્તને કોઈ દિવસ કુસંગ ન કરવો. (સા.૧૮)

ઉપરોક્ત વિષયો સિવાય સવિકલ્પ-નિર્વિકલ્પ સ્થિતિના ભેદ, દૈવી-આસુરી ભેદ, દેહ-જીવાત્મા ભેદ, જીવનું સ્વરૂપ, બ્રહ્મનું સ્વરૂપ, પરબ્રહ્મનું સ્વરૂપ, સાકારપણું, સ્વામી-સેવકપણું, અક્ષરની મોટાઈ, ભગવાનની મોટાઈ, કારણશરીર, આત્મબુદ્ધિ, ભગવાન ને ભક્તના અવગુણ, ઉપાસના, નિશ્ચય, વ્યાવહારિક સૂઝ, દર્શન કરવાની રીત, વૈરાગ્ય, ભક્તિ, વાસના ટાળવી વગેરે જુદા જુદા ઘણા વિષયોને ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં દૃષ્ટાંતો આપી દૃઢાવ્યા છે. શબ્દ મર્યાદાને લીધે એ મહાસાગરમાંથી આપણે આચમન લઈને જ સંતોષ માનવો પડશે.

## દૃષ્ટાંતોની ચિત્રાત્મકતા

ભગવાન સ્વામિનારાયણ ઉત્તમ કક્ષાના વિઝ્યુલાઈઝર

હતા. એવા વિષયો કે જેની કલ્પના પણ માનવ-મનને ન આવી શકે તેને સમજાવવા તેઓ જે દૃષ્ટાંતો પ્રયોજતા, તેની થોડી પ્રસાદી માણીએ.

• **કાચની તેજાયમાન પૃથ્વી અને અક્ષરધામ:** ભગવાનનું અક્ષરધામ એક એવો વિષય છે કે જેમાં ધામમાં ગયા વગર તેની કલ્પના ન આવી શકે અને ધામમાં ગયા પછી કલ્પના કરવાની જરૂર જ ન રહે. ગઢડા પ્રથમ પ્રકરણ ૧૨મા વચનામૃતમાં દૃષ્ટાંત દ્વારા અક્ષરધામનું વર્ણન કરતાં શ્રીહરિ કહે છે: 'જેમ પર્વત-વૃક્ષાદિકે સહિત અને મનુષ્ય, પશુ, પક્ષ્યાદિકની જે આકૃતિ તેણે સહિત એવી જે આ સમગ્ર પૃથ્વી તે કાચની હોય અને આકાશને વિષે જે સમગ્ર તારા તે સર્વ સૂર્ય હોય, પછી તેને તેજે કરીને તે સમગ્ર આકૃતિએ સહિત કાચની પૃથ્વી જેવી શોભે તેવી શોભાએ યુક્ત ભગવાનનું ધામ છે.'

• **સૂર્યનું મંડળ અને અક્ષરધામ:** ગઢડા મધ્ય પ્રકરણ ૪૨માં શ્રીહરિ કહે છે: 'અક્ષરબ્રહ્મ તો જેમ સૂર્યનું મંડળ છે તેમ છે. તે સૂર્ય જ્યારે માથે આવે ત્યારે સૂર્યને યોગે કરીને દસે દિશાઓ કલ્પાય છે, તેમ અક્ષરધામ છે.'

• **તારાઓનો પ્રકાશ અને ચિદાકાશ:** ચિદાકાશનો પ્રકાશ શીતળ અને શાંત છે. તે વર્ણવતાં વરતાલ ૯માં કહે છે: 'પૃથ્વી આદિક ચાર ભૂત વિના એકલો જ આકાશ હોય અને જેટલા તારા છે તેટલા ચંદ્રમા હોય ને તેનો જેવો પ્રકાશ થાય તેવો ચિદાકાશનો પ્રકાશ છે.'

• **બરછીની અણી, તલવાર અને જીવ:** જીવનું સ્વરૂપ કેવું છે તે સામે બેઠેલી ક્ષત્રિય પ્રજાને કેમ સમજાવવું? વચનામૃત કારિયાણી પ્રકરણના ૧માં શ્રીહરિ સમજાવે છે: 'જીવ બરછીની અણી જેવો સૂક્ષ્મ જણાય છે.' વળી, અનુમાનથી જીવ મોટો જણાય છે તે કેવી રીતે? શ્રીહરિ કહે છે: 'જેમ કોઈ દશ મણની તલવાર જોઈને અનુમાન કરે જે, 'એ તલવારનો ઉપાડનારો બહુ મોટો હશે.' તેમ એ સર્વ દેહ, ઇન્દ્રિયાદિકને એકકાળે પ્રકાશે છે, માટે એ જીવ બહુ મોટો છે; એવી રીતે અનુમાને કરીને વ્યાપક જીવ મોટો જણાય છે.

• **કાચનું તેજભર્યું પૂતળું અને નિરાવરણ દૃષ્ટિ:** નિરાવરણ દૃષ્ટિ મેળવીને આત્માકારે થયો તેને જેવો આત્મા છે તેવો જણાય છે. પરંતુ નિરાવરણ દૃષ્ટિ મેળવી ન હોય તેવા સભાજનો સમક્ષ પણ શ્રીહરિ આત્માનું વર્ણન તાદૃશ્ય કરી બતાવે છે: કાચનું મનુષ્યાકારે પૂતળું કર્યું હોય ને તેના સર્વે અવયવ કાચના હોય ને માંહીલી કોરે તેજ ભર્યું હોય તે જેવો ભૂંગળીનો અવકાશ હોય તે પ્રમાણે તેજ દેખાય પણ સમગ્ર નથી દેખાતું. (લો.૧૫)

• **કાચનું મંદિર અને સંકલ્પ:** સ્વપ્નસૃષ્ટિને વિષે જે અસ્થિરપણું ને ભ્રાંતપણું છે તે તો દેશને યોગે કરીને છે તે સમજાવતાં શ્રીહરિ કાચના મંદિરનું રૂપક પ્રયોજે છે. ગઢડા મધ્ય પ્રકરણ ૨૧માં તેઓ કહે છે: 'જેમ કાચનું મંદિર હોય તેમાં એક દિશે દીવો કર્યો હોય તો અનેક દીવા દેખાઈ આવે; તેમ કંઠ દેશને યોગે કરીને એક સંકલ્પ હોય તે અનંત રીતે દેખાય.'

## દલીલોની સચોટતા

ભગવાન સ્વામિનારાયણની દલીલો એવી તર્કબદ્ધ અને સચોટ છે કે શીરાની જેમ ગળે ઊતરી જાય.

ભગવાન સાકાર છે કે નિરાકાર તે જુગજૂની ચર્ચાનો એક સામાન્ય દલીલથી તેમણે અંત લાવી દીધો. 'ભગવાન થકી જ સર્વ સ્થાવર-જંગમ સૃષ્ટિ થાય છે, તે જો ભગવાન નિરાકાર હોય તો તે થકી સાકાર સૃષ્ટિ થાય કેમ? જેમ આકાશ નિરાકાર છે તો તે થકી જેવા પૃથ્વી થકી ઘટાદિક આકાર થાય છે તેવા થતા નથી.' (ગ.મ.૧૦)

દેશ-કાળાદિક આઠ તે કેવળ પૂર્વકર્મ ઉપર જ આધારિત છે તે નાસ્તિકના મતનું યુક્તિપૂર્વક ખંડન કરતાં ગઢડા પ્રથમ પ્રકરણ ૭૮માં તેઓ કહે છે: મારવાડને વિષે કેટલાક પુણ્યવાળા રાજા થયા છે તો તેને અર્થે સો હાથ ઊંડાં પાણી ઉપર આવ્યાં નથી. ત્યાં તો પાપી હોય કે પુણ્યવાળો, બંનેને દેશ પ્રમાણે ઊંડાં પાણી જ નીપજે.

ક્યારેક પોતાની વાત રજૂ કરવા માટે શ્રીહરિએ Assimilative psychologyનો પણ ઉપયોગ કર્યો છે. જેમ કે તેઓ પરમાત્માની અદ્વિતીયતા આ રીતે વર્ણવે છે: નારાયણ જેવા તો એક નારાયણ જ છે પણ બીજો કોઈ એ જેવો થતો નથી. એમ ન હોય તો આપણે આત્મનિષ્ઠા અને જ્ઞાનવૈરાગ્યાદિક ગુણે યુક્ત છીએ તો પણ એ નારાયણને પ્રસન્ન કરવા રાત-દિવસ ઉજાગરા કરી કીર્તન-નામસ્મરણ તે તાળીઓ વજાડી વજાડીને હાથની આંગળીઓ ફાટી જાય તેમ કરીએ છીએ તે નારાયણ જેવા થઈ જવાતું હોય તો એવડો દાખડો શું કરવા કરીએ? (લો.૧૩)

## દૃષ્ટાંતો અને વિજ્ઞાન

આજથી બસો વર્ષ પહેલાં પોતાનાં દૃષ્ટાંતોમાં શ્રીહરિએ જે વૈજ્ઞાનિક સિદ્ધાંતો વર્ણવ્યા છે તેમાં હજી એકવીસમી સદીનું વિજ્ઞાન પા પા પગલી માંડે છે. તેમનાં અમુક દૃષ્ટાંતોને વૈજ્ઞાનિક રીતે મૂલવવા માટે વિજ્ઞાનની જે તે શાખાની સૂઝ આવશ્યક છે. ગઢડા પ્રથમ પ્રકરણ ૪૬માં કહે છે: 'એવું કોઈ પદાર્થ નથી જે જેને વિષે આકાશ ન હોય. જેમ પૃથ્વીની એક રજ અતિઝીણી હોય તેને વિષે પણ

આકાશ છે, ને તેના કોટાનકોટી કટકા કરીએ પણ તેને વિષે આકાશ છે. પૃથ્વીની અતિ ઝીણી રજના કોટાનકોટી કટકા કરવાનું તે વખતે કોઈની કલ્પનામાં પણ કેવી રીતે આવે? અને તેમાં પણ આકાશ? કલ્પનાતીત!!

એ જ વચનામૃતમાં : 'પ્રકૃતિમાં જો અવકાશરૂપ આકાશ ન હોય તો જેમ વૃક્ષમાંથી ફળપુષ્પાદિ બહાર નીસરે છે ને જેમ ગાયના પેટમાંથી વાછડું બહાર નીસરે છે તેમ પ્રકૃતિમાંથી મહત્તત્વ નીસરે છે તે કેમ નીસરે?

શ્રીહરિ આધુનિક ભ્રૂણવિજ્ઞાન કે એમ્બ્રિયોલોજીનું કેટલું અદ્‌ભુત ઉદાહરણ પૂરું પાડે છે! જુઓ તેનો એક વધુ દાખલોઃ

ગઢડા પ્રથમ પ્રકરણ ૬૨માં આકાશની (તામસાહંકારથી ઉત્પન્ન થતા આકાશની, ચિદાકાશની નહીં) ઉત્પત્તિ ને લય કયા પ્રકારે છે તે સમજાવતાં શ્રીહરિ ફરીથી માતાના ઉદરમાં વિકસતા બાળકની વૈજ્ઞાનિક વાત માંડે છેઃ બાળક જ્યારે માતાના ઉદરમાં હોય ત્યારે તથા જન્મ સમયે હૃદય આદિક ઇન્દ્રિયોનાં છિદ્ર સૂક્ષ્મ હોય ને જેમ જેમ બાળક વૃદ્ધિ પામતો જાય તેમ તેમ તે છિદ્રની વૃદ્ધિ થતી જાય ને તેમાં આકાશ ઉત્પન્ન થતો જણાય. વૃદ્ધાવસ્થા વખતે છિદ્ર સંકોચને પામે ને તેમાં આકાશ લય થતો જણાય તેમ જ્યારે વિરાટ દેહ ઊપજે ત્યારે...

હૃદય અને હૃદયમાં રહેલા જીવાત્માની વાત શ્રીહરિ એવી રીતે રજૂ કરે છે કે તેમાં આધુનિક કાર્ડિયો-ફિઝિયોલોજીનું દર્શન થાય છેઃ પંચમહાભૂતના વિકારરૂપ એવું એક હૃદયને વિષે માંસનું ચક્ર છે, ને તેને વિષે જીવ કેવી રીતે રહ્યો છે તો જેમ તેલથી પલાળેલા ચીંથરાના ટુકડાને અગ્નિથી સળગાવ્યો હોય તેમ, ને જેમ લોઢાના ખીલામાં અગ્નિ વ્યાપી રહ્યો હોય તેમ તે માંસના ચક્રને વિષે જીવ વિશેષ સત્તાએ કરીને વ્યાપીને રહ્યો છે ને સામાન્ય સત્તાએ કરીને બધા દેહને વિષે વ્યાપીને રહ્યો છે. (ગ.અં.૪)

અહીં શ્રીહરિ હૃદયના સાયનો-એટ્રિયલ નોડની વાત કેટલી વૈજ્ઞાનિક પદ્ધતિથી કરે છે!

આવાં તો અનેક વૈજ્ઞાનિક તથ્યો વચનામૃતમાં સમાયાં છે, જેનો આધુનિક વિજ્ઞાનીઓએ શ્રીહરિ પછી કેટલાંય વર્ષો બાદ આવિષ્કાર કર્યો છે!

## ઉપસંહાર

અને અંતમાં વચનામૃતના પ્રખર અભ્યાસી પરમ ભક્તરાજ હર્ષદભાઈ દવેનું એક વાક્ય લખી વિરમું છુંઃ

'વચનામૃતનો ગ્રંથ સમગ્રપણે જીવને બ્રહ્મસ્થિતિના ઉચ્ચતમ સ્તરે પહોંચાડવાની સાધનાનો જ ગ્રંથ છે, જે જીવનને સ્પર્શી જાય છે. તેથી આ ગ્રંથને Applied philosophyનો ગ્રંથ પણ કહી શકાય.' (વચનામૃતની તત્ત્વચર્ચા લે. હર્ષદરાય ત્રિ. દવે સ્વામિનારાયણ સંત સાહિત્ય, પાના નં. ૫૩) ◆


નૂતન પ્રકાશન

પ્રકાશિત થઈ ચૂક્યો છે વિસ્તૃત જીવનચરિત્ર શૃંખલાનો ત્રીજો ભાગ

**બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રમુખસ્વામી મહારાજ**

**વિસ્તૃત જીવનચરિત્ર ભાગ-૩**

₹ ૨૦૦/-




બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એટલે અહંશૂન્ય, સરળ અને સાધુતાસભર આધ્યાત્મિક વ્યક્તિત્વ. આ વિશ્વવંદનીય સંતવિભૂતિની દિવ્ય જીવનગાથાનું આચમન કરાવતી ગ્રંથશ્રેણીનું આ તૃતીય પુષ્પ મુંબઈ ખાતે ઊજવાયેલા પ્રમુખસ્વામી મહારાજના ૯૮મા જન્મોત્સવે પ્રકાશિત થઈ ચૂક્યું છે. આ પુષ્પમાં સન ૧૯૭૫ થી સન ૧૯૭૮ સુધીનાં તેમનાં જીવનવર્ષોનું ચરિત્રલેખન પ્રસ્તુત કરવામાં આવ્યું છે.

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અંતર્ધાન થયા પછી સ્વામીશ્રી થોડા જ સમયમાં નિ:સ્વાર્થ સ્નેહવર્ષા અને પ્રચંડ પુરુષાર્થથી લાખો ભક્તોના જીવનપ્રાણ બની ગયા હતા. સ્વામીશ્રીએ ગુજરાતનાં છેવાડાનાં ગામડાંઓથી માંડીને સંસ્કૃતિનાં સનાતન મૂલ્યોના પ્રસારણ માટે કરેલા વિદેશ સત્સંગ-પ્રવાસમાં કઠિન પુરુષાર્થની અજોડ ગાથાનું સ્મરણ આ ગ્રંથ-પુષ્પમાં કરીએ.

**આવો, પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવે આ ગ્રંથ શ્રેણીનું વાંચન કરીને ગુરુહરિનાં ચરણોમાં વિશેષ ભક્તિ-અર્ઘ્ય અર્પણ કરીએ...**

**લેખક : સાધુ આદર્શજીવનદાસ**

સ્વામિનારાયણ અક્ષરપીઠનાં વિક્રય કેન્દ્ર પરથી આજે જ વસાવીએ...

## સુરતનું બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર આંતરરાષ્ટ્રીય હરોળમાં... 

હાર્દિક અભિનંદન

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર સુરત, ISO 9001:2015 Certification Processમાંથી સફળતાપૂર્વક પસાર થયું છે. જેના પરિણામ સ્વરૂપે International Organization for Standardization, Geneva, Switzerland તરફથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિરને ISO Certificate એનાયત કરવામાં આવેલ છે. આ સર્ટિફિકેટ ઉચ્ચ ગુણવત્તા, કાર્યક્ષમતા તથા કાર્યદક્ષતા અને તેમાં સતત ઉત્તરોત્તર સુધારા કરવાની કટિબદ્ધતા માટે આપવામાં આવે છે. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર હવેથી આંતરરાષ્ટ્રીય ગુણવત્તાનાં ધારાધોરણો મુજબની કાર્યશૈલી ધરાવતી સંસ્થાઓની હરોળમાં સ્થાન પ્રાપ્ત કરે છે. તે સુરત તેમજ ગુજરાતની ખૂબ જ ઓછી શાળાઓ અને આ સિદ્ધિ પ્રાપ્ત કરી શકી છે. પરમ પૂજ્ય સ્વામીશ્રીના આશીર્વાદ તથા સ્કૂલના સમર્પિત સ્ટાફની મહેનતને કારણે એકદમ ટૂંકા ગાળામાં આ સિદ્ધિ પ્રાપ્ત થયેલી છે. આ ગૌરવવંતી સિદ્ધિ બદલ શાળા પરિવારને હાર્દિક અભિનંદન. ◆

## અક્ષરવાસ


બી.એ.પી.એસ. પરિવારના અક્ષરનિવાસી હરિભક્તોને હાર્દિક શ્રદ્ધાંજલિ...

### ભક્તરાજ નટવરલાલ મણિલાલ ભટ્ટ, વડોદરા, ઉં.વ. ૬૯, અક્ષરવાસ તા. ૨૩-૧૧-૨૦૧૯



મૂળ ઠીકરિયાના વતની અને બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના કૃપાપાત્ર અને સમર્પિત ભક્તરાજ શ્રી મણિલાલ ભટ્ટ(સલાડવાળા)ના સુપુત્ર શ્રી નટવરલાલ ભટ્ટને વારસામાંથી સત્સંગ પ્રાપ્ત થયો હતો. તેઓના જીવનમાં નિષ્ઠા, સંસ્થા પ્રત્યેનું મમત્વ, સત્સંગનો પક્ષ અને મહિમાની ભાવના અતિ દૃઢ હતાં. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના ખૂબ જ કૃપાપાત્ર ભક્તની ખૂબ સંભાળ લઈને પ્રમુખસ્વામી મહારાજે તેમના પર અપાર વાત્સલ્ય વરસાવ્યું હતું. શ્રી નટવરભાઈ ભટ્ટે પોતાના સુપુત્રને સ્વામીશ્રીનાં ચરણે અર્પણ કરીને(હાલ પૂજ્ય શ્રીજીકીર્તનદાસ સ્વામી), જીવનના છેલ્લા શ્વાસ સુધી સત્સંગમાં સેવારત રહીને યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ તેમજ પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજની ખૂબ પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ... ◆

### ભક્તરાજ વિઠ્ઠલભાઈ નરસિંહભાઈ પટેલ, હુબલી, ઉં.વ. ૮૪, અક્ષરવાસ તા. ૮-૧૨-૨૦૧૯



મૂળ ઈસણાવના વતની અને સન ૧૯૫૫થી કર્ણાટકના હુબલી શહેરમાં સ્થાયી થયેલા શ્રી વિઠ્ઠલભાઈ પટેલ સન ૧૯૭૨થી સત્સંગના યોગમાં આવ્યા હતા. તે અરસામાં હુબલીમાં સત્સંગની શરૂઆત હોવાથી અહીં વિચરણ અર્થે પધારતા ગુરુવર્યો અને સંતો માટે તેઓનું નિવાસસ્થાન વર્ષો સુધી ઉતારાસ્થાન બની રહ્યું હતું. બી.એ.પી.એસ.નાં અનેક મંદિરોના બાંધકામ માટે જરૂરી સીસમ અને સાગના લાકડાની ખરીદીમાં તેઓનું વિશેષ યોગદાન સમાયેલું હતું. હુબલીમાં ગુજરાતી સમાજના પ્રમુખપદે વર્ષો સુધી રહીને સમાજના વિકાસમાં અમૂલ્ય યોગદાન આપ્યું હતું. અંત ઘડીએ મહંત સ્વામી મહારાજના આશીર્વાદ સાથે જ તેઓ અક્ષરધામમાં બિરાજી ગયા હતા. તેઓના અક્ષરવાસથી હુબલીના સત્સંગમંડળ અને ગુજરાતી સમાજને એક શ્રેષ્ઠીની ખોટ પડી છે. તેઓને હાર્દિક શ્રદ્ધાંજલિ... ◆

### ભક્તરાજ કાંતિભાઈ છગનભાઈ બારોટ (કે.સી.બારોટ), બોરસદ, ઉં.વ. ૮૯, અક્ષરવાસ તા. ૭-૧-૨૦૨૦



મૂળ નડિયાદના વતની અને છેલ્લા છ દાયકાથી બોરસદમાં સ્થાયી થયેલા પ્રો. કે. સી. બારોટ સંસ્કૃતના વિદ્વાન અધ્યાપક હતા. સન ૧૯૫૭માં તેઓને સત્સંગનો યોગ થયો હતો. તેઓ એક પ્રભાવશાળી વક્તા અને પ્રવક્તા તરીકે શૈક્ષણિક જગતમાં અને સત્સંગ સમાજમાં જાણીતા હોવાથી વખતોવખત યોગીજી મહારાજ તેઓને સત્સંગ સભાઓમાં પ્રવચન કરવાની આજ્ઞા કરતા હતા. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી તેમણે બોચાસણ અને સારંગપુરના સંતોને સંસ્કૃતનું અધ્યાપન કરાવવાની સેવા કરી હતી. બોરસદ સત્સંગના વિકાસ માટે પણ તેઓએ અથાગ પ્રયત્નો કર્યા હતા. પ્રમુખસ્વામી મહારાજે ઘણી વખત તેમના ઘરે પધરામણી કરી હતી. સત્સંગના અમૂલ્ય વારસાનું પોતાના સ્વજનોમાં એવું દૃઢ સિંચન કર્યું કે આજે પણ કુટુંબીજનો સત્સંગમાં સમર્પિત છે. તેઓએ ગુરુવર્યોની ખૂબ પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. તેઓના અક્ષરવાસથી વિદ્વાન ભક્તરાજની અપૂરણીય ખોટ પડી છે. તેઓને હાર્દિક શ્રદ્ધાંજલિ... ◆

### ભક્તરાજ સામતસિંહ દીપસિંહ સોલંકી, બદલપુર, ઉં.વ. ૧૦૦, અક્ષરવાસ તા. ૧-૧૨-૨૦૧૯



બદલપુર સત્સંગમંડળના પાયાના ભક્ત શ્રી સામતસિંહ દીપસિંહ સોલંકીએ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજની ખૂબ સેવા કરીને તેમને પ્રસન્ન કર્યા હતા. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ આ ગામમાં વારંવાર સત્સંગ અર્થે પધારતા ત્યારે અનેકવાર તેઓના આગમન અને પ્રસ્થાન માટે ગાડું હંકારવાની સેવા શ્રી સામતસિંહે કરી હતી. બદલપુર મંડળમાં છેલ્લા કેટલાય દાયકાથી અવિરત સેવા કરીને તેમણે મહંત સ્વામી મહારાજ સહિત તમામ ગુણાતીત ગુરુવર્યોનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. આ શતાયુ ભક્તરાજને શ્રદ્ધાંજલિ. ◆

## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, બોડેલી | શાળા પ્રવેશ અંગે, સ્ટાફ અંગે

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, બોડેલી ખાતે જૂન ૨૦૨૦ થી શરૂ થતા નવા સત્રમાં ધોરણ ૬ થી ૧૨ (સાયન્સ તથા કોમર્સ) ગુજરાતી માધ્યમની પ્રવેશ પ્રક્રિયા ચાલુ થઈ ગઈ છે. આ શાળામાં અનુભવી શિક્ષકો દ્વારા કોચિંગ આપવામાં આવતું હોવાથી છેલ્લાં ત્રણ વર્ષથી એસ.એસ.સી.નું પરિણામ ૧૦૦ ટકા આવે છે. આ વર્ષથી ધોરણ ૧૧-૧૨ના વિદ્યાર્થીઓને JEE/NEET ની સંપૂર્ણ તૈયારી કરાવવામાં આવશે.

**સ્ટાફ અંગે:** આ વિદ્યાલયમાં નવા સત્ર માટે ગુજરાતી માધ્યમ માટે ધોરણ ૬ થી ૧૨ સાયન્સમાં JEE/NEET ભણાવી શકે તેવા અનુભવી શિક્ષકો તથા છાત્રાલય માટે ગૃહપતિ, ક્લાર્ક, સુપરવાઈઝર, સંગીત તથા વ્યાયામના શિક્ષકોએ નીચેના સરનામે અરજી કરવી.

**સંપર્ક:** બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર બોડેલી, છોટા ઉદેપુર રોડ, બોડેલી - ૩૯૧૧૩૫

**મો.** ૯૭૨૩૧૬૩૩૦૦, ૯૩૨૭૫૬૫૬૭૬

## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, નાગપુર | શાળા-છાત્રાલયમાં પ્રવેશ અંગે

બી.એ.પી.એસ. સંસ્થાની શૈક્ષણિક પ્રવૃત્તિ અંતર્ગત નાગપુર ખાતે સુવિધાસજ્જ શાળા (CBSC બોર્ડ) અંગ્રેજી માધ્યમ) કાર્યરત છે. અહીં નવનિર્માણ પામેલ બી.એ.પી.એસ. છાત્રાલયમાં વિદ્યાર્થીઓને બૌદ્ધિક તથા શારીરિક વિકાસ સાથે સંસ્કારયુક્ત જીવનના પાઠો શીખવવામાં આવે છે. પ્રફુલ્લિત આધ્યાત્મિક વાતાવરણ, સાત્ત્વિક પોષણયુક્ત ભોજન, રહેવાની અને ભણવાની ઉત્તમ વ્યવસ્થા, ખેલકૂદ માટે ઇનડોર અને આઉટડોર વ્યવસ્થાઓ ઉપરાંત સંતોના માર્ગદર્શનથી વિદ્યાર્થીઓનું સર્વાંગી ઘડતર થાય છે.

**ધોરણ ૫ થી ૮માં પ્રવેશ અંગે:** વર્ષ ૨૦૨૦માં પ્રવેશ લેવા ઇચ્છતા વિદ્યાર્થીની ગત વર્ષે ભણેલા ધોરણના વિષયોની પ્રવેશ પરીક્ષા તા. ૧૫-૩-૨૦૨૦ થી ૩૦-૪-૨૦૨૦ દરમ્યાન લેવામાં આવશે. વિદ્યાર્થી અને માતાપિતાનો ઇન્ટરવ્યૂ લેવામાં આવશે, જેના આધારે જ પ્રવેશ આપવામાં આવશે. શાળા તથા છાત્રાલયમાં પ્રવેશ અંગેની વિશેષ માહિતી માટે છાત્રાલય ઑફિસનો સંપર્ક કરવો. (વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મળશે.)

**સંપર્ક:** બી.એ.પી.એસ. છાત્રાલય, શ્રી સ્વામિનારાયણ મંદિર, વાઠોડા રીંગ રોડ, નાગપુર, મહારાષ્ટ્ર - ૪૪૦૦૩૫.

**મો.** + ૯૧ ૯૫૬૧૧ ૧૨૪૯૫

## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય - વિદ્યાનગર તથા વિદ્યામંદિર, બાકરોલ | શાળા-છાત્રાલયમાં પ્રવેશ અંગે

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય, વલ્લભ વિદ્યાનગરમાં રહીને વિદ્યાર્થીઓ, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, બાકરોલમાં અંગ્રેજી(GSEB) તથા ગુજરાતી માધ્યમમાં ધોરણ ૧૧-૧૨(સાયન્સ અને કોમર્સ)માં સંસ્કાર યુક્ત શિક્ષણ મેળવી રહ્યા છે.

બાકરોલ વિદ્યામંદિરમાં JEE/NEETનું શિક્ષણ ધોરણ ૮ થી ધો. ૧૨ સુધી આપવામાં આવે છે. આ વર્ષે વિદ્યામંદિરના ૬ વિદ્યાર્થીઓએ મૅડિકલ સાયન્સમાં પ્રવેશ મેળવ્યો છે.

**વિદ્યાનગર છાત્રાલયમાં વર્ષ-૨૦૨૦ના પ્રવેશ અંગે :** ધોરણ ૧૧ સાયન્સ અને કોમર્સમાં અભ્યાસ કરવા માંગતા વિદ્યાર્થીઓ માટે ધોરણ ૯ અને ૧૦ના આધારે પ્રવેશ પરીક્ષા (ગણિત, વિજ્ઞાન અને સત્સંગની પ્રશ્નોત્તરી) તથા ઇન્ટરવ્યૂના આધારે જ પ્રવેશ નક્કી થશે. **નોંધ:** ધોરણ ૯ની વાર્ષિક પરીક્ષાના પરિણામની નકલ તથા ધોરણ ૧૦ની પ્રિલિમિનરી પરીક્ષાના પરિણામની નકલ તથા વિદ્યાર્થીનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો સાથે લઈને આવવું.

**છાત્રાલય અને વિદ્યામંદિર માટે પ્રવેશ પરીક્ષા તથા ઇન્ટરવ્યૂ:** તા. ૨૨-૩-૨૦૨૦(રવિવાર) અને તા. ૨૯-૩-૨૦૨૦(રવિવાર)ના રોજ સવારે ૮-૦૦ કલાકે.

**સ્થળ:** બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય (APC), ભાઈકાકા માર્ગ, વલ્લભ વિદ્યાનગર - ૩૮૮૧૨૦

**સંપર્ક:** મેહુલભાઈ પટેલ, મો. ૯૯૯૮૯૯૦૨૩૦

**બાકરોલ ખાતે વિદ્યામંદિરમાં ધો. ૬ થી ૧૦ (અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમ) અને ધોરણ ૧૧-૧૨ સાયન્સ (અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમ) અને ધો. ૧૧-૧૨ કોમર્સ(ગુજરાતી માધ્યમ) માટે પ્રવેશ ચાલુ છે.**

**સ્થળ:** બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, બાકરોલ ગેઈટ પાસે, બાકરોલ. **મો.** ૬૩૫૨૮૫૨૫૩૭, ૯૯૯૮૪૩૩૫૫૭

## જ્યાં ભગવાન સ્વામિનારાયણે વચનામૃતો ઉદ્‌બોધ્યાં છે એવા તીર્થધામ ગઢપુરમાં મહંત સ્વામી મહારાજની નિશ્રામાં

# વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ

### તા. ૧૦-૩-૨૦૨૦, પુષ્પદોલોત્સવ, ગઢડા

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણે ૨૫ વર્ષ સુધી રહીને જે ભૂમિને દિવ્ય તીર્થરૂપ બનાવી છે અને જ્યાં વચનામૃતો ઉદ્‌બોધ્યાં છે, એવા તીર્થધામ ગઢડામાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં વચનામૃત ગ્રંથનો દ્વિશતાબ્દી મહોત્સવ અને પુષ્પદોલોત્સવ દિવ્યતા અને ભવ્યતાથી ઊજવાશે. **પુષ્પદોલોત્સવના પવિત્ર દિને તા. ૧૦ માર્ચ, ૨૦૨૦(ફાગણ વદ ૧)ના રોજ** ગઢડામાં ઊજવાનાર આ અણમોલ અવસરનો લાભ લેવા આપ સૌને હાર્દિક નિમંત્રણ છે. આ ઉત્સવનો લાભ લેવા પધારનારા હરિભક્તોની સુવિધા સારી રીતે સચવાય તે માટે કેટલીક અગત્યની સૂચનાઓ ધ્યાનમાં લેવા વિનંતી.

- વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ તથા પુષ્પદોલોત્સવ તા. ૧૦-૩-૨૦૨૦, ફાગણ વદ ૧, મંગળવારના રોજ **સાંજે ૫:૦૦ થી ૮:૦૦** દરમ્યાન ઊજવાશે.
- તે પૂર્વે, તા. ૬-૩-૨૦૨૦ થી તા. ૯-૩-૨૦૨૦ દરમ્યાન વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવના ઉપક્રમે પંચદિવસીય કાર્યક્રમો યોજાશે, જેનો લાભ ગઢડા તેમજ આસપાસનાં વિસ્તારના હરિભક્તો જ લેશે. મહિલા સંમેલન, ગઢપુર સર્વસમાજ અગ્રણીના પ્રતિષ્ઠિતોનું બહુમાન, નગરયાત્રા, સંતસંમેલન, વચનામૃત તુલા વગેરે વિવિધ કાર્યક્રમો આ દિવસો દરમ્યાન યોજાશે. સૌએ ખાસ નોંધ લેવાની કે આ દિવસો દરમ્યાન પણ ગઢડામાં ઉતારાની કોઈ સુવિધાઓ ઉપલબ્ધ નથી.
- મહોત્સવના દિવસે સૌ હરિભક્તો માટે મહાપ્રસાદની વ્યવસ્થા ઉત્સવ-સ્થળે એટલે કે 'સ્વામિનારાયણ નગર'માં બપોરે ૨:૦૦ વાગ્યા સુધી રાખેલી છે. આ દિવસે સારંગપુર કે અન્ય મંદિરોમાં મહાપ્રસાદની વ્યવસ્થા થઈ શકશે નહીં.
- મહોત્સવની મુખ્ય સભા માટે સભાસ્થળે પ્રવેશ બપોરે ૩:૦૦ વાગ્યા પછી પ્રાપ્ત થશે.
- જેમને ભીડમાં તકલીફ પડે તેવા અતિવૃદ્ધ અને અશક્ત હરિભક્તો ઉત્સવમાં ન આવે એ ઇચ્છનીય છે. તેઓ મહોત્સવનું જીવંત પ્રસારણ ઘરે બેઠાં માણી શકશે.
- ગુજરાતના હરિભક્તો મહોત્સવના દિવસે નીકળી ઉત્સવ સમયે ગઢડા પહોંચી શકશે. આથી ગુજરાતના કોઈપણ હરિભક્તો માટે ઉત્સવના દિવસે ગઢડા કે સારંગપુરમાં ઉતારાની વ્યવસ્થા થઈ શકશે નહીં, મહોત્સવની વિશાળતાને અનુલક્ષીને આ પ્રકારની વ્યવસ્થા અનિવાર્ય છે. તેથી ઉતારા માટે આગ્રહ રાખવો નહીં.
- ફક્ત પરપ્રાંત અને પરદેશના હરિભક્તોને તા. ૯-૩-૨૦૨૦, સોમવારના દિવસે ઉતારા વિભાગ તરફથી ઉતારો પ્રાપ્ત થશે. આવનાર હરિભક્તો, ઉપર જણાવેલા દિવસ કરતાં વહેલા ન આવે તે ઇચ્છનીય છે.
- ઉતારા માટે www.baps.org વેબસાઇટ ઉપરથી તા. ૯-૨-૨૦૨૦, રવિવાર સુધીમાં ઉતારા રિક્વેસ્ટ ફોર્મ ભરી સબમીટ કરવાથી આપને રજિસ્ટ્રેશનનો કન્ફર્મેશન નંબર તથા કન્ફર્મેશન ઈમેલ પણ પ્રાપ્ત થશે. મોટી સંખ્યામાં ભક્તો પધારનાર હોવાથી ઉતારાની વ્યવસ્થા ગઢડા કે આજુબાજુના વિસ્તારોમાં કરવામાં આવશે. માટે આપનું વાહન અવશ્ય સાથે રાખવું.
- પરદેશથી કે પરપ્રાંતથી પધારનાર હરિભક્તોએ ગુજરાતમાં પોતાનું કે સંબંધીનું નિવાસસ્થાન હોય તો ઉતારો ત્યાં જ રાખવો. પરદેશ અને પરપ્રાંતથી પધારનાર હરિભક્તો ગુજરાતમાં રહેતા પોતાના સ્નેહીજનોને ઉતારા માટે પોતાની સાથે ન લાવે તે ઇચ્છનીય છે.

**સંપર્ક:**
**ફોન નંબર: + ૯૧ ૭૦૬૯૦૬૫૫૦૮**
Email: utara.gadhada@in.baps.org







**દક્ષિણ અમેરિકા ખંડના પ્રસિદ્ધ દેશ બ્રાઝિલના રાષ્ટ્રપ્રમુખ શ્રી જેઇર બોલ્સોનારોએ**
**દિલ્હી ખાતે સ્વામિનારાયણ અક્ષરધામમાં ભગવાન સ્વામિનારાયણને અર્પી અંજલિ...**

તા. ૨૪-૧-૨૦૨૦ના રોજ દક્ષિણ અમેરિકા ખંડના પ્રસિદ્ધ દેશ બ્રાઝિલના પ્રેસિડેન્ટ શ્રી જેઇર બોલ્સોનારોએ પોતાના ભારત ખાતેના કાર્યક્રમનો આરંભ દિલ્હીમાં સ્વામિનારાયણ અક્ષરધામની યાત્રાથી કર્યો હતો. ભારતના ૭૧મા પ્રજાસત્તાક દિનની શાનદાર ઉજવણીમાં મુખ્ય અતિથિ તરીકે પધારેલા પ્રેસિડેન્ટ શ્રી જેઇરનું બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા અને મહંત સ્વામી મહારાજ વતી સંતોએ સ્વાગત કર્યું હતું. બ્રાઝિલના ૮ મંત્રીશ્રીઓ, ૪ પાર્લામેન્ટ સભ્યો સહિત અન્ય ૫૦ રાષ્ટ્રીય મહાનુભાવોના ડેલિગેશને અક્ષરધામની યાત્રા માણીને અહોભાવ પ્રદર્શિત કર્યો હતો. શ્રી નીલકંઠવર્ણી અભિષેક તેમજ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે અંજલિ અર્પીને શ્રી જેઇરે જણાવ્યું હતું કે 'અક્ષરધામ અને આ સંસ્થા સાચા અર્થમાં નિઃસ્વાર્થ સેવા અને સમર્પણનું પ્રતીક છે. અક્ષરધામ ભારતીય પરંપરા, સંસ્કૃતિ, શાણપણ અને ભવ્યતાની દૃષ્ટિએ ખૂબ જ પ્રભાવક છે.'

Swaminarayan Prakash Gujarati, February-2020, Published on 1-2-2020. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Licenced to post without prepayment No. PMG/HQ/009/2018-20, Valid upto 31-12-2020. Regd No. GAMC-274/2018-2020, Valid upto 31-12-2020, RNI 33506/79.






**સુરતના ઉપનગર કણાદ ખાતે મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં વિરાટ ભક્તમેદની વચ્ચે ઉત્તરાયણ પર્વ**

ગુરુહરિ મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં સુરતના ઉપનગર કણાદ ખાતે ૩૫,૦૦૦ ભક્તોની મેદની વચ્ચે બ્રહ્મોત્સવ વગેરે વિવિધ કાર્યક્રમો શાનદાર રીતે યોજાઈ ગયા. તેમાંનો એક કાર્યક્રમ એટલે ઉત્તરાયણ પર્વ. સંપ્રદાયની પરંપરાગત શૈલીમાં સ્વામીશ્રીએ 'નારાયણ હરે...'ની આહ્લેક લગાવી ત્યારે સૌનાં હૃદય સમર્પણભાવથી ઝંકૃત થઈ ઊઠ્યાં હતાં.



Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas